। श्री स्वामिनारायणो विजयतेतराम् ।

પ.પૂ. ધ.ધુ. આદિ આચાર્ય

# શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ

રચિત

# કીર્તનાવલિ

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૧૪

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
૮ સર્વમંગલ સોસાયટી
નારણપુરા, અમદાવાદ-૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણ-કમળ દર્શાવ્યા છે. શ્રી ચરણકમળમાં સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે :

* જમણા ચરણકમળમાં નવ ચિહ્નો :

**સ્વસ્તિક** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે,

**અષ્ટકોણ** ઉત્તર - દક્ષિણ - પૂર્વ - પશ્ચિમ - અગ્નિ-ઈશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્ કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે,

**ઊર્ધ્વરેખા** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વી-કરણ દર્શાવે છે,

**અંકુશ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે,

**ધ્વજ** અથવા કેતુ સત્યસ્વરૂપ ભગવાનની વિજય પતાકા છે,

**વજ્ર** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે,

**પદ્મ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે,

જાંબુફળ ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે,

જવ અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

* ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો :

મીન સામા પ્રવાહે વહી ઉદ્ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે,

ત્રિકોણ જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે,

ધનુષ અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે,

ગોપદ ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે,

વ્યોમ ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે,

અર્ધચંદ્ર ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે,

કળશ ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલાં ભગત્સ્વરૂપનાં મંગલમય ચિહ્નોને દષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ સેવા-પ્રવૃત્તિઓ સદૈવ કરતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

। श्री स्वामिनारायणो विजयतेतराम् ।

પ.પૂ. ધ.ધુ. આદિ આચાર્ય

# શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ

રચિત

# કીર્તનાવલિ

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૧૪

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
૮ સર્વમંગલ સોસાયટી
નારણપુરા, અમદાવાદ-૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

## સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

સંશોધન – લેખન – સંકલન કર્તા

પ્રકાશન સમિતિ

નારાયણભાઈ ઠક્કર
લાભચંદ્રભાઈ આદેશરા
રામકૃષ્ણભાઈ સોમૈયા
બિપિનભાઈ સ્વદાસ
હીરાભાઈ પટેલ
બાબુભાઈ વડોદરીઆ
કાન્તિભાઈ ગાંધી
જિતેન્દ્રભાઈ વ્યાસ

© શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ)

આવૃત્તિ પહેલી
પ્રત ૧૫૦૦

સં. ૨૦૪૫, વૈશાખ સુદ ૧૫
૧૯૮૯, વીસ મે


પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
૮ સર્વમંગલ સોસાયટી
નારણપુરા, અમદાવાદ ૩૮૦૦૧૩

મુદ્રક :
પરેશ કાંતિલાલ ગાંધી
સર્વોદય પ્રેસ
ટે : ઘ. ૪૦૩૦૪૦ ઓ. ૩૫૪૩૪૨
લેન નં. ૧૧, બં. નં. ૨૨૨
સત્યાગ્રહ છાવણી, અમદાવાદ–૫૪

"આત્મામા પરમાત્માને અખંડ જોઈ રહે ત્યારે કાંઈ કરવું ન રહ્યું."

—સ.ગુ. ગોપાળાનંદ સ્વામી

પ. પૂ. ધર્મધુરંધર આદિ આચાર્ય



શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ

"આવો અવસર આવ્યો છે તેને પામીને ભગવાન વિના બીજા પદાર્થનું ચિંતવન મૂકીને એક ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરવું."

—ભગવાન સ્વામિનારાયણ

[વચનામૃત ગ. મ. ૪૮]

# અર્પણ

અનંતકોટિ મુક્તોના સ્વામી અને સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનના ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા, એ દિવ્ય સ્વરૂપનું સર્વોપરીપણું સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિ મુક્તોની સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા – આ રીતે સમગ્ર સત્સંગ પર મહદ્ ઉપકાર કરનારા

પરમ કૃપાળુ

**અનાદિ મુક્તરાજ પ. પૂ.**

**શ્રી અબજીબાપાશ્રીના**

ચરણકમળોમાં સાદર

સમર્પિત.



અનાદિ મુક્તરાજ પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી

# સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન એક એવી ગ્રંથ-શ્રેણી પ્રકાશિત – સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાંચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમ સુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિના સાધન બની ન રહેતાં, માનવીય આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે. સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્યસુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા તે માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે અને પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવું પ્રેરણાદાયી સાહિત્ય સર્જન કરવાનું છે.

માનવજાતના સાચા આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષ માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને જીવનને સતત ઊર્ધ્વ

બનાવી આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વ સમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનના **'વચનામૃતમ્'** તથા **'શિક્ષાપત્રી'**માં તત્ત્વજ્ઞાનનું જે ઊંડાણ છે તે અનન્ય છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા ઉત્તમ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

આ ગ્રંથોમાં સાચી સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વ જનો – પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા આદર્શો ને જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાત્રી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ સિદ્ધાંતો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઈચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીના પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્ય ભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીના પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઈચ્છીએ છીએ અને મિશનના આ કાર્યમાં શ્રીજી-કૃપા ભળે એ જ અભ્યર્થના.

શ્રીહરિ જયંતી
૧૯૮૬, અઢાર એપ્રલ
અમદાવાદ

**નારાયણભાઈ ઠક્કર**
પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

# નિવેદન

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યને અનુસંધાન ધરાવતું આ એક પ્રેરણાદાયી પ્રકાશન "આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રચિત કીર્તનાવલિ" જ્ઞાનપિપાસુ સમાજ સમક્ષ રજૂ કરતાં અમને આનંદ થાય છે.

શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વપ્રથમ ઉત્તરાધિકારી આદિ આચાર્ય હતા. તેમની આધ્યાત્મિક સ્થિતિ દિવ્યભાવથી ભરપૂર હતી. તેમનું જીવન પવિત્ર ભાગીરથી ગંગા જેવું પાવનકારી હતું. આવા એ જીવનનું એક પાસું હતું જે સત્સંગમાં ચેતનાના પ્રવાહો વહેતા મૂકવામાં કારણભૂત બન્યું હતું; તે હતી તેમની કીર્તન-ભક્તિ. ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનો જે અદ્‌ભુત આનંદ પોતે અનુભવતા હતા તે તેમણે કવિતામાં રેડયો અને કીર્તનોની રચના કરી. એવા કીર્તનોનો એક સંગ્રહ અત્રે પ્રકાશનરૂપે રજૂ કરવામાં આવ્યો છે.

આ 'કીર્તનાવલિ'ના વાચનમાંથી જણાય છે કે ભક્તિ-રસના ફુવારાઓ સંગીતશાસ્ત્રના નિયમો અને સ્વરૂપોમાં પરોવાયેલા છે. વિવિધ રાગ-રાગિણીઓમાં – શૈલીઓમાં મધુરતા અને ભક્તિના હર્ષોલ્લાસને વાચા આપવામાં આવી છે. તેથી આ 'કીર્તનાવલિ' ભક્તજનોને ખૂબ ગમશે, તે જ રીતે સંગીતશાસ્ત્રના જાણકાર કે વિશારદને પણ આનંદ આપે એવી છે આદિ આચાર્યશ્રીના પ્રભાવશાળી વ્યક્તિત્વની આ બાજુ બહુ પ્રસિદ્ધ થઈ નથી તે તેમની લાક્ષણિક નમ્રતા અને મોટાઈ ઢાંકીને વર્તવાની રીતને આભારી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપ સાથે આચાર્ય મહારાજશ્રીને એકાત્મતા હતી. તે અનુભવ ભાષામાં મૂકવાનું કાર્ય કાવ્યસ્વરૂપમાં મૂકી તેમણે પોતાનું સ્થાન શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઉત્તમ કવિઓમાં સ્પષ્ટ કર્યું છે. ભગવાનના સ્વરૂપ, મહિમા, ભક્તિભાવ, ઉત્સવોનો આનંદ —આવા વિવિધલક્ષી કીર્તનો રચવામાં સહજભાવ જણાઈ આવે છે, જાણે કે અંદર ઉમટતો ભક્તિસાગર ઉલેચીને આ કીર્તનોમાં ઠાલવ્યો છે! એમ કહેવું અતિશયોક્તિ નહિ ગણાય કે આ કીર્તનોની રચના ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપને પામવાનું સુલભ સાધન છે.

આચાર્યશ્રીને સંતકવિ સદ્ગુરુ શ્રી ભૂમાનંદ સ્વામી સાથે ખૂબ સ્નેહ હતો. આ ભાવનામાંથી શ્રીજીમહારાજના બાળ સ્વરૂપના લીલા ચરિત્રોનો પદ્યગ્રંથ "શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર" સર્જયો હતો. આ હકીકત પાછળ આચાર્યશ્રીની સંગીત વિષેની કુદરતી અભિરુચિ જણાઈ આવે છે. આ 'કીર્તનાવલિ'માં સ્વરચિત સર્જનો દ્વારા ઉત્તમ પ્રકારનો ભક્તિ-ભાવ અને સંગીતશાસ્ત્રનું ઊંડું જ્ઞાન મઢી લેવાયું છે.

આચાર્ય મહારાજશ્રી પોતે આ કીર્તનો ગાતા અને ગવરાવતા. તેનો પુનિત પ્રવાહ સત્સંગમાં વહેતો થયો હતો અને ભક્તિરસના કોમળ તાંતણે ભગવાનના આશ્રિતોને બાંધી રાખ્યા હતા. આવા આ અનુપમ કાવ્યગ્રંથને સત્સંગ સમક્ષ રજૂ કરતાં, અમે પરમ પૂજ્યપાદ આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને કોટાનૂ કોટિ વંદન કરી કૃતકૃત્યતા અનુભવીએ છીએ. સર્વ ભક્તજનો આ પ્રકાશનનો લાભ લઈ, આચાર્યશ્રીના પ્રત્યક્ષ સમાગમ તુલ્ય આ કીર્તનો દ્વારા દિવ્યાનંદ અનુભવશે.

આ 'કીર્તનાવલિ' પ્રથમ ગુટકારૂપે સંવત ૧૯૩૫માં છપાવીને ધ.ધુ. આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજે પ્રસિદ્ધ કરી હતી. આ કાવ્યકૃતિ લાંબા સમયથી અપ્રાપ્ય થવાથી, શ્રીહરિની મૂર્તિના દિવ્યભાવનાં આ કીર્તનોનો લાભ સત્સંગમાં ફરી સૌને મળે એ શુદ્ધ ભાવનાથી તેનું પુન:પ્રકાશન મૂળ પ્રત મુજબ જ કરવામાં આવ્યું છે, એ માટે અમે પ.પૂ. ધ.ધુ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજ પ્રત્યે વિનમ્ર ભાવે ઋણ વ્યક્ત કરીએ છીએ અને શ્રીજીમહારાજ, ધ.ધુ. આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા સમગ્ર સત્સંગની પ્રસન્નતા અર્થે પ્રસાદીરૂપ આ કીર્તનાવલિ છપાવી પ્રસિદ્ધ કરેલ છે.

આ પ્રકાશનનાં કાર્યમાં મદદગાર થયેલા સૌ કોઈ ઉપર પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની વધુ ને વધુ પ્રસન્નતા ઉતરો એ જ પ્રાર્થના!

સં. ૨૦૪૫, વૈશાખ સુદ ૧૫ — પ્રકાશન સમિતિ
૧૯૮૯, વીસ મે — શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
અમદાવાદ

# પ.પૂ. ધર્મધુરંધર આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનું સંક્ષિપ્ત જીવનવૃત્તાંત

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના દીક્ષાગુરુ સ.ગુ. શ્રી રામાનંદ સ્વામી પાસેથી ઉદ્ધવ સંપ્રદાયનું આચાર્યપદ સ્વીકાર્યું તે બાદ ધર્મની આભા અને ભક્તિનો દિવ્ય રસ સર્વત્ર ફેલાયાં. સર્વાવતારી મહાપ્રભુના દર્શન, વિચરણ અને જ્ઞાનપ્રવાહમાં એક અવનવું સર્વાંગી આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું, જેને 'સત્સંગ'ની સર્વગ્રાહી સંજ્ઞામાં સમાવી લેવામાં આવ્યું. તે સત્સંગનું કાર્ય સ્વયં શ્રીહરિએ પોતાના મનુષ્ય-દેહના સમય દરમિયાન ગતિમાન થાય એવી ઉચ્ચ પ્રણાલિકાઓ ચલાવી તેમજ તે માટે જરૂરી રચનાઓ કરી. તેમાંની એક રચના હતી વહીવટી-વ્યવસ્થા માટેની. આ યોજના હેઠળ સમગ્ર ભારતવર્ષની રચનાના ઉત્તર અને દક્ષિણ એમ બે વિભાગ બનાવ્યા. સંપૂર્ણ સંતુલન જળવાય એ રીતે આ વિભાગો ભગવાને પોતે બનાવ્યા; તેનો લેખ કરાવ્યો, જેને "દેશ વિભાગના લેખ" તરીકે ઓળખાવ્યો.

આ બે દેશના વહીવટની સંભાળ માટે બે આચાર્યો સ્થાપ્યા, જેમને પોતાના દત્તપુત્રો તરીકે શાસ્ત્રોક્ત રીતે લીધા. ઉત્તર વિભાગનું મથક અમદાવાદમાં શ્રી નરનારાયણ દેવની ગાદી સ્થાપી ત્યાં રાખ્યું અને દક્ષિણ વિભાગનું મથક ચરોત્તરમાં વડતાલ ગામે શ્રી લક્ષ્મીનારાયણ દેવની ગાદી સ્થાપી ત્યાં રાખ્યું.

આ બંને આચાર્યો પોતે લીધેલા દત્તપુત્રો હતા. વડીલ બંધુ શ્રી રામપ્રતાપજી મહારાજના ત્રીજા નંબરના સુપુત્ર શ્રી અયોધ્યાપ્રસાદજીને અમદાવાદ શ્રી નરનારાયણ દેવની

ગાદીના આચાર્ય તરીકે અને લઘુ બંધુ શ્રી ઈચ્છારામજી મહારાજના ચોથા નંબરના સુપુત્ર શ્રી રઘુવીરજીને વડતાલની શ્રી લક્ષ્મીનારાયણ દેવની ગાદીના આચાર્ય તરીકે નિયુક્ત કર્યા.

સંવત ૧૮૮૨ ના કાર્તિક સુદ એકાદશીના પવિત્ર દિવસે આ બંને આચાર્યોને ભગવાને પોતાના અમોઘ આશીર્વાદ સાથે સ્થાપિત કરી પોતાના ઉત્તરાધિકારી બનાવ્યા. તેની સવિસ્તર વિધિ 'દેશ વિભાગના લેખ' અનુસાર થઈ.

પ.પૂ. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનો જન્મ સં. ૧૮૬૫માં જેઠ સુદ એકાદશીના પવિત્ર દિવસે થયો હતો. તે વખતે શ્રીજીમહારાજ અઠ્ઠાવીસ વર્ષની વયે પશ્ચિમ દેશમાં સત્સંગનાં ઊંડાં મૂળ નાંખવામાં પ્રવૃત્ત હતા. આચાર્ય-પદ પર સ્થાપિત થયા ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજની ઉમર અઢાર વર્ષની હતી. આ પદ બેંતાલીસ વર્ષ સુધી શોભાવી, તેઓશ્રીએ પોતાના પ્રભાવશાળી વ્યક્તિત્વ અને વિસ્તૃત વિચરણ દ્વારા સત્સંગરૂપી ઉદ્યાનને પ્રફુલ્લિત અને મહેકતો કર્યો.

પ.પૂ. મહારાજશ્રીના જીવન વૃત્તાંતમાં એક ગ્રંથ બને એટલા પ્રસંગો છે, પરંતુ અત્રે સ્થળ સંકોચને કારણે તેઓશ્રીના જીવનના મહત્ત્વના થોડા પ્રસંગો આલેખીશું.

આચાર્યનું નિવાસસ્થાન અમદાવાદમાં તે સમયે ગૌશાળા નજીક હોવાના કારણે ત્યાં કોઈ કોઈ વાર વીંછી ઘૂસી આવતા. આવા એક પ્રસંગે મહારાજશ્રી માનસીપૂજામાં ધ્યાનસ્થ હતા ત્યારે પોતે ઓઢેલા ઉપવસ્ત્રમાં વીંછી ચડી ગયો અને કેટલેક ઠેકાણે શરીર પર ડંખ માર્યા. તેની અસર કોઈને જણાવા દીધા સિવાય મહારાજશ્રી સ્વસ્થ ચિત્તે ધ્યાનમાં લીન રહ્યા ! પૂજામાંથી ઊઠ્યા બાદ સેવકને પૂછ્યું કે, "જુઓ ! લૂગડાંમાં શું છે ? ત્યારે પાર્ષદે જોયું તો વીંછી હતો ! આવી દેહથી પરની સ્થિતિ પરબ્રહ્મ ભગવાન સાથે મહારાજશ્રીના સાધર્મ્યપણાનું આપણને દર્શન કરાવે છે, જે ઉપશમ અવસ્થા કરતાં પણ

અધિક ગણાય. મહારાજશ્રીની આવી અલૌકિક સ્થિતિ હતી.

એક વાર મહારાજશ્રી ગામડી ગામમાં પધાર્યા હતા. ત્યાં પ્રેમી હરિભક્તોએ દૂધપાકની રસોઈ બનાવી હતી. તેમાં રસોઈ કરનારે ભૂલમાં સાકરને બદલે મીઠું નાંખી દીધેલું. આ રીતે તૈયાર થયેલી રસોઈ શ્રી ઠાકોરજીને ધરાવી સૌ પ્રથમ મહારાજશ્રીને જમાડવામાં આવી. મહારાજશ્રી લેશમાત્ર કોઈને જણાવ્યા વિના હંમેશ જમતા હતા તે પ્રમાણે અંતરવૃત્તિએ જમ્યા. આ વાતની પાછળથી જાણ થતાં સેવકોને અપાર દુઃખ થયું કે આમાં સેવા કરવાં જતાં અપરાધ થયો, પણ મહારાજશ્રીએ તે બાબત ગણતરીમાં જ ન લીધી ને સૌ પર પ્રસન્નતા જ જણાવી. આવી ઉત્તમ સાધુતા જોઈ સૌ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા અને પ.પૂ. મહારાજશ્રી પ્રત્યે અહોપણું અનુભવી રહ્યા. ધન્ય છે તેઓશ્રીની સાધુતાને!

આવી ઉત્તમ કોટિની મુક્તદશા હોવા છતાં સાદાઈ અને સરળતા મહારાજશ્રીમાં કેવી હતી તેનું એક દષ્ટાંત છે. સિદ્ધપુરમાં એક હરિભક્ત રણછોડલાલભાઈ નામે હતા. તેમણે ત્યાં મંદિર બાંધાવ્યું, જેમાં દ્રવ્ય પોતાનું વાપર્યું હતું. કોઈકે મહારાજશ્રીને ફરિયાદ કરી કે રણછોડલાલભાઈએ મંદિરનું ધાબું વાળીને બગાડ્યું ને ખર્ચ બહુ કર્યું. એ સાંભળી મહારાજશ્રી રણછોડલાલભાઈને લડ્યા અને અપમાન કર્યું. ત્યારે રણછોડલાલભાઈએ કહ્યું જે, "કૃપાનાથ! ઠાકોરજીના રૂપિયા હતા તે પહોંચ્યા એવું કર્યું." પછી કોઈક સંતે મહારાજશ્રીને સાચી હકીકત કહી કે મંદિર બાંધવાનો તમામ ખર્ચ રણછોડલાલભાઈએ પોતે આપ્યો છે. ત્યારે મહારાજશ્રી ખૂબ દીલગીર થયા અને રણછોડલાલભાઈ પ્રત્યે કહ્યું જે, "અમે જાણતા ન હતા તેથી તમારો અપરાધ થયો; ક્ષમા કરજો." તે સાંભળી રણછોડલાલભાઈએ કહ્યું જે, "મહારાજ! આમાં તો આપે શું કહ્યું છે? પણ ખાસડાં મારો તોપણ

ખંખેરીને પાછા આપું તો હું તમારો દાસ ખરો!" કેવા ઉત્તમ કોટિના વિનમ્ર ને સરળ આચાર્યશ્રી અને દિવ્યભાવની મૂર્તિસમા કેવા હરિભક્ત! શ્રીજીમહારાજનો યોજેલો સત્સંગ આવા અનુકરણીય ઉજ્જવળ વર્તાવના દષ્ટાંતોથી કેવો દીપી રહ્યો છે?

મહારાજશ્રી કોઈક સમયને વિશે એક ગામમાં ગયેલા. રાતનો સમય હતો. મંદિરમાં હરિભક્તો બહુ થોડા જોઈ મહારાજશ્રીએ પૂછ્યું કે હાજરી આટલી ઓછી કેમ છે? જવાબ મળ્યો કે નવરાત્રીની ગરબીમાં ઘણા હરિભક્તો જાય છે. મહારાજશ્રીએ તરત જ આજ્ઞા કરી કે મંદિરમાં ખુરશી ઉપર શ્રીજીમહારાજનું પ્રતિમાસ્વરૂપ પધરાવો અને લ્યો ગરબી! પોતે ખેસ ઉતારીને કેડે બાંધ્યો અને કીર્તન બોલવા લાગ્યા. જોત જોતામાં મંદિર હરિભક્તોથી ઊભરાવવા લાગ્યું અને કીર્તનભક્તિનો અમૃતરસ રેલાવા લાગ્યો. મહારાજશ્રી પરિસ્થિતિ અનુસાર કેવી સરસ રચનાત્મક પદ્ધતિ અપનાવતા તેનું આ સુંદર ઉદાહરણ છે, જે સૌ કોઈએ શીખવા જેવું છે.

મહારાજશ્રી પોતે કીર્તનો રચતા. આવા ઘણા કીર્તનો સંપ્રદાયના સાહિત્યમાં મુકુટસ્થાને બિરાજે છે. કીર્તનભક્તિ દ્વારા સત્સંગમાં ખૂબ સમાસ કરાવી મહારાજશ્રીએ ગામડાં તેમજ શહેરોના હરિભક્તોને શ્રીહરિના સ્વરૂપમાં જોડચા હતા. આ ઉપરાંત શ્રીજીમહારાજે જેને 'મહત્ સુકૃત' તરીકે કહી છે એવી સદ્‌વિદ્યાનું પ્રવર્તન ઠેર ઠેર કરાવ્યું. અમદાવાદમાં સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કરી કે જેથી વિદ્યાભિલાષી સંતો સંસ્કૃત શાસ્ત્રોનો અભ્યાસ સારી રીતે કરી શકે.

મહારાજશ્રી પોતે પણ સંસ્કૃતનું ઊંડું જ્ઞાન ધરાવતા હતા. સંપ્રદાયના તેમજ અન્ય ધર્મગ્રંથોનું તેમણે અધ્યયન કરી તે જ્ઞાનમાં પ્રભુત્વ મેળવ્યું હતું.

આ જ દિશામાં મહારાજશ્રીએ સંતકવિ સ.ગુ. ભૂમાનંદ

સ્વામી દ્વારા 'ઘનશ્યામ લીલામૃત સાગર' ગ્રંથ રચાવ્યો, જેમાં શ્રીજીના લીલા ચરિત્રો, ખાસ કરીને બાળચરિત્રો વર્ણવ્યાં છે.

સ.ગુ. મોટા ભૂમાનંદ સ્વામી અને મહારાજશ્રી વચ્ચે ઘણું હેત હતું. તેમણે પરસ્પર કોલ આપ્યો હતો કે આપણે બંને અક્ષરધામમાં સાથે જઈશું.

સ.ગુ. ભૂમાનંદ સ્વામી પોતાના છેલ્લા મંદવાડમાં માણસા હતા. ત્યાં એક સમયે શ્રીજીમહારાજે દર્શન દઈને કહ્યું કે, આજથી ત્રીજે દિવસે અમે તમને તેડવા આવીશું. આટલું કહીને શ્રીજીમહારાજ અદ્રશ્ય થઈ ગયા. તે વાત સ્વામીશ્રીએ પોતાના શિષ્ય સાધુ બાલપદ્મદાસજીને કરી. પછી સાધુએ જમવાનું કહ્યું ત્યારે ભૂમાનંદ સ્વામી બોલ્યા કે મને તો શ્રીજીમહારાજ દૂધપાક-પુરી જમાડી ગયા એટલે જમવું નથી.

પછી ત્રીજે દિવસે બે વાગતાં શ્રીજીમહારાજ મુક્તોના મંડળ સહિત વિમાનમાં બેસીને સ્વામીને તેડવા પધાર્યા અને દર્શન દીધાં. ત્યારે ભૂમાનંદ સ્વામી શ્રીજીમહારાજ પ્રત્યે બોલ્યા જે મને અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું છે કે, જઈશું ત્યારે સંગાથે જઈશું. શ્રીજીમહારાજે કહ્યું કે, એમને તો પંદર દિવસની વાર છે, માટે તમે ચાલો. એમ કહીને સ્વામીશ્રીને તેડી ગયા. તે વખતે ગામના ઘણા હરિજનોને દર્શન થયાં.

ત્યાર બાદ સાત દિવસ પછી શ્રીજીમહારાજે શ્રી અયોધ્યા-પ્રસાદજી મહારાજને દર્શન દઈને કહ્યું કે આજથી સાતમે દિવસે તમને તેડવા આવીશું. એમ કહીને અદશ્ય થઈ ગયા. સાતમો દિવસ થયો ત્યારે આચાર્ય મહારાજશ્રીએ પોતાના પુત્ર શ્રી કેશવપ્રસાદજી આદિ પોતાના સંબંધીઓને બોલાવીને કહ્યું કે તમે અમારા દર્શન કરી લો. ગવૈયા સાધુને કહ્યું કે કીર્તન ગાઓ. આજે રાત્રીએ અગિયાર વાગ્યે અમારે દેહ મૂકવો છે.

દસ વાગ્યા એટલે મહારાજશ્રીએ કહ્યું કે શ્રીજીમહારાજ અનંત મુક્તો, સાથે રથ તથા શ્વેત હાથી લઈને તેડવા પધાર્યા છે; તેમનાં તમે દર્શન કરો અને ચોકો કરો. હું મહારાજ સાથે અક્ષરધામમાં જાઊં છું. એમ કહીને પોતે દેહ ત્યાગ કરી અક્ષરધામમાં પધાર્યા. તે સમયે સંતો સહિત ઘણા સાધુને તથા હરિભક્તોને શ્રીજીમહારાજનાં દર્શન થયાં.

આવા સ્વતંત્ર દિવ્ય મુક્ત હતા આપણા આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ !

આ વાતના અનુસંધાનમાં એક પ્રસંગ સ્મૃતિ પટ ઉપર આવે છે. એક વાર પ.પૂ. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ અમદાવાદ પધાર્યા હતા. ત્યારે વાતનો પ્રસંગ નીકળતાં પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા જે, "જે દિવસના અમે શ્રીજીમહારાજ પાસે આવ્યા છીએ ત્યારથી અમે તો ત્રણે અવસ્થામાં શ્રીજીમહારાજની મૂર્તિને અખંડ તેજના સમૂહમાં દેખીએ છીએ અને આ અમદાવાદનો સત્સંગનો વ્યવહાર તો અમને રંચમાત્ર પણ ગણતરીમાં નથી. અમે તો સદાય મહારાજની મૂર્તિમાં નિમગ્ન રહીએ છીએ." એવી ઉચ્ચ સ્થિતિ તેઓશ્રીની હતી.

પ.પૂ. મહારાજશ્રી દ્વારા સત્સંગમાં મંદિરોના નિર્માણના ઘણાં કાર્યો થયાં છે, જેમાં છપૈયા, જેતલપુર, માંડવી, સિદ્ધપુર, ડુંગરપુર વગેરે મંદિરો છે. આ રીતે બેંતાલીસ વર્ષ સુધી શ્રીજીમહારાજના કાર્યને વેગવંતુ રાખ્યું હતું, તેમ છતાં મહારાજશ્રીને કર્તાપણાનો ભાવ ન હતો. એવી એમની મોટાઈ હતી. તેઓશ્રી ધ્યાન, ભજન કરતા, કાવ્યોની રચના કરતા, સત્સંગમાં દર્શન દેવા ફરી આશ્રિતોને સુખ આપતા વગેરે અનેક કાર્યોમાં પ્રવૃત્ત રહેતા હોવા છતાં એમની વૃત્તિ નિરંતર મહારાજની મૂર્તિમાં જ રહેતી.

એક પ્રસંગે મહારાજશ્રી બાવન દિવસ સુધી સમાધિ

અવસ્થામાં રહ્યા હતા. સમાધિમાંથી જાગૃત થયા ત્યારે શુક-મુનિ અને સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીએ પ્રાર્થના કરી જે, "હે મહારાજ! તમે અન્ન લેતા નથી તેથી સર્વ સાધુ, બ્રહ્મચારી ઉદાસ રહે છે, તો થોડું અન્ન લ્યો તો સારું."

ત્યારે મહારાજશ્રી બોલ્યા જે, "હું તો શ્રીજી પાસે થાળ જમું છું." એમ કહી ફરી અંતરદષ્ટિ કરી, મૂર્તિમાં જોડાઈ ગયા. એવી રીતે સમાધિ સ્થિતિમાં બાવન દિવસ પૂરા થયા. તે બાદ મહારાજશ્રી આરતી થયા પછી સમાધિમાંથી જાગૃત થયા અને કહ્યું જે, "ભૂમાનંદ સ્વામી ક્યાં છે?" એમ કહી સૌને સંભાર્યા અને કહ્યું: "સર્વ સાધુને બોલાવો અને આ દેશમાં તથા વડતાલ દેશમાં રસોઈ કરે એમ પત્ર લખો." પછી મંદિરમાં સૌને રસોઈ જમાડી સંતોના દર્શન કરી, અન્નજળ લીધું.

આ પ્રસંગ દરમિયાન મહારાજશ્રીના દર્શન કરવા સમગ્ર સત્સંગ ઉમટયો હતો. તેમાં એક વખત સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી મહારાજશ્રી પાસે બેઠા હતા ત્યારે કચ્છના હરિભક્તોનો સમૂહ દર્શનાર્થે આવ્યો. તેમાં બળદિયા ગામના અવારનવાર અલૌકિક સમાધિસ્થિતિ જણાવતા મુક્ત-સ્વરૂપ અબજીભાઈ પણ આવ્યા હતા. તેમને જોઈ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ગુણાતીતાનંદ સ્વામી પાસે કચ્છના સત્સંગની ઉચ્ચ કોટિની વાત કરી, હાથ લાંબો કરી બોલ્યા કે, "આ કચ્છના સમાધિવાળા અબજીભાઈ છે." એમ કહી ઓળખ કરાવી. તેમને નિહાળી સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી અતિ પ્રસન્ન થયા હતા.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને સત્સંગના હરેક અંગ માટે અત્યંત મમત્વ હતું. સત્સંગના મૂળ મજબૂત થાય તે માટે તેમનો આગ્રહ અતિશય દ્રઢ હતો, કારણ કે પોતે દિવ્ય

દષ્ટિથી સર્વત્ર જોતા. જેમ શ્રીજીમહારાજે સત્સંગના અંગે અંગનું નિરંતર પોષણ કર્યું તે રીતે આચાર્ય મહારાજશ્રી પણ કરતા રહ્યા હતા.

આવું જ એક બીજું દષ્ટાંત મળી આવે છે, સ્વામી શ્રી વૃન્દાવનદાસજીના જીવનમાંથી. આ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ શામજીભાઈ હતું તેમને ત્યાગાશ્રમ માટે તીવ્ર વેગ હતો. તે વાત પ.પૂ. આચાર્યમહારાજશ્રી કચ્છમાં સંવત ૧૯૨૩માં પધાર્યા હતા ત્યારે તેમના જાણવામાં આવી. સત્તર વર્ષના યુવાન હરિભક્ત શામજીભાઈની અંગ સેવાથી મહારાજશ્રી તેમની ઉપર ખૂબ જ પ્રસન્ન થયા. તેમને જાણ થઈ કે આ ભક્તારાજને ત્યાગાશ્રમ ગ્રહણ કરવો છે ત્યારે તેમણે પોતાના પાર્ષદ લક્ષ્મણ ભગત પાસેથી પાંત્રીસ કોરી લઈ શામજીભાઈને આપી અને તેમને અમદાવાદ આવવા સૂચન કર્યું. આ અમી દષ્ટિમાંથી ભક્તારાજ શામજીભાઈને ખૂબ જ પ્રોત્સાહન મળ્યું. પોતે ગૃહ-ત્યાગ કરી અમદાવાદ આવવા નીકળ્યા. દરમિયાન પ.પૂ. મહારાજશ્રી સંવત ૧૯૨૪માં ધામમાં પધાર્યા. શામજીભાઈને માવતર તુલ્ય મહારાજશ્રીના વિરહનું અપાર દુ:ખ થયું. થોડા સમય બાદ શામજીભાઈએ થોડો વખત પાર્ષદ તરીકે રહી ત્યાગાશ્રમમાં પ્રવેશ કર્યો. પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજે તેમને દીક્ષા આપી 'વૃંદાવનદાસ' નામ આપ્યું.

ત્રિકાળદર્શી પ.પૂ. આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના આવા પ્રસંગો ઘણા છે. તેમને મન સત્સંગ જીવન હતું અને સત્સંગના તેઓશ્રી જીવનપ્રાણ હતા.

સત્સંગના આવા આદર્શમૂર્તિ પ.પૂ. ધર્મધુરંધર આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને કોટિ કોટિ દંડવત્ પ્રણામ કરી આપણે કૃતાર્થ થઈએ!

# અનુક્રમણિકા


| | |
|---|---|
| અર્પણ | ૬ |
| સંપાદકીય વિશેષ | ૭ |
| નિવેદન | ૯ |
| પ.પૂ. ધર્મધુરંધર આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનું સંક્ષિપ્ત જીવનવૃત્તાંત | ૧૨ |

| ક્રમ | કીર્તન | પદની સંખ્યા | રાગ | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧ | સહજાનંદ હરિ રે ભજ મન, | ૪ | ખમાચ | ૧ |
| ૨ | મિલે ઘનશ્યામ રી મોયે, | ૪ | જંગલો | ૨ |
| ૩ | હરિકૃષ્ણ મહારાજ મિલે મોયે, | ૪ | કલ્યાણ | ૩ |
| ૪ | નેનુંકે મારે બાન રે, | ૪ | કહરવા | ૪ |
| ૫ | હોરી ખેલન ઘર આવે, | ૪ | હોરી દાદરા | ૫ |
| ૬ | સુંદર શ્રી ઘનશ્યામકી, મૂરતિ... | ૪ | કલ્યાણ | ૬ |
| ૭ | ઓઢી પિછૌરી ઝીની, મોહનને... | ૪ | દાદરા | ૭ |
| ૮ | હરિ મિલે બોરસડી કી છૈયાં. | ૪ | ઠુમરી | ૮ |
| ૯ | હમરો છેલ કહાં છાયો સજની. | ૪ | બિહાગ ઠુમરી | ૯ |
| ૧૦ | હમસોં કાહે રિસાને કનૈયા. | ૪ | દાદરા | ૧૧ |
| ૧૧ | મિલે મહારાજા સર્યો મેરો કાજ. | ૪ | દાદરા | ૧૨ |
| ૧૨ | છબી નીરખી જમુનાં તીરકી, | ૪ | ભૈરવી | ૧૩ |
| ૧૩ | મોહી ઘનશ્યામજીકે ભૌને વાન, | ૪ | જંગલો | ૧૪ |
| ૧૪ | પ્રીત લગાઈ રહે દૂર રે, | ૪ | ધન્યાશ્રી | ૧૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | તુમ સંગ જીયરા લાગ્યો રે પ્યારે, | ૪ | ઠુમરી | ૧૬ |
| ૧૬ | સખી નંદકુંવરકે સાથ, | ૪ | ધન્યાશ્રી | ૧૭ |
| ૧૭ | સૂની સૂની સાંવરિયા છેલ રે, | ૪ | જંગલો આદિ ત્રિતાલ | ૧૮ |
| ૧૮ | મન હર લીન હમારો ધર્મસુત, | ૪ | ઠુમરી | ૧૯ |
| ૧૯ | પ્યારે કનૈયા માનો બતિયાં, | ૪ | ઠુમરી | ૨૦ |
| ૨૦ | ગુલાબી પાઘ ધારી રે, | ૪ | દાદરા | ૨૧ |
| ૨૧ | શ્રી સહજાનંદ શ્યામ મળો રે, | ૮ | ગરબી | ૨૩ |
| ૨૨ | સખી ભક્તિ ધર્મના પુરમાં રે, | ૪ | ગરબી | ૨૬ |
| ૨૩ | હોત પ્રાત ઘનશ્યામ જગાવે, | ૪ | ભૈરવ | ૨૮ |
| ૨૪ | સહજાનંદ છબી દગ ધારિયાં. | ૪ | કાફી | ૨૯ |
| ૨૫ | કબ મિલ હે બિછૂરે ઘનશ્યામ. | ૪ | કાલિંગડો | ૩૧ |
| ૨૬ | સહજાનંદ મહારાજકી મૂર્તિ, | ૪ | ભૈરવ | ૩૨ |
| ૨૭ | ધર્મકુંવર ઘનશ્યામ સુંદર કું, | ૪ | ભૈરવ | ૩૩ |
| ૨૮ | નર નારાયણ સ્વામિનારાયણ, | ૪ | જંગલો | ૩૪ |
| ૨૯ | શ્રી ઘનશ્યામ બાંધે શિર પગિયાં, | ૪ | જંગલો | ૩૬ |
| ૩૦ | મોહન મન ભાવતા, | ૪ | જંગલો | ૩૭ |
| ૩૧ | ઘનશ્યામ સુંદર સુખકારી, | ૪ | જંગલો | ૩૯ |
| ૩૨ | શ્રી ઘનશ્યામ શ્રી ઘનશ્યામ, | ૨ | કલ્યાણ ચૌતાલ | ૪૦ |
| ૩૩ | આવો આવો હમારી ઓર રે, | ૪ | જંગલો | ૪૧ |
| ૩૪ | પ્યારા લાગો શ્રી ઘનશ્યામ, | ૨ | ખમાચ | ૪૨ |
| ૩૫ | સૂન સજની બતિયાં મોરી, | ૨ | ઠુમરી | ૪૩ |
| ૩૬ | ધર્મકુંવર ખેલે હોરી રે, | ૪ | હોરી | ૪૪ |
| ૩૭ | સખી ઘનશ્યામજી ખેલ મચાવે, | ૪ | કાફી હોરી | ૪૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૮ | વસંત વધાવા ચલો સખીરી, | ૪ | વસંત | ૪૭ |
| ૩૯ | ઘનશ્યામ પિયા પ્યારેં... | ૪ | ભૈરવી | ૪૮ |
| ૪૦ | ઘનશ્યામ ચિત્ત ચોરી હો, | ૪ | ખમાચ | ૫૦ |
| ૪૧ | પિયરા બસોં હે વિદેશવા, | ૪ | સારંગ ઠુમરી | ૫૧ |
| ૪૨ | ઘનશ્યામ પિયા રંગ ડારી ગયોરે, | ૪ | ઠુમરી હોરી | ૫૨ |
| ૪૩ | સહજાનંદ સુખધામ રે, | ૪ | હોરી | ૫૪ |
| ૪૪ | હેત કર હેત કર પ્રગટ ઘનશ્યામશું, | ૪ | કેદારો | ૫૫ |
| ૪૫ | સહજાનંદ મન ભાઈ સદાઈ, | ૪ | ગોડી | ૫૮ |
| ૪૬ | સખી ધર્મકુંવર સુખધામ, | ૪ | સોરઠ હોરી | ૫૯ |
| ૪૭ | મોહન બનવારી, ખેલે હોરી... | ૪ | કાફી હોરી | ૬૦ |
| ૪૮ | હોરી ખેલે મહારાજા, શ્રીપુરમેં... | ૪ | હોરી | ૬૨ |
| ૪૯ | પ્રગટ થયા સુખકારી, છપૈયામેં... | ૭ | ગરબી | ૬૩ |
| ૫૦ | શ્યામ સુંદર સુખકારી, | ૪ | કાફી હોરી | ૬૫ |
| ૫૧ | એરી સખી નીરખે મેં... | ૪ | કાફી હોરી | ૬૬ |
| ૫૨ | એરી સખી શ્યામસુંદર... | ૪ | જંગલો હોરી | ૬૬ |
| ૫૩ | ડગરમેં નીરખો ધર્મકિશોર. | ૪ | જંગલો | ૬૮ |
| ૫૪ | શ્રી ઘનશ્યામ હું ને, ચિત્ત મેરો... | ૪ | ઠુમરી | ૬૯ |
| ૫૫ | બાવરી કર ડારી, મોહન... | ૪ | હોરી દીપચંદી | ૭૦ |
| ૫૬ | એક કપટી ન તરે રે, | ૧ | ધન્યાશ્રી | ૭૨ |
| ૫૭ | ભલાજી મોયે બાવરીશી કર ડારી, | ૪ | ઠુમરી | ૭૨ |
| | શબ્દાર્થ સૂચી | | | ૭૫ |
| | શુદ્ધિપત્રક | | | ૯૯ |

# કીર્તનાવલિ

॥ श्री हरिकृश्नाय नमः ॥

# આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ

રચિત

# : કીર્તનાવલિ :

## રાગ ખમાચ : પદ ૧

સહજાનંદ હરિ રે ભજ મન, સહજાનંદ હરિ રે. ભજ૦
શુક નારદ સનકાદિક શંભુ, સેવત ધ્યાન ધરી રે. ભજ૦ ૧
પુરુષોત્તમ પરિબ્રહ્મ પુરાતન, તેહી સંગ પ્રીત કરી રે. ભજ૦ ૨
પૂરવદેશ અવધપુર પાસે, છપૈયામેં દેહ ધરી રે. ભજ૦ ૩
અવધપ્રસાદ એહી હરિ સંગે, જાય સબ પાપ જરી રે. ભજ૦ ૪

## પદ ૨

ભજ મન સહજાનંદ ઉર ધારી, ભજ મન સહજાનંદ. ભજ૦
સહજાનંદ પરમ સુખ મૂર્તિ, નેનનસેં જ્યું નિહાળી. ભજ૦ ૧
શ્વેત બસન ધારે તન સુંદર, જનમ લેત મોરારિ. ભજ૦ ૨
શ્વેત પાઘ શિર શ્યામ વિરાજત, કેસર તિલક હે ભારી. ભજ૦ ૩
અવધપ્રસાદ સહજાનંદ શરણે, લાગી લગન એક તારી. ભજ૦ ૪

## પદ ૩

ભજ મન સહજાનંદ સુખકારી, ભજ મન સહજાનંદ. ભજ૦
વામ શ્રવન બિચ શ્યામ બિંદુ તિલ,
ધ્યાન ધરત નરનારી. ભજ૦ ૧
કાનુંમેં કુંડળ મકરાકૃત ધરી, ઉર પર હાર હજારી. ભજ૦ ૨
નાસિકા નિકટ તિલ એક સુંદર, ચંચલ ચિત્તવની સારી. ભજ૦ ૩
અવધપ્રસાદ નિરંતર અંતર, ઊર્ધ્વ રેખ ચિત્ત ધારી. ભજ૦ ૪

## પદ ૪

સહજાનંદ સુખદાઈ, ભજ મન સહજાનંદ. ભજ૦
શ્રી ઘનશ્યામ મનોહર મૂર્તિ, ધ્યાન ધરો ઉર લાઈ. ભજ૦ ૧

સુંદર બોલની સુંદર હસની, મુસકની બરની ન જાઈ. ભજ૦ ૨
શોભા ધામ શ્યામ સુખ સૂરત, સંત મુક્ત સંગ આઈ. ભજ૦ ૩
અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં ઠહરાઈ. ભજ૦ ૪

## રાગ જંગલો : પદ ૧ (૫)

મિલે ઘનશ્યામ રી મોપે મિલે ઘનશ્યામ રી.
જમુનાંકે નીરે તીરે ધેન ચરાવત,
હાથ લકુટિ લિયે ઓઢે કારી કામરી. મો૦ ૧
મેં જમુનાં જલ ભરન ગઈતી,
બિચ ડગરમેં ઠાઢો સુખધામરી. મો૦ ૨
બાંકી પાઘ શિર બાંકી કલાંગી,
નીરખી વદન જન હોત નિષ્કામરી. મો૦ ૩
અવધપ્રસાદકે નેનુંકે આગે,
મૂર્તિ છબીલી ધરી રહું આઠો જામરી. મો૦ ૪

## પદ ૨ (૬)

ધરમકુમાર નીરખે ધરમકુમાર, નીરખે ધરમકુમાર.
શ્વેત પાઘ શિર સોહત સુંદર,
શ્વેત પુષ્પ તોરા હરિ શિર ધાર. ની૦ ૧
કેસર તિલક ભાલ બિચ સોહે,
કાનમેં કુંડળ મકરાકાર. ની૦ ૨
શ્વેત સુરવાર પે'રી શ્વેત અંગરખી,
શ્વેત કમર કસી શ્વેત મોતી હાર. ની૦ ૩
અવધપ્રસાદ હરિકૃશ્ન છબી પર,
તન મન ધન લઈ વારું કોટી વાર. ની૦ ૪

## પદ ૩ (૭)

મોહનલાલ નીરખે મોહનલાલ, નીરખે મોહનલાલ.
સાંવરી સૂરત માધુરી મૂરત,
નીરખી નીરખી જન ભયે હે નિહાલ. ની૦ ૧

કાન બિચ મોતી સોહે ચિત્તવની ચિત્ત મોહે,
લટક લટક ચાલ હાથમેં રૂમાલ. ની૦ ૨
બાંયે બાજુબંધ સાર ઉરપેં ગુલાબી હાર,
કડાં વેઢ વીંટી પહિરે ભાલ વિશાલ. ની૦ ૩
અવધપ્રસાદકે રહો દગ આગે,
મૂર્તિ રંગીલી કર તુલસીકી માલ. ની૦ ૪

### પદ ૪ (૮)

નેનુંમેં રાખું નાથજી, નેનુંમે રાખું.
ચટક ચટક ચાલે પહેરી પાદુકા,
ઘર મોરે આઈ રહો સખા સંગ સાથ જી. ને૦ ૧
શ્વેત ખેસ પે'રી પિછૌરી ઓઢી,
કંચન પાટ બેઠી કરહું સનાથ જી. ને૦ ૨
ભાતભાત કે ભોજન સુંદર,
થાર જમો રહો કરું પૂજા હાથ જી. ને૦ ૩
અવધપ્રસાદ અરજ સૂનો થોરી,
મૂરતિ તિહારી નિત્ય રહો મોરે સાથ જી. ને૦ ૪

### રાગ કલ્યાણ : પદ ૧ (૯)

હરિકૃશ્ન મહારાજ મિલે મોયે, હરિકૃષ્ણ મહારાજ. ટેક.
સંવત અઢાર બ્યાસીકે વરસોં, ગઢપુર ધામ બિરાજ. મિલે૦ ૧
સાંવરી સૂરત માધુરી મૂરત, સુનમુખ આયે ચઢી બાજ. મિલે૦ ૨
અક્ષરધામ કે ધામી સુંદર, મનુષ્યા દેહ ધરી આજ. મિલે૦ ૩
અવધપ્રસાદ નીરખી યહ મૂરતિ, જનમ સુફળ કર્યો કાજ. મિલે૦ ૪

### પદ ૨ (૧૦)

શ્રી ઘનશ્યામ સુજાન હર્યો મન, શ્રી ઘનશ્યામ સુજાન. ટેક.
અધમ ઉધાર પતિતજન પાવન, જીયકે જીવન પ્રાન. હર્યો૦ ૧
શુક નારદ જાકો ધ્યાન ધરત હે, કરત હે ઉનકો ગાન. હર્યો૦ ૨

શેષ શારદા ન પાવત, બેદ કરત હે વખાન. હર્યો૦ ૩
અવધપ્રસાદ જાને યાકો મહિમા, કબહું ન હોવત હાન. હર્યો૦ ૪

### પદ ૩ (૧૧)

શ્રી ઘનશ્યામ કો નામ જપો જન, શ્રી ઘનશ્યામ. ટેક.
જાહી જપી મુનિ સહસ્ર અઠ્યાસી, અંતર ભયે નિષ્કામ. જપો૦ ૧
શરનાગત વત્સલ સુખદાયક, કરુના સાગર શ્યામ. જપો૦ ૨
સહજાનંદ પ્રગટ હરિ મૂરતિ, ધ્યાન ધરો સરે કામ. જપો૦ ૩
અવધપ્રસાદ કરત હે નિશદિન, વારવાર પરનામ. જપો૦ ૪

### પદ ૪ (૧૨)

સહજાનંદ સ્વરૂપ રખો ઉર, સહજાનંદ સ્વરૂપ. ટેક.
જાકે ધ્યાન અજ્ઞાન વિનાશત, ભાસત મૂરતિ અનુપ રખો૦ ૧
જે જન આઈ રહે હરિ શરને, હોવત અક્ષર રૂપ. રખો૦ ૨
શ્રી ઘનશ્યામ છબિકી શોભા, નીરખી મોહે સુર ભૂપ રખો૦ ૩
અવધપ્રસાદ હરિ ધ્યાન ધરેસો, પરત નહિ ભવ કૂપ. રખો૦ ૪

### રાગ કેહરવા : પદ ૧ (૧૩)

નેનુંકે મારે બાન રે, પ્રેમવતિ સુત સાંવરિયો રે. નેનુંકે૦
ઠાઢે સુંદર શ્યામ ડગરમેં, મોહન રૂપ નિધાન રે;
નેન બાનસોં મારી મોકું, ભૂલી હું તનકો ભાન રે. નેનુંકે૦ ૧
ભૂષન બસન મનોહર પહિરે, હર લીનો મેરો પ્રાન રે;
ચિત્તવની મેરો ચિત્ત હર લીનો, સહજાનંદ સુજાન રે. નેનુંકે૦ ૨
નેન બાનકી ચોટ લગી મોય, ભૂલી ભોજન પાન રે;
અવધપ્રસાદ રહો અબમાં રે, નિશદિન વાકો ધ્યાન રે. નેનુંકે૦ ૩

### પદ ૨ (૧૪)

સાંવરિયો રંગ છેલ રે, ધર્મકુંવર મોહે ગેલ મિલ્યો રે સાં૦
મેં જાતિતી જલ ભરનેકું, લે શિર ગાગર હેલ રે;
ઠાઢો બિચ ડગરમેં મોહન, નીરખી નેન ઠરેલ રે. સાં૦ ૧

કાને કુંડલ મકરાકૃત ધરી, મસ્તક છોગાં મેલ રે;
બાજુબંધ અલૌકિક બાંધે, તોરા પાઘ ઝૂકેલ રે. સાં૦ ૨
સહજાનંદ મનોહર મૂરતિ, મિલે મોય અકેલ રે;
અવધપ્રસાદ હરિ સનમુખ આઈ, દિનો હાર ચંબેલ રે. સાં૦ ૩

### પદ ૩ (૧૫)

હવેલિયાં મોરી આજ રે, ધર્મકુંવર સુંદર આઈલો રે. હ૦
અસવારે લઈ શામ મનોહર, આયે સહિત સમાજ રે;
સુંદર વરકી શોભા નીરખી, ભૂલી ગૃહકો કાજ રે. હ૦ ૧
આઈ બૈઠ અટારી બિચમેં, સભા કીન મહારાજ રે;
એક ટક રહી વિલોકી, મેં તો નીંકે શ્યામ સુરતાજ રે. હ૦ ૨
શ્રી ઘનશ્યામ બદનકી શોભા, અંતરમેં રહી રાજ રે;
અવધપ્રસાદ શ્યામ કે સંગે, કોહુંકી ન રાખી લાજ રે. હ૦ ૩

### પદ ૪ (૧૬)

ભોજનિયાં જમો આજ રે, રામાનુજ હરિ હેત કરી રે. ભો૦
ભાત ભાતકી કીન રસોઈ, સુંદર વ્યંજન સાજ રે;
બૈઠી આય આરોગો જીવન, સહજાનંદ મહારાજ રે. ભો૦ ૧
મૂર્તિ નીરખું શ્યામ તિહારી, જમતાં શ્રીહરિ આજ રે;
ગંગાજળ હરિ પાન કરીકેં, દીજયો પ્રસાદી રાજ રે. ભો૦ ૨
ધૂપ દીપ લઈ કરું આરતી, ભૂષન વસન સમાજ રે;
પહિરો તુમ હરિ હેત કરીકે, અવધપ્રસાદકે કાજ રે. ભો૦ ૩

### રાગ હોરી દાદરા : પદ ૧ (૧૭)

હોરી ખેલન ઘર આવે, દાદરા મોય સુનાવે. હોરી૦
રંગકો ભીનો ચિત્ત પ્રવિનો, બાંસુરી બજાઈ ગાવે. દાદરા૦ ૧
કર પિચકારી લિયે બનવારી, કેસર રંગ ઉડાવે. દાદરા૦ ૨
તાલ મૃદંગ હરિકે સંગે, અવધપ્રસાદ બજાવે. દાદરા૦ ૩

### પદ ૨ (૧૮)

હરિકૃષ્ણ મુખ ગાઈ, દાદરા રાગ સુનાઈ. હરિ૦
કંઠમેં મોતી ઠાઢિ રહી જોતી, સહજાનંદ સુખદાઈ. દાદરા૦ ૧
કુંડળ લળકે ભાલ શુભ ઝળકે, કેસર તિલક કરાઈ. દાદરા૦ ૨
અવધપ્રસાદ નિરંતર અંતર, મૂર્તિ મન ઠહરાઈ. દાદરા૦ ૩

### પદ ૩ (૧૯)

હોરી ખેલત દોઉ ભૈયા, દાદરા રાગ ગવૈયા. હોરી૦
નરનારાયણ મંદિર આગે, રંગકી ધૂમ મચૈયા. દાદરા૦ ૧
બાંસુરિ બજાવે જીયા લલચાવે, શિરપેં પાઘ ધરૈયા. દાદરા૦ ૨
અવધપ્રસાદ હરિકે સંગ ખેલે, કેસર રંગ ઊડૈયા. દાદરા૦ ૩

### પદ ૪ (૨૦)

હોરી ખેલત મન ભાવે, દાદરા શ્યામ સુનાવે. હોરી૦
બાજત તાલ સતાર સારંગી, તાનમેં તાન મેલાવે. દાદરા૦ ૧
ઉર પર હાર ગુલાબી ધારે, ફૂલ તોરા લટકાવે. દાદરા૦ ૨
અવધપ્રસાદ સંત સંગ બૈઠે, હરિરંગ બરસાવે. દાદરા૦ ૩

### રાગ કલ્યાણ : પદ ૧ (૨૧)

સુંદર શ્રી ઘનશ્યામકી, મૂરતિ મનમાની. સુંદર૦
શિર ધરી પાઘ શેખર બિચ શોભે,
નીરખી બદન સુખધામકી. મૂરતિ૦ ૧
પલ પલ છિન છિન બિસરત નાંહી,
રટના લાગી યાકે નામકી. મૂરતિ૦ ૨
કામ કાજ મેં તો વિષ સમ લાગત,
દેખી શોભા ઉર દામકી મૂરતિ૦ ૩
અવધપ્રસાદ રહો દગ આગે,
શુભ છબી મન અભિરામકી મૂરતિ૦ ૪

## પદ ૨ (૨૨)

સહજાનંદ સુજાનકી, છબી અંતર આની. સહજાનંદ૦
ઉરપર હાર ગુલાબ કે ધારે, કરુણાનિધિ ભગવાનકી. છબી૦ ૧
જરકસી જામા પેહિરે તન સુંદર,
કુંડળ જ્યુત શોભા કાનકી. છબી૦ ૨
ગજરા બાજુ બંધમેં નીરખે, સુંદર ભીને વાનકી. છબી૦ ૩
અવધપ્રસાદ નીરખી યહ શોભા,
સૂધ બિસરી ખાન પાનકી. છબી૦ ૪

## પદ ૩ (૨૩)

સુંદર મોહનલાલકી, બતિયાં મનમાની. સુંદર૦
સૂની બતિયાં છતિયાં ભઈ શીતળ,
શ્રાવણ કરી ગોપાલ કી. બતિયાં૦ ૧
શુક નારદ અતિ પ્રીત કરી કેં,
બાત સૂનત વ્રજબાલકી. બતિયાં૦ ૨
સહજાનંદ બાની અમૃત સમ, જીવન દોરી મરાલકી. બતિયાં૦ ૩
અવધપ્રસાદ બાત સૂની પ્રીતે, મોહનરૂપ રસાલકી. બતિયાં૦ ૪

## પદ ૪ (૨૪)

સુંદર ધર્મકુમાર હો, તુમ રહો દગ આગે. સુંદર૦
ધર્મ ધુરંધર ધર્મકે રક્ષક, અગનિત જનકે ઉધાર હો. તુમ૦ ૧
જગકે તારન ભવદુ:ખ ટારન, કરુણા સાગર યાર હો. તુમ૦ ૨
ભક્તકે વલ્લભ દુર્જન દુર્લભ, હરન ભૂમિકે ભાર હો. તુમ૦ ૩
અવધપ્રસાદ કહે તુમ મહિમા, કોઉ ન પાવત પાર હો. તુમ૦ ૪

## રાગ દાદરા : પદ ૧ (૨૫)

ઓઢી પિછૌરી ઝીની, મોહનને ઓઢી. ટેક.
શુક નારદ જયાકો ધ્યાન ધરત હે, કેસર રંગશું ભીની. મો૦ ૧
શ્વેત પાઘ શિર સોહત સુંદર, ફૂલ કલંગી નવીની. મો૦ ૨

અંગરખી અંગ શ્વેત બિરાજે, શ્વેત પટે કટિ કસલીની. મો૦ ૩
અવધપ્રસાદકે નાથ પિછૌરી, કૃપા કરી મોય દીની. મો૦ ૪

### પદ ૨ (૨૬)

ઓઢી દુપટ્ટો મે હી, આયે હરિ. ઓઢી૦ ટેક.
બોલત ચાલત બૈઠત ઊઠત, બિસરત નાંહી પલ નેહી. આયે૦ ૧
ચંચલ અંખિયાં ચંચલ બતિયાં, લટકની ચંચલ જેહી. આયે૦ ૨
ચંચલ માનકી ચલત હરિકી, ચંચલ મૂરતિ સનેહી. આયે૦ ૩
અવધપ્રસાદ હરિ પાસ રહીકેં, ચરનકમલ સુખ લેહી. આયે૦ ૪

### પદ ૩ (૨૭)

ઓઢે ઉપરના પીરા, હરિ મોરે. ઓઢે૦ ટેક.
પીરો સુરવાર પે'રે પીરી અંગરખી, શિરપેં જરકસી ચીરા. હરિ૦ ૧
ગજરા બાજુ બંધ કર પીરા, પહિરે હાર શરીરા. હરિ૦ ૨
ચટક ચટક હરિ ચાલ ચલત હે, કર ગ્રહી માલ ફેરીરા. હરિ૦ ૩
અવધપ્રસાદકે નાથકી શોભા, કહા કહું કહી ગીરા. હરિ૦ ૪

### પદ ૪ (૨૮)

નીરખે રંગસેં ભીના, હરિમેં. નીરખે૦ ટેક.
સાંવરી સૂરત, માધુરી મૂરત, પહિરે હાર પ્રવિના. હ૦ ૧
કાનમે મોતી રહું નિત્ય જોતી, કહીં બતિયાં કછુ કીના. હ૦ ૨
હસત હસત આવત ઘર મોહે, કર કર નેહ નવીના. હ૦ ૩
અવધપ્રસાદ શ્યામ છબી નીરખી, ચરનકમલ લખી લીના. હ૦ ૪

### રાગ ઠુમરી : પદ ૧ (૨૯)

હરિ મિલે બોરસડી કી છૈયાં. હરિ૦
મે જ્યું ગઈતી જલ ભરનેકું, હસી બોલાઈ મોરે સૈયાં. હ૦ ૧
શ્વેત પાઘ શિર સોહત સુંદર, ફૂલતોરા લટકૈયાં. હ૦ ૨
કેસર તિલક ભાલ બિચ નીરખી, લપકી લપકી પરી પૈયાં. હ૦ ૩
અવધપ્રસાદ કે મન હર લીનો, સહજાનંદ સુખદૈયાં. હ૦ ૪

### પદ ૨ (૩૦)

પ્યારી લાગે મોહનજી કી બતિયાં. પ્યારી૦
બતિયાં સૂનત મેરો મન હર લીનો, કરીકે નેહદિન રતિયાં. પ્યા૦ ૧
સુંદર મૂરતિ ધર્મકુંવરકી, નીરખી હરખી છતિયાં. પ્યા૦ ૨
લટક લટક હરિ ચાલ ચલત હે, લાજત રતિપતિ અતિયાં. પ્યા૦ ૩
અવધપ્રસાદકે ચિત્તમેં ગડ ગઈ,ચલત હંસ હરિ ગતિયાં. પ્યા૦ ૪

### પદ ૩ (૩૧)

દેખી મોહી શ્યામ શિર પગિયાં. દેખી૦
પગિયાં કે શિર પેચ ઝૂકે હે, વામ શ્રાવન પેં લગિયાં. દે૦ ૧
ભક્તિ ધર્મસુત છેલ છબીલે, નીરખી થકિત એક ટગિયાં. દે૦ ૨
નાસિકા નિકટ તિલ એક સુંદર, વામ શ્રાવન તિલ ઝગિયાં. દે૦ ૩
અવધપ્રસાદ કે નાથ નિરંતર, રહો મેરી અંખિયન અગિયાં. દે૦ ૪

### પદ ૪ (૩૨)

હરિ બૈઠે જેતલપુર બગિયાં. હરિ૦
શ્રી ઘનશ્યામ માધુરી મૂરત, શ્વેત બસન ધરે પગિયાં. હ૦ ૧
બટ તરુતર કીન સભા શુભ, શિવ બ્રહ્મા આયે અગિયાં. હ૦ ૨
નીરખી મૂર્તિ શ્યામ મનોહર, ઝળહળ જ્યોત ઝગમગિયાં. હ૦ ૩
અવધપ્રસાદ નીરખી યહ શોભા, ચરનકમલ ચિત્ત લગિયાં. હ૦ ૪

### રાગ બિહાગ ઠુમરી : પદ ૧ (૩૩)

હમરો છેલ કહાં છાયો સજની. હમરો૦
દર્શ બિના અતિ વ્યાકુળ અંખિયાં,
નિક શ્યામ નહિ આયો સજની. હ૦ ૧
શ્યામ સુંદર બિન કલ ન પરે,
અબ બિરહ બિથા તન નાયો સજની. હ૦ ૨
સાંવરી સૂરત માધુરી મૂરત, કરીકે નેહ સટકાયો સજની. હ૦ ૩
અવધપ્રસાદકે નાથ બિના સખી,
પલક કલપ સમ જાયો સજની. હ૦ ૪

### પદ ૨ (૩૪)

કૌન હમારી સુનાવે બતિયાં. કૌન૦
કૌન કહે અરજી લે મોરી, પઢી પઢી નેહ બઢાવે બતિયાં. કૌ૦ ૧
કોહે ઐસો પરહિત કારી, બાત કહિ કે મિલાવે બતિયાં. કૌ૦ ૨
સહજાનંદ મિલે બિન સજની,
સુખ સંપત ન સોહાવે બતિયાં. કૌ૦ ૩
અવધપ્રસાદ ચરન ચિત્ત અટક્યો,
દર્શ વિના અકુલાવે બતિયાં. કૌ૦ ૪

### પદ ૩ (૩૫)

દર્શ વિના નહિ જાવે રતિયાં. દર્શ૦
ભોજન ખાનપાન સબ વિસરી,
ઘર અંગના ન સોહાવે રતિયાં. દ૦ ૧
શ્રી ઘનશ્યામ છબી બિન સજની,
તલફત જીયા અકુલાવે રતિયાં. દ૦ ૨
જબતે શ્યામ સિધારે તજકે, તબસે નિંદ ન આવે રતિયાં. દ૦ ૩
અવધપ્રસાદ શ્યામ બિનું દેખે,
અંતર સુખ નહિ પાવે રતિયાં. દ૦ ૪

### પદ ૪ (૩૬)

શ્યામ છબી મન માની સખિયાં. શ્યામ૦
શ્યામ બિના મોહે પલ ન સોહાવે,
નેહ કરી પછતાની સખિયાં. શ્યા૦ ૧
શ્રી ઘનશ્યામકી સુંદર બતિયાં,
બિસરત નાહિ સુખદાની સખિયાં. શ્યા૦ ૨
શ્રી હરિકૃષ્ન મિલે વિન મોહે,
નયન બહત હે પાની સખિયાં. શ્યા૦ ૩
અવધપ્રસાદકે નાથકું કહિયો,
વિનંતી હમારી તુમ છાની સખિયાં. શ્યા૦ ૪

## રાગ દાદરા : પદ ૧ (૩૭)

હમસેં કાહેં રિસાને કનૈયા. હમસેં૦
એસી કૌન ચૂક પરી મોસેં, બાત ન કહીં નિરદૈયા. હ૦ ૧
લોક કુટુંબ મરજાદ ત્યાગ કરી, હાથ તિહારે બિકૈયા. હ૦ ૨
કુબજા સંગ હરિ વાસ કરીકે, ખબરી ન લઈ સુખદૈયા. હ૦ ૩
અવધપ્રસાદકે નાથ બિના અબ, તલફી તલફી જીય જૈયા. હ૦ ૪

## પદ ૨ (૩૮)

ઉધો શ્યામ છબિ મનમાની. ઉધો૦
શ્યામ બિના પલ એક ન જાવે, નેહ કરી પછતાંની. ઉ૦ ૧
નીર બિના જ્યું મીન મરત હે, તેસેં હિ જીયા અકુલાંની. ઉ૦ ૨
કરી કરી નેહ છેહ દિયે હમકું, નેક દયા નહિ આની. ઉ૦ ૩
અવધપ્રસાદકે નાથ મિલે બિન, ભરી આવત દગ પાની. ઉ૦ ૪

## પદ ૩ (૩૯)

સખી કોઈ બાત સુનાવે મોરી. સખી૦
કુબજા કુટિલ કંસકી દાસી, કરી કરી નેહ ઠગોરી. સ૦ ૧
પરમ ચતુરવર શ્યામ મનોહર, તા સંગ નેહ કરોરી. સ૦ ૨
પાતિન પઠઈ આપ નહિ આયે, પ્રીત પુરાની તોરી. સ૦ ૩
અવધપ્રસાદકે નાથકું કહિયો, બિનતિ હમારી કર જોરી. સ૦ ૪

## પદ ૪ (૪૦)

સજની કાં ન આવે ઘર મોરે. સજની૦
શિર પર મુગટ કાનમેં કુંડળ, ભાલ તિલક ચિત્ત ચોરે. સ૦ ૧
કટિ પટ પીત અધર ધર મોરલી, શબ્દ સૂની જીયા કોરે. સ૦ ૨
ચાલ ચલત ગજ હંસકી સુંદર, પ્રફુલ્લિત નંદકિશોરે. સ૦ ૩
અવધપ્રસાદકે નાથ રહનકી, અરજ કહું કર જોરે. સ૦ ૪.

### રાગ દાદરા : પદ ૧ (૪૧)

મિલે મહારાજા સર્યો મેરો કાજા. મિલે૦
શ્રી ઘનશ્યામ કી માધુરી મૂરત, નીરખી મે' સહિત સમાજા. સ૦ ૧
શ્વેત મનિ સોહે શિર પઘિયાં, અતિ સોહત શિરતાજા. સ૦ ૨
ફૂલંદા હાર બાજુબંધ ગજરા, નીરખત રતિપતિ લાજા. સ૦ ૩
અવધપ્રસાદ કે રહો ઉરઅંતર, ગિરધર ગરીબ નિવાજા. સ૦ ૪

### પદ ૨ (૪૨)

શ્યામ સુખકારી નજરિયાં મારી. શ્યામ૦
ચંદન ખોર કી શોભા નીરખી, લુબ્ધ ભયે નરનારી. ન૦ ૧
ચંચલ ચિત્તવની મેં ચિત્ત અટક્યો, દેખી બદન બનવારી. ન૦ ૨
આયે અચાનક ઠાડે ડગરમે', સુંદરવર સુખકારી. ન૦ ૩
અવધપ્રસાદ આઈ રહે શરને, ચરનકમલ ચિત્ત ધારી. ન૦ ૪

### પદ ૩ (૪૩)

કાન બનવારી દેખે સુખકારી. કાન૦
જમુના કે નીરે તીરે ધેન ચરાવત, બંસી બજાવત પ્યારી. દે૦ ૧
બનતે' આવત મોહે રિઝાવત, ગાવત તાન દે તારી. દે૦ ૨
કાંધે કામરિયાં હાથ લકુટિયાં, મોર મુગટ શિર ધારી. દે૦ ૩
અવધપ્રસાદ કે નાથકી શોભા, બિસરત નાંહિ બિસારી. દે૦ ૪

### પદ ૪ (૪૪)

ચિત્ત ગયો ચોરી મોહન બરજોરી. ચિત્ત૦
નિપટ ઝપટ કે હાર મેરો તોર્યો, બોલત બચન નિઠોરી. મો૦ ૧
શ્યામ સુંદર મોરી ગેલ પર્યો હે, શિર ગાગર લઈ ફોરી. મો૦ ૨
નંદબાવા કે કુંવર કનૈયા, કંચુકી કસ તોરી. મો૦ ૩
અવધપ્રસાદ કે' મે' જ્યું ગઈતી, નંદમહર કી પોરી. મો૦ ૪

## રાગ ભૈરવી : પદ ૧ (૪૫)

છબી નીરખી જમુનાં તીરકી, છ૦ તીરબંકે બલવીરકી. છ૦
પીરે રંગ સોહે શિર પગિયાં, દેખી મેં શ્યામ અહીરકી. છ૦ ૧
કંઠ મેં મોતી રહું નિત્ય જોતી, ચંદન પટ શરીરકી. છ૦ ૨
ઉરપર હાર બાજુબંધ ગજરા, ચિત્તવની શુભ નરવીરકી. છ૦ ૩
અવધપ્રસાદ ઘનશ્યામકું નીરખી, ભૂલી હું ગાગર નીરકી. છ૦ ૪

## પદ ૨ (૪૬)

પન ઘટવા ઠાઢો કાનજી, પન૦ કાન શ્રી ભગવાનજી. પ૦
બંસી બજાવત જીયા લલચાવત, ગાઈ હર્યો મેરો પ્રાનજી. પ૦ ૧
કાંધે કામરિયાં હાથ લકુટિયાં, ચાલ ચલત ચિત્ત તાનજી. પ૦ ૨
પીત બસન ધારે તન સુંદર, શોભા રૂપ નિધાનજી. પ૦ ૩
અવધપ્રસાદ કે બસ ગઈ અંતર, મૂરતિ શ્યામ સુજાનજી. પ૦ ૪

## પદ ૩ (૪૭)

છબી નીરખી શ્રી નંદલાલકી, છ૦ નંદલાલ શ્રીગોપાલકી. છ૦
શિર પર મુગટ કાન બિચ મોતી, શોભા ભાલ વિશાલકી. છ૦ ૧
જામા કેસરિયા રંગસે ભરિયા, સોહે શ્વેત દુશાલકી. છ૦ ૨
ચાલકી ચટકી ચિત્તમેં અટકી, જૈસે ગજરુ મરાલકી. છ૦ ૩
અવધપ્રસાદ કે ચિત્તમેં લગ રહી, સૂરત શ્યામ રસાલકી. છ૦ ૪

## પદ ૪ (૪૮)

મેં નીરખે નંદકિશોરવા, મેં૦ નંદકિશોર ચિત્ત ચોરવા. મેં૦
વાટ ઘાટમેં રોકત ટોકત, બોલત બોલ કઠોરવા. મેં૦ ૧
કર પકરી મેરી ચુનર ફારી, મોહનલાલ નિઠોરવા. મેં૦ ૨
સનમુખ આયકે બદન બિલોકત, ઘૂંઘટ ખોલત મોરવા. મેં૦ ૩
અવધપ્રસાદ કે' કહા કહું અબ, ઝગરત મોહે બર જોરવા. મેં૦ ૪

## રાગ જંગલો : પદ ૧ (૪૯)

મોહી ઘનશ્યામજી કે ભૌને વાન, મો૦ લગે લગે નયનકે બાન મો૦
મેં દધિ બેચન જાતિ ગોકુલસેં, બિચ મિલે ભગવાન. મો૦ ૧
જમુનાકે નીરે તીરે ધેનુ ચરાવત, બંસી બજાઈ ગાત તાન. મો૦ ૨
ચંચલ ચિત્તવની બિસરત નાંહી, નીરખે રૂપ નિધાન. મો૦ ૩
અવધપ્રસાદ કે' એહી છબીકો, રાખત અંતરધ્યાન. મો૦ ૪

## પદ ૨ (૫૦)

ઠાઢો પનઘટવા મોહનલાલ, ઠાઢો૦ સોહે સુંદર ભાલ વિશાલ ઠા૦
ચંદન કી તન ખોર કનૈયા, રાજત ઉર બનમાલ. ઠા૦ ૧
મોર મુગટ પીતાંબર પહિરે, કેસર તિલક હે ભાલ. ઠા૦ ૨
હરત ફેરત ચિત્તવની ચિત્ત મોહિત, ચંચલ રૂપ રસાલ. ઠા૦ ૩
અવધપ્રસાદ કે મન હર લીનો, નંદરાય કે લાલ. ઠા૦ ૪

## પદ ૩ (૫૧)

બાંકી ઘનશ્યામજીકી ભ્રુહકબાન. બાંકી૦
નીરખત હર્યો ચિત્ત પ્રાન. બાં૦
બાંકી પાઘ ઝૂકી ભ્રકુટિ પર, બાંકે કુંડળ કાન. બાં૦ ૧
નીરખી બદન મદન મોહનકો, લાજે શશી અરુ ભાન. બાં૦ ૨
ઉરપર હાર હજારી લલકે, સોહત ભૌને વાન. બાં૦ ૩
અવધપ્રસાદ નાથકે ઉપર, તન મન ધન કુરબાન. બાં૦ ૪

## પદ ૪ (૫૨)

લગી મોરે સહજાનંદ શું પ્રીત, લગી૦
યાકી સુંદર મૂરતિ શોભિત. લ૦
બિનુ દેખે મોહે કલ ન પરત હે, મૂરતિ રસીલી નિતનિત. લ૦ ૧
રેન દિના મોહે કછુ ન સોહાવત, ચરન કમલ રહ્યો ચિત્ત. લ૦ ૨
ભક્તિ ધર્મ સુત શ્યામ મનોહર, મોહ ગમાઈ મન લિત. લ૦ ૩
નિશદિન આઈ રહો મેરે અંતર, અવધપ્રસાદ કે મિત. લ૦ ૪

## રાગ ધન્યાશ્રી : પદ ૧ (૫૩)

પ્રીત લગાઈ રહે દૂર રે, ઘનશ્યામ પિયા રે; પ્રીત૦
ધર્મકુંવર બિના તલફત જીયરા, પિયરા ગયે મધૂપુર. પ્રી૦ ૧
જબતે શ્યામ સિધારે તબતેં, વિરહ સતાવે ભરપૂર. પ્રી૦ ૨
શ્રી હરિકૃશ્ન મિલે બિન મોરી, સુખસંપત્તિ સબ દૂર. પ્રી૦ ૩
અવધપ્રસાદ અંતર દુ:ખ પાવત, જીવન બિના જરૂર. પ્રી૦ ૪

## પદ ૨ (૫૪)

સાંવરિયો રંગ છેલ રે, ચિત્ત ચોરી ગયો રે. સાં૦
બિનું દેખે મોય કલ ન પરત હે, બિરહાનલસોં જરેલ રે. સાં૦ ૧
પરત ન ચેન રેન દિન મોહે, નીરખે બિના અલબેલ રે. સાં૦ ૨
શ્રી ઘનશ્યામકી સુંદર મૂરત, નિશદિન પાસ રહેલ રે. સાં૦ ૩
અવધપ્રસાદ કે પલ નહિ બિસરત, અંતરમાંહી ધરેલ રે. સાં૦ ૪

## પદ ૩ (૫૫)

કનૈયો ચિત્તચોર રે, મેરો ધ્યાન હર્યો રે. ક૦
એહી બિના અબ ભઈ હું દીવાની,
બિસરત નાંહિ નિશભોર રે. ક૦ ૧
જાદુગારે પ્યારે નંદદુલારે, હર લીનો મન મોર રે. ક૦ ૨
મરમ ભરી મોહન કી બતિયાં, લેત કરેજવા કોર રે. ક૦ ૩
અવધપ્રસાદકે નાથ બિના ભઈ, ચંદરહિત જ્યું ચકોર રે. ક૦ ૪

## પદ ૪ (૫૬)

સાંવરિયા સુખદેન રે, મેરો મન હર લેન રે. સાં૦
કૃપા કરી મોય દરશન દીજે, અરુન કમલદલ નેન રે. સાં૦ ૧
તિહારે મિલનકું જીયરા જરત હે, ખટકત હે મીઠે બેન રે. સાં૦ ૨
મૂરતિ શ્રી ઘનશ્યામ તિહારી, બિસરત નહિ દિન રેન રે. સાં૦ ૩
અવધપ્રસાદ કે, આય બસો ઉર,
તુમ બિન નહિ સુખ ચેન રે. સાં૦ ૪

## રાગ ઠુમરી : પદ ૧ (૫૭)

તુમ સંગ જીયરા લાગ્યો રે પ્યારે, તુમ૦
જીયરા લાગ્યો મેરો તુમ સંગ મોહન,
ઔર સબહી દુ:ખ ભાગ્યો રે. પ્યા૦ ૧
નીરખી મેં મૂરતિ શ્યામ તિહારી, ચરનકમલ અનુરાગ્યો રે. પ્યા૦ ૨
તુમ હો જીય કે પરમ સનેહી, અવર સનેહ સબ ત્યાગ્યો રે. પ્યા૦ ૩
અવધપ્રસાદ કે નાથ રહો દગ, એહી દિયો વર માગ્યો રે. પ્યા૦ ૪

## પદ ૨ (૫૮)

સહજાનંદ સુખદાઈ હો તુમ, સહજાનંદ૦
સહજાનંદ તુમ જીયકે જીવન, પ્રીત કરી ચિત્ત લાઈ હો. તુ૦ ૧
નીરખી બદન તેરો શ્યામ સુંદરવર,
અંતર અતિ સુખ પાઈ હો. તુ૦ ૨
પ્રીત તિહારી એસી બનવારી, મન બસ કીનો સદાઈ હો. તુ૦ ૩
અવધપ્રસાદ કે' નિશદિન રટી હું,
મૂરતિમેં મન ઠહરાઈ હો. તુ૦ ૪

## પદ ૩ (૫૯)

તોરી છબી મનમાની હો પ્યારે, તોરી૦
ઉરપર હાર કાનમેં કુંડળ, નીરખેં મેં રૂપનિધાની હો. પ્યા૦ ૧
શિરપર પાઘ શેખર બિચ સોહે, ભાલ તિલક લોભાની હો. પ્યા૦ ૨
ચંચલ ચિત્તવની ચંચલ બતિયાં, ચંચલ દગ રૂપ ખાની હો. પ્યા૦ ૩
અવધપ્રસાદ કે' નિરંતર એહી છબી,
ધ્યાન ધરી ઉર આની હો. પ્યા૦ ૪

## પદ ૪ (૬૦)

તુમ સંગ લગની લાગી રે મેરી, તુમ૦
લગન લગત મેરે ચિત્તમેં ગડ ગયે,
હરિવર શ્યામ સુહાગી રે. મે૦ ૧
શ્વેત વસ્ત્ર ધારે તન સુંદર, દેખી ભઈ બડભાગી રે. મે૦ ૨

તુમસે દિન દયા કે સાગર, પરમ પ્રીત મોરી જાગી રે. મે૦ ૩
અવધપ્રસાદ કે' શ્યામ તિહારી,
છબી રહો અંખિયન આગી રે. મે૦ ૪

## રાગ ધન્યાશ્રી : પદ ૧ (૬૧)

સખી નંદકુંવર કે સાથ, લગન મોરી લાગ રહી, સખી૦
લગન લગત ભઈ પરવશ ભારી,
નાંહિ નીકલગે ઓર ગાથ. લગન૦ ૧
જબસોં મથુરાં શ્યામ ગયે હે, તબસોં ભઈ હું અનાથ, લગન૦ ૨
પાતિ ન પઠઈ સાંવરે રે, રહે કુબરી સંગ નાથ. લગન૦ ૩
અવધપ્રસાદ કહે કબ મિલહી, ચરનકમલ ધરું માથ. લગન૦ ૪

## પદ ૨ (૬૨)

નિર્મોહી શ્રી ઘનશ્યામ, કપટ મોંસે બહુત કીયો, નિર્મોહી૦
નિશદિન યાસૂ સૂરત લગી હે, સુંદરવર સુખધામ. ક૦ ૧
ચિંતા બઢી મોરે ઉરમેં રે, કબ મિલી હે અભિરામ. ક૦ ૨
મનહર મૂરતિ શામકી રે, બિસરત નહિ આઠો જામ. ક૦ ૩
અવધપ્રસાદ હરિ વિનું અંતર, હોવત નહિ આરામ. ક૦ ૪

## પદ ૩ (૬૩)

સખી શ્રી ઘનશ્યામ કે સંગ, રટન મોરી લાગ રહી, સખી૦
રટના લગી યાકે નામકી રે, બિસરત નહિ શુભ અંગ. ર૦ ૧
બિરહ બિથા જારત હે સજની, હરિ બીનું મોહે અભંગ. ર૦ ૨
નીરખે બિના કલના પરે રે, જૈસેં રૂપ પતંગ. ર૦ ૩
અવધપ્રસાદ શ્રીકૃષ્ન મિલાઉ જબ, તબ મોય હોત ઉમંગ. ર૦ ૪

## પદ ૪ (૬૪)

નિર્મોહી જગ આધાર, પીર મોરી ન જાની, નિર્મોહી૦
જાઈ બસ્યો શુભ ધામમાં રે, હમતો ભઈ નિરાધાર. પીર૦ ૧

પીર પીર કહી નાથ પોકારતી, દુ:ખકો વાર ન પાર. પીર૦ ૨
હરિ વિના કુન દુ:ખ મેરો ટારે, સુખકારી કિરતાર. પીર૦ ૩
અવધપ્રસાદ ઘનશ્યામશું રે, કહિયો પ્રણતી હમાર. પીર૦ ૪

### રાગ જંગલો આદિ ત્રિતાલ : પદ ૧ (૬૫)

સૂની સૂની સાંવરિયા છેલ રે, તોરી બંસી મધુરે સ્વર બાજી. સૂની૦
બંસી સુનાઈ મેરો પ્રાન હર્યો હે, સુંદરવર અલબેલ રે. તો૦ ૧
બંસી બજાઈ જીયા લલચાઈ, બસ કીની રંગરેલ રે. તો૦ ૨
કાલિંદી તટ ધેન ચરાવત, મારત નેંન હસ ખેલ રે. તો૦ ૩
અવધપ્રસાદ કે ચિત્તમેં બસ ગઈ,
મોરલી મરમ ભરેલ રે. તો૦ ૪

### પદ ૨ (૬૬)

લગે લગે નયન કે બાન રે, તેરે શ્યામ સુંદર બનવારી. લગે૦
નેનકી સેંનમેં જીયરા હર્યો મેરો, ભૂલી હું ભોજન પાન રે. તે૦ ૧
માધુરી મૂરત દેખી તિહારી, બિસર ગઈ તન ભાન રે. તે૦ ૨
પહિરે ભૂષન બસન મનોહર, નીરખી ભઈ ગુલતાન રે. તે૦ ૩
અવધપ્રસાદ કે મન હર લીનો, કરી કરી નૌતમ ગાન રે. તે૦ ૪

### પદ ૩ (૬૭)

પીરી પીરી દેખી શિર પાઘ રે, ચિત્તચોર લંગરવા તેરી. પીરી૦
ટેઢી પાઘ શિર ટેઢી કલંગી, ઝૂકી રહી વામ ભાગ રે. ચિ૦ ૧
ઉર પર હાર હજારી લલેકે, વામ શ્રવન મન લાગ રે. ચિ૦ ૨
શ્રી ઘનશ્યામ તેરી સુંદર મૂરતિ, નીરખી ભઈ બડભાગ રે. ચિ૦ ૩
અવધપ્રસાદ કહે રહો મેરે, નંદકુંવર સંગ રાગ રે. ચિ૦ ૪

### પદ ૪ (૬૮)

ચલી ચલી ચટકતી ચાલ રે, ચિત્ત ચોર્યો કનૈયે કારે. ચલી૦
ચાલકી ચટકી અંતર અટકી, નીરખી ભઈ હું નિહાલ રે. ચિ૦ ૧
ચલત હે ચાલ પહિરે બનમાલ, કર ગ્રહી માલ રૂમાલ રે. ચિ૦ ૨

ચાલ ચલત ગૃહ આવત મોરે, ઓઢે શાલ વિશાલ રે. ચિ૦ ૩
અવધપ્રસાદ કે' રહો ઉર મેરે, નંદમહર કે લાલ રે. ચિ૦ ૪

## રાગ ઠુમરી : પદ ૧ (૬૯)

મન હર લીન હમારો ધર્મસુત, મન હર લીન હમારો રે. મન૦
હસી મુસકાય કે મનવા મેરો, લે જ્યું ગયો દગ તારો રે;
આય અચાનક ઘાયલ કીની, કરી કરી નેન નજારો રે. મ૦ ૧
કહીં બતિયાં કછુ મર્મકી સુંદર, શ્રી ઘનશ્યામ અટારો રે;
પ્રીત લગાય કે પરવશ કીની, સુંદર ધર્મ દુલારો રે. મ૦ ૨
શ્યામ સુંદરકી શોભા નીરખી, છૂટ ગયો જગ સારો રે;
સ્વર્ગ મૃત્યુ પાતાળમેં દેખે, કોહું નહિ અસ પ્યારો રે. મ૦ ૩
કાનમે' કુંડળ મકરાકૃત ધરી, ઉર પર હાર હજારો રે;
અવધપ્રસાદકે ચિત્તમેં બસ ગયો, વામ શ્રવન તિલ સારો રે. મ૦ ૪

## પદ ૨ (૭૦)

શ્યામ છબી સુખકારી મનોહર, શ્યામ છબી સુખકારી રે. શ્યા૦
એહી બીનું સ્વામી અવર નહિ મેરે, ત્રિભુવનમેં હિતકારી રે;
પ્રીત કરી પુરુષોત્તમ નીરખે, નટવર ભવ ભય હારી રે. શ્યા૦ ૧
શિરપર પાઘ ગુલાબી ધારે, પેચ સહિત અતિ પ્યારી રે;
ભ્રકુટિ ભાલ તિલકકું નીરખી, હો ગઈ જગશું ન્યારી રે. શ્યા૦ ૨
ચંચલ મૂર્તિ શ્યામ ચતુરકી, ચાલ હંસ અનુસારી રે;
દેખી બદન થકિત ભઈ સજની, રહી મેં શ્યામ નિહારી રે. શ્યા૦ ૩
નાસા કપોળ રૂ નેનનકી છબી, કહાં બરનું અતિભારી રે;
અવધપ્રસાદ કે નાથકી મૂર્તિ, લહી મે' અંતર ધારી રે. શ્યા૦ ૪

## પદ ૩ (૭૧)

હરિકૃષ્ન ઉર ધારી જીવુંગી મે', હરિકૃષ્ન ઉર ધારી રે. હ૦
દીનાનાથ દયા કે સાગર પુરુષોત્તમ સુખકારી રે;
રહો સમાગમ નાથકો મેરે, એહી હે અરજ હમારી રે. હ૦ ૧

જેસોંહીં ચંદ ચકોરકું પ્યારો, તેસોંહીં પ્રીત અપારી રે;
શ્રી ઘનશ્યામ અંતરમેં બસિયા, મોહન કૃષ્ન મોરારિ રે. હ૦ ૨
જન્મોજન્મ કી નાથકી ભઈ હું, ઓર સકલ હિ બિસારી રે;
પ્રગટ પ્રમાન આય મિલે જબસોં, તબસોં દિયે દુઃખ ટારી રે. હ૦ ૩
અવધપ્રસાદકે નાથકી છબી કું, જતન કરીકે ભારી રે;
રખું નિરંતર અંતર મેરે, ટેક અચળ એક ધારી રે. હ૦ ૪

### પદ ૪ (૭૨)

સહજાનંદ નિહારે સખી મેં, સહજાનંદ નિહારે. સ૦
શ્રી ઘનશ્યામ બદનકી શોભા, નિશદિન અંતર ધારે રે;
સુંદર નેન કમલ દલ જેસે, ભ્રકુટિ ધનુષ્યાકારે રે. સ૦ ૧
ગહરી નાભિ અજકે કારન, ત્રિવળી તાપ નિવારે રે;
વિશદ ઉદર વર કટિ તટ સુંદર, જાનું જુગલ છબી ભારે રે. સ૦ ૨
અરુણ કમલ સમ ચરન મનોહર, સોલ ચિહ્નન જુત સારે રે;
નખશીખ મૂર્તિ નાથકી સુંદર, કરું અખંડ દગ તારે રે. સ૦ ૩
ચંચળ મૂર્તિ ધર્મકુંવરકી, શ્વેત વસન નિત્ય ધારે રે;
અવધપ્રસાદ નીરખી યહ શોભા, અંતરમાંહી ઉતારે રે. સ૦ ૪

### રાગ ઠુમરી : પદ ૧ (૭૩)

પ્યારે કનૈયા માનો બતિયાં, ના બોલો એલફેલ રતિયાં. પ્યા૦
નેન બાનકી ચોટ લગાયકે, કહાં ગયે તે છેલ રતિયાં. પ્યા૦ ૧
પ્રેમકી પ્રીત મનોહર તેરી, મનહર લીન રંગરેલ રતિયાં. પ્યા૦ ૨
નીરખી બદન તિહારો મોહન,
ભૂલી હું ગાગર હેલ રતિયાં. પ્યા૦ ૩
અવધપ્રસાદ કે નંદકુંવર વર, રોકી મોહે તુમ ગેલ રતિયાં. પ્યા૦ ૪

### પદ ૨ (૭૪)

કહું કનૈયા જાને દે મોહે, ના છેડો મોરે મીત અતિયાં. ક૦
સાસુ નણંદ મોહે ટૂંના મારત,
કહિ કહિ આન કી રીત અતિયાં. ક૦ ૧

કાનકુંવર તુમ રોકત ટોકત,
મગ બિચ આવત નિત્ય અતિયાં. ક૦ ૨
શ્યામ સલૂને તેરી છબી મોહે,
બિસરત નહિ પલકિત અતિયાં. ક૦ ૩
અવધપ્રસાદ કહે કલ ન પરે અબ,
સૂને બિના તેરે ગીત અતિયાં. ક૦ ૪

### પદ ૩ (૭૫)

જાની કનૈયા તોરી ગતિયાં, ના તોરો મોરો હાર છતિયાં. જા૦
નંદરાયકે કુંવર કનૈયા, બોલો બોલ વિચાર છતિયાં. જા૦ ૧
કંસરાયશું પ્રીત હમારી, ન જાનો તુમ યાર છતિયાં. જા૦ ૨
તુમ હો છોરા નંદમહરકે, ન રોકો પરનાર અતિયાં. જા૦ ૩
અવધપ્રસાદ કે નાથ તિહારી, રાખી છબી મેં ધાર છતિયાં. જા૦ ૪

### પદ ૪ (૭૬)

દેખી રે જમુના કે તટવા, નંદદુલારે છેલ નટવા. દે૦
મે' દધિ બેચન જાતી ગોકુલસોં,
આય ડગર બિચ લૂંટ મટવા. દે૦ ૧
દહીં મેરો ખાય મટુકી મેરી ફોરી,
લાલ ચૂનરિયાં ફારી વટવા. દે૦ ૨
મેરો બરજ્યો કછુ નહિ માન્યો, દેવત મોકું ગાર અટવા. દે૦ ૩
અવધપ્રસાદ કે નાથ કી સુંદર,
મૂર્તિ વસી મેરે આય ઘટવા. દે૦ ૪

### રાગ દાદરા : પદ ૧ (૭૭)

ગુલાબી પાઘ ધારી રે, સોહે સાંવરિયો. ગુ૦
કેસર જામા ધરે અભિરામા, નીલો દુપટ્ટો શુભ ભારી રે. સો૦ ૧
કેસર ઘોરી અતિ રંગ રોરી, કર કંચન પિચકારી રે. સો૦ ૨

રમે રસરંગે સબ પ્રફુલ્લિત અંગે,
નિજ સખા ઘેરે ગિરધારી રે. સો૦ ૩
અવધપ્રસાદ નીરખી યહ શોભા,
તન મન પ્રાન જાત વારી રે. સો૦ ૪

### પદ ૨ (૭૮)

ગંગા નહાને ચલે હરિ છેલા રે. ગંગા૦
નરનારાયણ મંદિર હુંસેં, રંગભર સોહે જન મેલા રે. ગં૦ ૧
સંગ અસવારી લિયે બહુ ભારી,
તુરંગ જ્યું કુરંગ ઊડેલા રે. ગં૦ ૨
સાબરમતી સ્નાન કરત હરિ, તેહી જળ પાવન કરેલાં રે. ગં૦ ૩
અવધપ્રસાદ કે' બોલે તબ ગંગા, બચન હેતસેં ભરેલાં રે. ગં૦ ૪

### પદ ૩ (૭૯)

તુમ દર્શનસેં ભઈ બડભાગી રે. તુમ૦
બહુત દિનનકો બિજોગ રહ્યો મોય,
તુમ બિન રહી હું અભાગી રે. તુ૦ ૧
તુમ હો દીન દયા કે સાગર, મિલે નાથ હોઈ અનુરાગી રે. તુ૦ ૨
અધમ ઉધાર પતિત કે પાવન, તુમ મિલે ભૈ હું સોહાગી રે. તુ૦ ૩
અવધપ્રસાદ કહે યું ગંગા, પાવન કરી પ્રીત લાગી રે. તુ૦ ૪

### પદ ૪ (૮૦)

બોલે ઘનશ્યામજી સૂનો ગંગા બાત રે. બોલે૦
સંત સહિત મમ પરસ ભયો જબ,
તબ તું ભઈ વિખ્યાત રે. બો૦ ૧
જન અધિકારી આઈ સ્નાન કરત ધાઈ,
કોટિ જનમ પાપ જાત રે. બો૦ ૨
ચૌદ લોક માંહી તેરે તુલ્ય કોઉં નાંહિ,
શેષ મહેશ સબ ગાત રે. બો૦ ૩

અવધપ્રસાદકે નાથ કહત યું,
સ્નાન કરી ધામ મમ પાત રે. બો૦ ૪

## રાગ ગરબી : પદ ૧ (૮૧)

શ્રી સહજાનંદ શ્યામ મળો રે, અક્ષર પર અવિનાશ;
સખી જોને શ્યામને રે. ટેક.
અલબેલે અમદાવાદમાં રે, મંદિરમાં કર્યો વાસ. સ૦ ૧
સંતસભા મધ્યે આવીને રે, બેઠા પાટે બહુનામી; સ૦
શોભા તે શ્રી ઘનશ્યામની રે, નીરખી થાયે નિષ્કામી. સ૦ ૨
શોભે છે શ્રીહરિ સંતમાં રે, તારા મધ્યે જેમ ચંદ; સ૦
મૂર્તિ તે જોઈ મહારાજની રે, થાય અતિ આનંદ. સ૦ ૩
હરિવર હેતે શું હેરીને રે, ઉપજાવે જનને ઉમંગ; સ૦
બેઠા તે બહુ હેતે કરી રે, અવધપ્રસાદને સંગ. સ૦ ૪

## પદ ૨ (૮૨)

ચાલ સખી ચોંપે કરી રે, જોવા જાયે જગદીશ;
શોભે છે સંતમાં રે. ટેક.
મુગટ મણિમય શોભતો રે, હરિએ હેતે ધર્યો શીશ. શો૦ ૧
ભાલ તિલક કોઈ ભાત્યનું રે, કેસર કેરું કરેલ; શો૦
શામક બાણ સરીખડી રે, ભ્રકુટિ રંગ ભરેલ. શો૦ ૨
નેણાંમેં નૌતમ નાથને રે, રાતી રૂપાળી રેખ; શો૦
નમણી તે નાથની નાસિકા રે, પ્રીત કરીને પેખ. શો૦ ૩
શી કહું શોભા કાનની રે, શ્યામ બિંદુ મહીં સાર; શો૦
અવધપ્રસાદને વાલમે રે, ગુચ્છ પહેર્યો કરી પ્યાર. શો૦ ૪

## પદ ૩ (૮૩)

જોને સખી જગદીશને રે, તિલ એક ગોળ કપોળે;
તેની શોભા શી કહું રે. ટેક.
મરમાળી મૂછ રેખને રે, ધ્યાન ધરી મુનિ ખોળે. તે૦ ૧

અધર પ્રવાલા સરખા રે, દાડમ કળી જેવા દાંત; તે૦
શ્યામ ચિહ્ન છે દાઢમાં રે, નીરખીને થાય નીરાંત. તે૦ ૨
રૂપાળી ઊઠે છે રેખડી રે, મંદ મંદ હસતાં મુખ; તે૦
મીઠું મીઠું બોલી માવજી રે, આપે અલૌકિક સુખ. તે૦ ૩
ચિબુક ઉપર નાથને રે, કાળા છે સુંદર કેશ; તે૦
અવધપ્રસાદનો વાલમો રે, શોભે છે નટવર વેશ. તે૦ ૪

## પદ ૪ (૮૪)

સુંદર શ્રી ઘનશ્યામને રે, દાઢી હેઠો તિલ એક;
એને રાખું આંખમાં રે. ટેક.
કંઠ તે કંબુ સરીખડો રે, ભાળે છે ભક્ત અનેક. એ૦ ૧
જત્રુ તે જીવનપ્રાણની રે, જોઈને જન લલચાય; એ૦
અંશ તે ઊપડતા અતિ રે, દેખીને દુ:ખ જાય. એ૦ ૨
ભુજા ઉપર ભગવાનને, છાપના ચિહ્ન છે સાર; એ૦
કૂણિયું શ્યામની શોભતી રે, પામે નહિ કોઈ પાર. એ૦ ૩
પોંચા ઉપર ચિહ્ન છાપનાં રે, કાંડાં કઠણ બળવાન; એ૦
અવધપ્રસાદનો વાલમો રે, શોભે છે ભીને વાન. એ૦ ૪

## પદ ૫ (૮૫)

રૂડી અતિ રળિયામણી રે, હરિની હથેળિયું રાતી;
ચોરે છે ચિત્તને રે. ટેક.
શ્યામ રેખું તેમાં શોભતી રે, અરુણ આંગળિયુંની પાંતિ. ચો૦ ૧
નખની તે કાંતિ જોઈને રે, લાજે છે શીશ અરુ સુર; ચો૦
કરભ ઉપર કેશ શ્યામ છે રે, દેખીને દુ:ખ થાય દૂર. ચો૦ ૨
બેઉ ભુજા બહુ નામીના રે, જાનુ સુધી જોને શોભે; ચો૦
ઊપડતી છાતી ઓપતી રે, જોઈ જોઈને જન લોભે. ચો૦ ૩
શ્યામ સ્તન શોભે ઘણાં રે, કેશ સહિત કરી જોર; ચો૦
અવધપ્રસાદ હરિ ચાંદમેં રે, જોવે છે જન ચકોર. ચો૦ ૪

પદ ૬ (૮૬)

શોભા તે શી કહું ઉરની રે, શ્રી વચ્છ ચિહ્નન સહિત;
હેરે જન હેતશું રે. ટેક.
ઉદરે ત્રિવલી જોઈને રે, શાંતિ થાય છે ચિત્ત. હે૦ ૧
નાભિ તે ગોળ ગંભીર છે રે, કમળ કેરે આકાર; હે૦
શ્યામ કટિ ને ઉપરે રે, કનક કંદોરો સાર. હે૦ ૨
કેળ ને કરભ સરીખડા રે, સાથળ સુંદર શોભે; હે૦
જાનું જુગલ જગદીશના રે, લોચન નીરખીને લોભે. હે૦ ૩
પિંડિયું પ્રાણ આધારની રે, સુખને શાંતિ કરે છે; હે૦
અવધપ્રસાદના નાથને રે, નીરખીને નેણ ઠરે છે. હે૦ ૪

પદ ૭ (૮૭)

જોને સખી ઘનશ્યામની રે, સુંદર ઘૂંટિયું શ્યામ;
જીવું છું જોઈને રે. ટેક.
બેઉ ચરણ બહુનામીનાં રે, અતિ કોમળ અભિરામ. જી૦ ૧
અંગૂઠા આંગળિયું તણા રે, ચિહ્નન તે ચિત્ત હરે છે; જી૦
નખમણિ કાંતિ કરી રે, ચંદને ઝાંખો કરે છે. જી૦ ૨
જમણે અંગૂઠે તિલ છે રે, નીરખવા જેવો નિત્ય; જી૦
નખમાં તે ચિહ્નનને જોઈને રે, પૂરણ વાધે પ્રીત. જી૦ ૩
મરમાળા મોહનલાલને રે, ચરણ તળે ચિહ્નન સોળ; જી૦
અવધપ્રસાદના નાથની રે, પાનિયું સુદર ગોળ. જી૦ ૪

પદ ૮ (૮૮)

હરિવર હેતે શું પે'રિયા રે, શોભિતા શણગાર;
શોભા તેની શી કહું રે. ટેક.
શ્વેત ધોતી પહેરી શામળે રે, કમર કસી કરી પ્યાર. શો૦ ૧
જરકસી જામો પે'રિયો રે, ઉપરણી અનુપ; શો૦
પેચાળી પાઘને ઉપરે રે, છોગાં ધર્યાં સુખરૂપ. શો૦ ૨

બાંયે બાજુબંધ બેરખા રે, હૈડે ગુલાબના હાર; શો૦
વેઢ વીંટી કડાં સાંકળાં રે, કુંડળ મકરાકાર. શો૦ ૩
નખશિખ મૂર્તિ નાથની રે, ધ્યાન ધરી લાવો ચિત્ત; શો૦
અવધપ્રસાદના નાથને રે, રાખો અંતરમાં નિત. શો૦ ૪

## રાગ ગરબી : પદ ૧ (૮૯)

સખી ભક્તિ ધરમના પુરમાં રે, હરિ કરે છે સુંદર ખેલ;
મુને પ્યારો લાગે કુંવર ધર્મનો રે. ટેક.
હરિ સંગે સખાની મંડળી રે, લઈ ચાલ્યા સુંદરવર છેલ. મુ૦ ૧
વા'લો શોભે છે અતિ રળિયામણા રે,
કરે ખ્યાલ નવીન અલબેલ; મુ૦
હરિ ચાલે છે ચાલ ઉતાવળી રે, હું તો દેખી મોહી રંગરેલ. મુ૦ ૨
વા'લો આવે છે સનમુખ હેરતા રે,
મારાં નીરખીને નેણ ઠરેલ; મુ૦
સખી અવધપ્રસાદના નાથને રે,
જોઈ ભરવી ભૂલી જળ હેલ. મુ૦ ૧

## પદ ૨ (૯૦)

સખી સર્વે સખાના સંગમાં રે, આજ જોયા સુંદર ઘનશ્યામ;
હું તો હરખી મોહી એના રંગમાં રે. ટેક.
હરિ ચાલ્યા નાવા ગૌઘાટમાં રે, સંગે સખા લઈ બલરામ. હું૦ ૧
હરિએ બાંધી છે જરકસી પાઘડી રે,
ઓઢી ઉપરણી ઘનશ્યામ; હું૦
હરિ વિશ્વામિત્રીમાં નાહીને રે, ગૌદાન આપ્યાં અભિરામ. હું૦ ૨
સખી વિપ્રને ત્યાં બોલાવિયા રે,
કરવા ભોજન બહુ સુખધામ; હું૦
પાછા સંગે સખા લઈ આવિયા રે, તેમાં કનૈ ને મંછારામ; હું૦ ૩

પહલવાન સખા સંગ શોભતા રે,
વળી નિશ્ચલ વિરજ્યા રામ; હું૦
અવધપ્રસાદનો વાલમો રે, કરે સખા સંગે વિશ્રામ. હું૦ ૪

## પદ ૩ (૯૧)

સખી ભક્તિ ધર્મને આંગણે રે, મુક્ત સંગ રમે જગવંદ;
એવા નીરખ્યા શ્રી ઘનશ્યામને રે. ટેક.
સખી એની અલૌકિક મૂરતી રે, જોઈ ઝાંખાં થયાં સૂર ચંદ. એ૦ ૧
સખી આડી તે નજરે હેરતા રે, વાલો ટાળે છે જનના ફંદ; એ૦
પાવ પાદુકા પહેરીને ચાલતા રે, સખી શામળિયો સ્વછંદ. એ૦ ૨
સખી સુંદરવર સુખધામને રે, જોઈ ન્યાલ થયા મુનિવૃંદ; એ૦
સખી કર ગ્રહીને ખેલતા રે, સખા સંગે કરે યુદ્ધ દ્વંદ. એ૦ ૩
એવી રીત્યે તે સુખને આપતા રે, છપૈયામેં તે બાલમુકુંદ. એ૦
સખી અવધપ્રસાદ કે' જોઈને રે,
અતિ ઉરમેં થયો આનંદ. એ૦ ૪

## પદ ૪ (૯૨)

સખી નારાયણ સર જોઈને રે, હરિ મનમાં અતિ હરખાય,
જેને સુધા સિંધુ સરખું કર્યું રે. ટેક.
એનો મહિમા તે શો કહું મુખથી રે,
મોટા મોટા મુનિવર ગાય. જે૦ ૧
સખી સર્વે સખા સંગે લેઈને રે,
તેમાં હેતે હરિ નિત નહાય; જે૦
હરિ ડબકી મારે અતિ હેતશું રે, વળી ઝાલે સખાની બાંય. જે૦ ૨
વાલો પાટુડિયેં રમે પ્રીતશું રે, તેને જોવા બ્રહ્માદિક ચ્હાય; જે૦
વાલો નરવિર સરમાં નાઈને રે, ફરે ત્રટમાં નિત હરિરાય. જે૦ ૩

સખી એ સર ત્રટ વૃક્ષ વેલિયું રે,
તેનો મહિમા કહ્યો નવ જાય; જે૦
સખી અવધપ્રસાદના નાથને રે,
અતિ વહાલું લાગે મન માંય. જે૦ ૪

## રાગ ભૈરવ : પદ ૧ (૯૩)

હોત પ્રાત ઘનશ્યામ જગાવે, ભક્તિ માત સુખકારી. હો૦
મેવા પાન લિયે કર સુંદર, ભરી કંચન કી ઝારી. હો૦ ૧
શિરપેં જટા અંગે વિભૂતિ, દ્વાર ઠાઢે ત્રિપુરારિ;
ભક્તિ માતકું કહે કર જોરી, દર્શન દેવે મોરારિ. હો૦ ૨
સુંદર બદન ચંદ સમ સોહે, ઊઠે શ્યામ બનવારી;
પિવત દૂધ સાકર લઈ સારી, નીરખી હરખીં નરનારી. હો૦ ૩
ધર્મદેવકે અંગન આગે, ભીર ભઈ અતિ ભારી;
અવધપ્રસાદ નીરખી યહ મૂરતિ, લહિ અંતરમેં ધારી. હો૦ ૪

## પદ ૨ (૯૪)

પ્રીત કરી હરી દૂધ પીવાવે, ભક્તિ માત ઉર લાઈ. પ્રી૦
ચંદન અત્તર લેપ કર અંગે, ચુંમત લાલ બોલાઈ. પ્રી૦ ૧
ઠુનુક ઠુનુક પગ નેપુર બાજે, લહિ ઝંગુલી પહિરાઈ;
શિરપેં ટોપી કાનમેં મોતી, નીરખી હરખી રહી માઈ. પ્રી૦ ૨
પુરુષોત્તમ અક્ષરપુરવાસી, મનુષ્ય દેહ ધરી આઈ;
ધર્મદેવકે લાલકું દેખી, જન્મ મરન દુઃખ જાઈ. પ્રી૦ ૩
ચંચલ મૂર્તિ શ્યામ સુંદરકી, નિત નિત પ્રીત બઢાઈ;
અવધપ્રસાદ એહી લાલનકું, નીરખી અંતર સુખ પાઈ. પ્રી૦ ૪

## પદ ૩ (૯૫)

ધર્મ દેવ સુત સુંદર જાની, વિદ્યા વિવિધ પઢાવે. ધ૦
મુખ મનોહર દેખી લાલકો, મનમેં મુદ અતિ લાવે. ધ૦ ૧

ધર્મશાસ્ત્ર વેદાંત કે સુંદર, લહિ ગુટકા બનવાવે;
થોરે દિવસ મહીં શ્યામ પઢી રહે, આનંદ ઉર ન સમાવે. ધ૦ ૨
ધર્મ વૈરાગ્ય કી બાત કરત હરિ, બાલક કું સમજાવે;
પ્રગટ પ્રમાન શ્રી પુરુષોત્તમ, શાસ્ત્ર કો સાર સુનાવે. ધ૦ ૩
નારાયન સર સ્નાન કરત હરિ, બહુત ચરિત્ર દેખાવે;
અવધપ્રસાદ ચરનામૃત લેવે, અક્ષરધામ સો જાવે. ધ૦ ૪

પદ ૪ (૯૬)

શ્રી ઘનશ્યામ વૈરાગ્ય કું પાઈ, તીરથ કરન સિધારે. શ્રી૦
રામપ્રતાપ રુ ઈચ્છારામ દોઉં, ભ્રાત કું ઢૂંઢત હારે. શ્રી૦ ૧
મુક્તાનાથ મહાવિષ્નુ દરશ હિત, ચલે હરિ સુખકારે;
દર્શન દેવ કે કરી કે નૌતમ, અનંત જીવ ઉદ્ધારે. શ્રી૦ ૨
શ્રી પુરુષોત્તમ પ્રગટ હરિ હે, તીરથ પાવનકારે;
જે જન આઇ કરે હરિ શરનો, જનમ મૃત્યુ દુઃખ ટારે. શ્રી૦ ૩
કાલ મૃત્યુ કો ભય અતિ ભારી, ઔર ન ટારન હારે;
અવધપ્રસાદ નિરંતર એહી, નીલકંઠ ઉર ધારે. શ્રી૦ ૪

રાગ કાફી : પદ ૧ (૯૭)

સહજાનંદ છબી દગ ધારિયાં. સહજાનંદ૦
અક્ષરપાર પરમ પુરુષોત્તમ,
સોઈ મનુષ્ય ભયે જગ સુખકારિયાં. સ૦ ૧
મંગલકારી શ્યામ મનોહર,
તન પર શ્વેત બસન શુભ ભારિયાં. સ૦ ૨
શિરપર મુગટ કાનુંમેં કુંડળ,
ભાલમેં ચંદ્રક ચંદાનુસારિયાં. સ૦ ૩
અવધપ્રસાદ નીરખી યહ મૂરતિ,
હેત સહિત અંતરમેં ઉતારિયાં. સ૦ ૪

## પદ ૨ (૯૮)

સહજાનંદ સૂરત હિતકારિયાં. સહજાનંદ૦
દીનાનાથ દીનકે બંધુ, કૃપાસિંધુ મેરી મતિયાં સુધારિયાં. સ૦ ૧
એહી બિનુ અવર શરન નાંહિ મેરે,
એક પ્રતીત અંતરમેં ધારિયાં. સ૦ ૨
સહજાનંદ સદા સુખદાયક,
જનમ મરન ભય ભ્રાંતિ નિવારિયાં. સ૦ ૩
અવધપ્રસાદ કહત હે નિશદિન,
રટના લગી ઈનકી એક તારિયાં. સ૦ ૪

## પદ ૩ (૯૯)

સહજાનંદ પ્રગટ જગ સ્વામી. સહજાનંદ૦
સહજાનંદ સદા શ્વેતાંબર, પ્રીત કરી પહિરે બહુનામી. સ૦ ૧
બાંય બાજુ બાંધ લીયે હે,
નીરખી બદન નિત્ય ભઈ નિષ્કામી. સ૦ ૨
હિયરે હાર હજારી લલકે, ઝલકે ભાલ દેખી સુખ પામી. સ૦ ૩
અવધપ્રસાદ કે શામ કું નીરખી,
તન મન તપત ગઈ સબ વામી. સ૦ ૪

## પદ ૪ (૧૦૦)

સહજાનંદ કો શરન હમારે. સહજાનંદ૦
શરનાગતકું શરનમેં રાખત,
શ્યામ સુંદર સમરથ મતવારે. સ૦ ૧
જેહી જન આઈ રહે ઈન શરને,
તેહી જનકું તુરત ભવ તારે. સ૦ ૨
એહી બિનું અવર શરન પકરત હે,
સો નરકું દુ:ખ હોત અપારે. સ૦ ૩
અવધપ્રસાદ કે શ્યામ શરનસેં,
કામ ક્રોધ મદ મોહ નિવારે. સ૦ ૪

## રાગ કાલિંગડો : પદ ૧ (૧૦૧)

કબ મિલ હે બિછૂરે ઘનશ્યામ. કબ૦
જા દિનસેં મોય શ્યામ બિસારી,
તા દિનસેં સુખ ભયો હે હરામ. ક૦ ૧
આવન કી મોય અવધ કરી ગયે,
ઉમર બિતિ નાયે સુખધામ. ક૦ ૨
કવન ઠગારી ઈને ટોના ડારી,
બસ કર રખે ઘરું પૂરન કામ. ક૦ ૩
અવધપ્રસાદ નિરંતર હેરત,
પ્રીત લગાઈ તેરી અતિ રામ. ક૦ ૪

## પદ ૨ (૧૦૨)

પ્રીતમ પ્યારે પ્રીત મોરી તોરી પ્રીતમ૦
નટવર નાવ નવલ રંગભીને,
કરી કરી નેહ ઠગારે ઠગોરી. પ્રી૦ ૧
જગકે કારન ભવદુઃખ તારન,
એહી બિનું ઔર ગતિ નહિ મોરી. પ્રી૦ ૨
શ્યામ સુંદર બિનું સુખ નહિ આવત,
કર હું વિલાપ ઉમર રહી થોરી. પ્રી૦ ૩
અવધપ્રસાદ નિરંતર અંતર,
ચરન કમલ બરનિ એક જોરી. પ્રી૦ ૪

## પદ ૩ (૧૦૩)

સુંદર શ્યામ મિલહી કબ દોરી. સુંદર૦
શ્રી ઘનશ્યામ માધુરી મૂરત, તેહી ચરને પ્રીતી રહી મોરી. સું૦ ૧
શિર ધરે પાઘ શેખર બિચ સોહે,
ભાલ તિલક લેહે ચિત્ત ચોરી. સું૦ ૨

ફૂલંદા હાર બાજુબંધ ગજરા,
પહિરત શ્યામ નેહ નયે જોરી. સું૦ ૩
અવધપ્રસાદ કે નાથકી શોભા,
અંતર આઈ રહો નિશ ભોરી. સું૦ ૪

### પદ ૪ (૧૦૪)

સખી કોઈ શ્યામ મિલાવે મોહી. સખી૦
શ્રી ઘનશ્યામ કી શામરી સૂરત,
બિસરત નાંહિ બિસારી સોહિ. સ૦ ૧
ચંચલ અંખિયાં ચંચલ બતિયાં,
ચંચલ મૂરતિ નાથ નિર્મોહી. સ૦ ૨
સુંદર શ્યામ નવલ રંગભીને, પ્રીત કરી અંતરમેં પ્રોહી. સ૦ ૩
અવધપ્રસાદ ઉર સુખ પાવત,
ચરન કમલ પરસેં જબ ઓહી. સ૦ ૪

### રાગ ભૈરવી : પદ ૧ (૧૦૫)

સહજાનંદ મહારાજ કી મૂર્તિ, લ્યો અંતરમેં ધારી. સ૦
મહા મુક્ત મંડળ સંગ લાઈ, તીરથ પાવનકારી. સ૦ ૧
સંગ અસવારી લીહે અતિ ભારી, નીરખી હરખી નરનારી. સ૦ ૨
શિર પર પાઘ પુષ્પ કે તોરા, પહિરે અંગરખી ભારી. સ૦ ૩
અવધપ્રસાદ શ્યામકું નીરખી, કામ ક્રોધ દુઃખ ટારી. સ૦ ૪

### પદ ૨ (૧૦૬)

શ્રી ઘનશ્યામ કી સુંદર મૂરતિ, અંતરમાંહી ઉતારો. શ્રી૦
કામ ક્રોધ મદ મોહ મહા રિપુ, ઈનકે ઠારનહારો. શ્રી૦ ૧
નરનારાયણ મંદિર આગે, કીન સભા તીન ધારો. શ્રી૦ ૨
પહિરે હાર ગુલાબ કે સુંદર, શિર પર પાઘ હે પ્યારો. શ્રી૦ ૩
અવધપ્રસાદ કે' રમે હરિ રંગે, ખેલ કરે જગ ન્યારો. શ્રી૦ ૪

### પદ ૩ (૧૦૭)

હરિકૃષ્ન મહારાજ કી મૂર્તિ, મંદિર માંહી બિરાજે. હ૦
શિરપર ટોપી કાનમેં મોતી, ઉર બનમાલ સુરાજે. હ૦ ૧
શ્રી વચ્છ ચિહ્નન ધારે હરિ સુંદર, ભાલ તિલક શુભ સાજે. હ૦ ૨
ત્રિવલી નાભિ શ્યામકી સોહે, નીરખી નીરખી દુ:ખ ભાજે. હ૦ ૩
અક્ષરધામ સેં આયે અવનીપર, અવધપ્રસાદ કે કાજે. હ૦ ૪

### પદ ૪ (૧૦૮)

નીલકંઠ મહારાજકું પાઈ, જનમ મરન દુ:ખ જાઈ. ની૦
શ્રી ઘનશ્યામ પ્રગટ પુરુષોત્તમ, અક્ષરવાસ કરાઈ. ની૦ ૧
ચંચલ મૂરતિ શ્યામ ચતુરકી, અંતરમેં ઠહરાઈ. ની૦ ૨
ત્યાગ વૈરાગ્ય ભક્તિ કી શોભા, પ્રગટ બિના ન સોહાઈ. ની૦ ૩
અવધપ્રસાદ સંત સંગ રહહી, હરિકૃષ્ન મન ભાઈ. ની૦ ૪

### રાગ ભૈરવ : પદ ૧ (૧૦૯)

ધર્મકુંવર ઘનશ્યામ સુંદરકું, દિન દિન થાર જીમાવે રે. ધ૦
ગામ જેતલપુર સુંદર ભૂમિ, ગંગાબાઇ રહાવે રે;
ભાત દાલ અરુ સુંદર વ્યંજન, અસ કોઉં નાંહિ બનાવે રે. ધ૦ ૧
કંચન ઝારી પવિત્ર હે વારિ, હરિકે કર ધોવરાવે રે;
અવધપ્રસાદ નીરખે હરિ જીમતા, આનંદ ઉર બહુ પાવે રે. ધ૦ ૨

### પદ ૨ (૧૧૦)

હરિકૃષ્ન મહારાજ સદાઈ, જેતલપુર કે વાસી રે. હ૦
નિત નિત સરમેં ના'ત હરિવર, કરત લીલા અવિનાશી રે;
લાડુ ખાંડ કે બ્રહ્મભોજ કરી, ટારી જન જમ ફાંસી રે. હ૦ ૧
હરિ કે હરિજન આશજી સુંદર, પ્રભુકે પાસ નિવાસી રે;
અવધપ્રસાદ માગે હરિ પાસે, અંતર રહો સુખરાશિ રે. હ૦ ૨

### પદ ૩ (૧૧૧)

જૈતલપુર બલદેવ રેવતી, હરિકે પાસ રહાઈ રે. જૈ૦
અનેક જીવ ઉધારનકું, સંત મુક્ત સંગ લાઈ રે;
જૈતલપુરકી ભૂમિ હે સારી, શ્રીહરિ મન અતિ ભાઈ રે. જૈ૦ ૧
શિરપર મુગટ બૈઠે હિંડોળે, સંત ભીર ભઈ આઈ રે;
કરી પૂજા આનંદ સ્વામી બહુ, અવધપ્રસાદ શિરનાઈ રે. જૈ૦ ૨

### પદ ૪ (૧૧૨)

સહજાનંદ મહારાજ જૈતલપુર, કોટીક જીવ ઉધારે રે. સ૦
શિવ બ્રહ્મા અરુ ઇન્દ્રાદિ સબ, આયકે ઉરમેં ધારે રે;
શ્રી ઘનશ્યામ કે ચરિત્ર દેખકે, મગન હોત મતવારે રે. સ૦ ૧
જૈતલપુર તડાગ ભૂમિ સબ, બ્રહ્મરૂપ કરી ડારે રે;
અવધપ્રસાદ કહે સ્નાન વાસ કરી,
જન હરિ ધામ સિધારે રે. સ૦ ૨

### રાગ જંગલો : પદ ૧ (૧૧૩)

નર નારાયણ સ્વામિનારાયણ,
ભજ મન પ્રગટ બિરાજે હરિ. ન૦
અક્ષરપર પુરુષોત્તમ સ્વામી, મનુષ્યદેહ હરિ આયે ધરી;
જેહી જન આઈ લેહે ઈન શરનો,
તીનકે પાપ સબ જાત જરી. ન૦ ૧
કોટી કોટી ભવ ભટકત બિતે, નરક ચોરાશી નાંહી ટરી;
પ્રગટ નીર બિનું પ્યાસ ન જાવે,
તેંસે પ્રોક્ષ જીય ભજન કરી. ન૦ ૨
જનમ મરન કો ત્રાસ હે ભારી, પ્રગટ વિના કહો કૈસે તરી;
ફૂટી આંખ અંધ ગુરુ કરી કે, ભવ ભટકી જીવ જાત મરી. ન૦ ૩
પ્રગટ પ્રતાપ ભયો અવનીપર, આંખ અસુરન ના ઉઘરી;
અવધપ્રસાદ પરમ પદ પાવે, સહજાનંદ પદ કમલ પરી ન૦ ૪

### પદ ૨ (૧૧૪)

કૃષ્ણ હરિ હરિકૃષ્ણ મનોહર, ભજીલે નર ઉર ધારી રે. કૃ૦
શેષ શારદા પાર ન પાવે, નિગમ કહત પોકારી રે;
એહી ઘનશ્યામ કો સમરન કરીલે,
મીટહી ભવ દુઃખ ભારી રે. કૃ૦ ૧
સુંદર શ્રી ઘનશ્યામ સદાઈ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે. કૃ૦ ૨
અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસે હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે. કૃ૦ ૩
જેહી જન આઈ રહે ઈન શરને, હો ગયે ભવજલ પારી રે;
અવધપ્રસાદ નાથકી છબીપેં, વાર વાર બલિહારી રે. કૃ૦ ૪

### પદ ૩ (૧૧૫)

નીલકંઠ વૈકુંઠ નાથ શું, પ્રીત કરી સુખદાઈ રે. ની૦
માત પિતા અરુ ભ્રાત નારી સંગ, પ્રીત નરક લહી જાઈ રે;
સુખકારી ઘનશ્યામ શરન મેં, ભવ ભટકત ફિરનાઈ રે. ની૦ ૧
કામ ક્રોધ મદ લોભ મહા રિપુ, તે સંગ પ્રીત બઢાઈ રે;
ધર્મ કરમ સત્સંગ ન કીનો, સૂધા તજી વિષ ખાઈ રે. ની૦ ૨
કાળ વ્યાલ શિર દુઃખ હે ભારી, દે ઘનશ્યામ મિટાઈ રે;
ભવસાગરસેં પાર ઉતારે, અખંડ શ્યામ રહે આઈ રે. ની૦ ૩
શ્રી મહારાજ આશરો રાખી, ભજન કરો મુદ પાઈ રે;
અવધપ્રસાદ નિરંતર એહી, સહજાનંદ મન ભાઈ રે. ની૦ ૪

### પદ ૪ (૧૧૬)

સહજાનંદ મહારાજ હમારે, સુંદરવર સુખરાશિ રે. સ૦
શ્રી પુરુષોત્તમ પ્રગટ આયકે, ટારત કાળકી ફાંસી રે;
દુઃખ નિવારન ભવજલ તારન, કરે અક્ષરકે વાસી રે. સ૦ ૧
ધ્યાન ધારના અખંડ સમાધિ, દેખાવે અવિનાશી રે;
અંતરમાંહી હરિકું ધારે, અખંડ મન રહે પાસી રે. સ૦ ૨

પ્રગટ પ્રમાન દેખી યહ મૂરતિ, જગસે હોત ઉદાસી રે;
દેખે દિવ્ય મૂર્તિ હરિ અંતર, અંતકાલમેં આસી રે. સ૦ ૩
અનંત અવતાર ધરે અવનીપર, બહુત ચરિત્ર દેખાસી રે;
અવધપ્રસાદ અખંડ યહ મૂરતિ, લહી અંતરમેં વાસી રે. સ૦ ૪

## રાગ જંગલો : પદ ૧ (૧૧૭)

શ્રી ઘનશ્યામ બાંધે શિર પગિયાં,
નીરખત મોરે મન ભાઈ રે. શ્રી૦
પગિયાં કે શિર પેચ ઝૂકે હે, વામ શ્રાવન લગ આઈ;
લિખિ લિખિ કે લલચાવત મોરે મન,
પેખત મદન લજાઈ રે. શ્રી૦ ૧
ભ્રકુટિ કુટિલ ભમરવત સોહે, ઉભય શ્રાવન સુખદાઈ;
તામહિ મકરા કૃત કુંડલ વર, નીરખ હરખ ઉર લાઈ રે. શ્રી૦ ૨
સુંદર નેન કમલ મનરંજન, ખંજન મીન લજાઈ;
નાસા શુક તુંડ સમ મોહત, દેખત અતિ મુદ પાઈ રે. શ્રી૦ ૩
ધર્મલાલ કી કહા છબી બરનું, નવીન જલદ સોહાઈ;
અવધપ્રસાદ ભાલ તિલક લખિ, વાર વાર બલ જાઈ રે. શ્રી૦ ૪

## પદ ૨ (૧૧૮)

સહજાનંદ મનોહર મૂરતિ, દેખકે ઉર ઠહરાઈ રે. સ૦
મંદ હાસ્યભર આનનકું લખિ, કમલ રહત સકુચાઈ;
અધર બિંબ વર સોહત સુંદર, દશન કુંદ કહાઈ રે. સ૦ ૧
કંબુ કંઠ બિચ તિલ મનોહર, નીરખત હરખ ન માઈ;
પ્રથુલ અંશ રુચિર અતિ ભારી, પેખન જીય લલચાઈ રે. સ૦ ૨
બાહુ ઉભય અભય કર જન કું, કરી કર દેખી લજાઈ;
ઉર બિશાલ મૃગરાજ સરિશ સમ,
શ્રી વચ્છ ચિહ્ન રહાઈ રે. સ૦ ૩
ઉદર વિષદ વર શીત પોયણ કર, નાભિ લગન સુખદાઈ;
અવધપ્રસાદ દેખી યહ મૂરતિ, ચરન કમલ શિરનાઈ રે. સ૦ ૪

### પદ ૩ (૧૧૯)

હરિકૃષ્ણ મહારાજ કી છબીકું, વરનવું મૌં ચિત્ત ધારી રે. હ૦
પંચાનન કટિ વત કટિ સોહે, કાંચિ જુત લગ પ્યારી;
લિખિ લિખિ કે લલચાત મદનમન,
ચાલ હંસ ગતિ સારી રે. હ૦ ૧
કરભ કેલ સમ ઉરૂ મન મોહે, જાનું જુગલ શુભ ભારી;
પેખત મચ્છ કેતુ તુંણીર્વર, પામે લજ્જા અપારી રે. હ૦ ૨
પિંડી પ્રાન પ્રીતમ કી સુંદર, ગૌર લગત સુખકારી;
ઘૂંટી ગોળ મૃદુલ શુભ પેંની, ધ્યાન ધરત ત્રિપુરારિ રે. હ૦ ૩
કોટિક મનમય ભાનુ લજાવે, શ્યામ છબિકું નિહારી;
અવધપ્રસાદ નીરખી મનમોહન, વારવાર બલિહારી રે. હ૦ ૪

### પદ ૪ (૧૨૦)

નારાયણ મુનિ અંતરધારી, ચરન ચિહ્નન કહું પ્યારે રે. ના૦
અરુન કોમલ વર અંગુલિયુંકી, શોભા કહત કવિ હારે;
નખમંડલ કી કાંતિ દેખી, લાજત ઈન્દુ હજારે રે. ના૦ ૧
જુગલ ચરન ચિહ્નન અબ વરનું, નેનસે નિત્ય નિહારે;
અષ્ટકોન અંકુશ અંબુજ ધ્વજ,
જાંબુ સ્વસ્તિક જવ સારે રે. ના૦ ૨
વજ્ર ઊર્ધ્વરેખા અતિ સોહે, ઈનકો ધ્યાન હમારે;
ઈતને ચિહ્નન દક્ષ પદ લખિકે, ઉરકે માંહી ઉતારે રે. ના૦ ૩
કલશ ત્રિકોન વ્યોમ ગોપદ મીન, અર્ધચંદ્ર ધનુષ્યાકારે;
એહી વામ પદ ચિહ્નન કહત વર, અવધપ્રસાદ નિહારે રે. ના૦ ૪

### રાગ જંગલો : પદ ૧ (૧૨૧)

મોહન મન ભાવતા, બાંસુરી બજાવતા. મોહન૦
કાંધે કામરિયાં, હાથ લકુટિયાં; ધેન ચરાવે મુખ ગાવતા. બાં૦ ૧

શિર સોહે પીર પાઘ તોરા, ઝૂકે વામ ભાગ;
નેનહું સોં સુખ ઉપજાવતા. બાં૦ ૨
ઉર બનમાલ ધારી, કેસર તિલક ભારી;
ધેન ચરાઈ વ્રજ આવતા. બાં૦ ૩
અવધપ્રસાદ વારી, મૂરતિ લાગત પ્યારી;
સુંદર બદન દેખાવતા. બાં૦ ૪

## પદ ૨ (૧૨૨)

કાંનૈયો મેરો યાર વે, પ્રીતમ પ્યાર વે. કાંનૈયો૦
પ્રીત લગાઈ, મેરો મન હર લીનો; પ્રેમ કટારી મારી પારવે. પ્રી૦ ૧
મોર મુગટ, પીતામ્બર મોરલીં; ઉર ધારે મોતીયન હાર વે. પ્રી૦ ૨
લટક લટક, આવત ગૃહ મોરે; હસકે બોલાવે વ્રજનાર વે. પ્રી૦ ૩
અવધપ્રસાદ કે આઈ રહો અંતર;
શ્યામ ન દિજ્યો બિસાર વે. પ્રી૦ ૪

## પદ ૩ (૧૨૩)

સાંવરિયો સુખદેન રે, બોલે મીઠે બેન રે. સાંવરિયો૦
બેન સૂની, અબ ભઈહું દીવાની; પરત નહિ પલ ચેન રે. બો૦ ૧
સુંદર મૂરતિ, શ્યામ સુંદરકી; નીરખી બદન રાખું નેન રે. બો૦ ૨
પ્રીતમ સંગ, પ્રીત રહો મોરી; કબહું ન છૂટે દિન રેન રે. બો૦ ૩
અવધપ્રસાદ કે નાથકી છબી પર,
વાર વાર વારું કોટિ મેન રે. બો૦ ૪

## પદ ૪ (૧૨૪)

મોહન બનવારી, કુંજબિહારી રે. મોહન૦
વ્રજનારી સંગ યારી કરે, નિત ખ્યાલ ભારી;
નટવર કૃષ્ણ મોરારિ. કું૦ ૧
પ્રીત કરી મન હરિ, બસ કર ડારી; પ્રીત નવલ રહો પ્યારી. કું૦ ૨

સકલ શૃંગાર સોહે, ચિત્તવની ચિત્ત મોહે;
અંગ અંગ છબી સોહે સારી. કું૦ ૩
અવધપ્રસાદ રહે નિશ વાસર, નંદકુંવર ઉર ધારી. કું૦ ૪

## રાગ જંગલો : પદ ૧ (૧૨૫)

ઘનશ્યામ સુંદર સુખકારી, છબી દેખી પ્યારી. ઘનશ્યામ૦
શ્રી ઘનશ્યામ નવલ નિત બતિયાં,
સૂનત ઠરત મેરી હો છતિયાં;
નીરખી બદન મેં ભઈ હું દીવાની, મોહની ડારી રે. છ૦ ૧
ધર્મકુંવર વર સુંદર સારે, ફૂલતોરા શિર હો ધારે;
કાનમેં કુંડળ મકરાકારી, નેન નિહારી રે. છ૦ ૨
નાસિકા નિકટ તિલ એક સારો,
ચિત્તવની મેં ચિત્ત હર્યો હમારો;
અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરધારી રે. છ૦ ૩

## પદ ૨ (૧૨૬)

સહજાનંદ શ્યામ હમારે, નેનનકે તારે. સહજાનંદ૦
ધર્મકુંવર ઘનશ્યામ દુલારે, ગજરા બાજુબંધ કર ધારે;
મંદ મંદ હરિ હાસ હસત હે, લાગત પ્યારો રે. ને૦ ૧
મોતીન માલ ધારી ઉર સારી, જીવન દોરી હે હમારી;
કટિ પટ શ્વેત કસત હરિ સુંદર, રહી મેં ધારી રે. ને૦ ૨
સહજાનંદ મનોહર મૂરતિ, શ્વેત બસન તનુ તારે સુરતી;
અવધપ્રસાદ શ્યામ છબી ઉપર, સર્વસ્વ વારે રે. ને૦ ૩

## પદ ૩ (૧૨૭)

હરિ કૃષ્ણ સદા સુખદાઇ, ચિત્ત મેરે ભાઈ. હરિ૦
રૂપ હરિકો સબ જીયનકો, મંગલકારી હે અવનીકો;
તિનકો સંગમેં કરહું નિરંતર, પ્રીત સદાઈ રે. ચિ૦ ૧

એહી બિનું ઔર સાર નહિ દેખે, રાખે ઉરકે બિચ વિશેષે;
ચરન કમલ નિત રહો હમારે, અંતર આઈ રે. ચિ૦ ૨
ધર્મકુંવર ઘનશ્યામ મનોહર, નિશદિન પ્યારે હો સુંદરવર;
અવધપ્રસાદ એહી હરિ સંગે, અતિ સુખ પાઈ રે. ચિ૦ ૩

### પદ ૪ (૧૨૮)

નીલકંઠ રહો અબ મેરે, નૈનનકે નેરે. નીલકંઠ૦
સુંદર બદન કમલ દલ લોચન,
નીરખત સબ દુ:ખ હો મોચન;
ભાલ વિશાળ ઈન્દુ ઉર લાજી, કે હો રહે ચેરે રે. ની૦ ૧
શ્રી વચ્છ ચિહ્નન શ્યામ ઉર સોહે, મુનિજનકે મન હો મોહે;
પોયન પાન ઉદર બિચ ત્રિવલી, નૈનસે હેરે રે. ની૦ ૨
જુગલ ચરન બિચ રેખ મનોહર,
ધ્યાન ધરત જન દેખી નજર ભર;
અવધપ્રસાદ રહો યહ મૂર્તિ, અંતર મેરે રે. ની૦ ૩

### રાગ કલ્યાણ ચૌતાલ : પદ ૧ (૧૨૯)

શ્રી ઘનશ્યામ શ્રી ઘનશ્યામ, દેખી લાજે કોટીક કામ;
સુંદર શોભા ધામ. શ્રી૦
શિર બાંધે લાલ પાગ, ઝૂક રહી વામ ભાગ;
કેસર તિલક ભાલ સુખધામ. શ્રી૦ ૧
અધમ ઉબાર નામ, રટહું મેં આઠો જામ;
મૂરતિ પૂરનકામ સંતહુંકે વિશ્રામ. શ્રી૦ ૨
અવધપ્રસાદ કહે, ધર્મલાલ ચિત્ત રહે;
સોહત સલૂની છબી અભિરામ. શ્રી૦ ૩

### પદ ૨ (૧૩૦)

શ્રી સહજાનંદ સ્વામી શ્રી સહજાનંદ સ્વામી;
ઉર ધારે સુખધામી, બાંય ગ્રહી બહુનામી. શ્રી૦

પીત પટવારે પ્યારે, ઓઢત દુશાલ સારે;
ઉર બનમાલ દેખી સુખ પામી. શ્રી૦ ૧
પીરો ભારી કિનખાબ, આંગા પહિરે ઓપે આપ;
છાયો હે અતિ પ્રતાપ દર્શ જાકો હે દુરાપ. શ્રી૦ ૨
અવધપ્રસાદ માગે, રહો છબી મોરે;
વાર વાર પાય લાગે શિરનામી. શ્રી૦ ૩

## રાગ જંગલો : પદ ૧ (૧૩૧)

આવો આવો હમારી ઓર રે, નીરખું હરિ બદન તુમારો. આ૦
શિર ધરી પાઘ શેખર બિચ સોહે, ફૂલનકી અતિ ફોર રે. ની૦ ૧
કેસર તિલક ભાલ બિચ નીરખું, સુંદર ધર્મ કિશોર રે. ની૦ ૨
કાનમેં ગુચ્છ ગુલાબ કે ધારી, નેનકમલ ચિત્તચોર રે. ની૦ ૩
અવધપ્રસાદ કે નાથ હમારે, આઈ રહો ઉર મોર રે. ની૦ ૪

## પદ ૨ (૧૩૨)

હર્યો હર્યો હમારો પ્રાન રે, તેરે નેન ચતુર સુખકારી. હ૦
નેન બાનકી ચોટ લગી મોય, ભૂલ ગઈ તન ભાન રે. તે૦ ૧
નેન નિહારી મેં ઉર ધારી, સુંદર રૂપ નિધાન રે. તે૦ ૨
નાસિકા કિર દીપ સમ સોહે, દેખી ભઈ ગુલતાન રે. તે૦ ૩
અવધપ્રસાદ શ્યામ છબી ઉપર, તન મન ધન કુરબાન રે. તે૦ ૪

## પદ ૩ (૧૩૩)

દેખી દેખી તુમારી ચાલ રે, ચિત્ત ચોર્યો હમારો પ્યારે. દેખી૦
ચાલકી ચટકી ચિત્તમેં અટકી, દેખત ભઈ હું નિહાલ રે. ચિ૦ ૧
ચાલ તિહારી ગજ અનુસારી, સુંદર ભાલ વિશાલ રે. ચિ૦ ૨
ચંચલ ચલની ચંચલ ચિત્તવની, સોહત અધર પ્રવાલ રે. ચિ૦ ૩
અવધપ્રસાદ આઈ રહો અંતરે, લટકાળા વૃષલાલ રે ચિ૦ ૪

### પદ ૪ (૧૩૪)

સૂની સૂની તિહારી બાત રે, મન મોહ્યો મોહન બનવારી. સૂની૦
બતિયાં તિહારી અતિ સુખકારી, સૂનત કછુ ન સોહાત રે. મ૦ ૧
બતિયાં સૂનત મેરો મન હર લીનો,
શ્યામ સુંદર સાક્ષાત્ રે. મ૦ ૨
સૂની તેરી બતિયાં ઠરત હે છતિયાં, સો સુખ કહ્યો ન જાત રે. મ૦ ૩
અવધપ્રસાદ શ્યામ છબી નીરખી,
અંતર અતિ સુખ પાત રે. મ૦ ૪

### રાગ ખમાચ : પદ ૧ (૧૩૫)

પ્યારા લાગો શ્રી ઘનશ્યામ, તુરંગ ખેલાવતા રે. પ્યા૦
શિરપર બાંધી ભારે શુભ પગિયાં.
ભ્રુહકે પર આય લગિયાં;
પહિરે પીતામ્બર શોભે, સુખ ઉપજાવતા રે. પ્યા૦ ૧
કેસર તિલક ભાલ બિચ સોહે,
ચંચલ ચિત્તવની મેં ચિત્ત મોહે;
બાંહે બાજુ, તોરા શિર લટકાવતા રે. પ્યા૦ ૨
ઉરપર હાર હજારી લલકે,
નાસિકા નિકટ તિલ એક ઝળકે;
રુચિર દુપટ્ટો ઓઢી, મોરે ઘરું આવતા રે. પ્યા૦ ૩
ભ્રકુટિ કુટિલ નેનકી શોભા,
નીરખી મુનિવર કે મન લોભા;
અવધપ્રસાદ ધારી છબી અંતર, અતિ સુખ પાવતા રે. પ્યા૦ ૪

### પદ ૨ (૧૩૬)

સહજાનંદ છબી મન ભાઇ, નેન નિહારત તેરે. સ૦
અનંત કોટિ બ્રહ્માંડકે કરતા,
સુરનર મુનિ સબકે મન હરતા;
નરનાટક અનુસરતા, ચરિત વિસ્તારતે રે. સ૦ ૧

શેષ શારદા પાર ન પાવે, વેદ પુરાન સદા ગુન ગાવે;
ત્રિવિધિ તાપ નસાવે, હરિ મન ધારતે રે. સ૦ ૨
મંગલકારી મૂરતિ તિહારી, દેવન કું દુર્લભ હે ભારી;
અતિ અદ્‌ભુત ઉપકારી, ભવજલ તારતે રે. સ૦ ૩
ધર્મ દુલારે અતિ સુખકારે, તુમ સંગ રહો પ્રીત હમારે;
અવધપ્રસાદ હરિવર, અંતર ધારતે રે. સ૦ ૪

## રાગ ઠુમરી : પદ ૧ (૧૩૭)

સૂન સજની બતિયાં મોરી, ગયો ધર્મકુંવર ચિત્ત ચોરી. સૂ૦
હરિ સારે કારે પ્યારે, તોરી પ્રીત પુરાની યારે;
વૃષદુલારે શ્યામ હમારે, હાંરે ગયો છેલ ચતુર બરજોરી. સૂ૦ ૧
ભયે જ્ઞાની ધ્યાની માંની, સાધે જોગ શું છેલ ગુમાની;
એહી હમારે નેનકે તારે, હાંરે કબ મિલી હે જીવનદોરી. સૂ૦ ૨
સુખકારી બિસારી મોરારિ, ગયે ત્યાગ કરી ઘરબારી;
એહી પ્રભુ આઇ કબહી બોલાઈ,
કહે અવધપ્રસાદ કર જોરી. સૂ૦ ૩

## પદ ૨ (૧૩૮)

ઘનશ્યામ બિસારે પ્યારે, હે મંગલકારી હમારે. ઘ૦
હરિ જોરી તોરી મોરી, ભયો દુઃખ કહું કર જોરી;
નિંદ ન આવે કછુ ન સોહાવે,
હાંરે સૂધ લીજો ન દીજો વિસારી. ઘ૦ ૧
હરિ ચરને વારને તરને, ભવસાગર પાર ઊતરને;
એહી હરિ પ્યારે અંતરધારે,
હાંરે કબ આઇ મિલે સુખકારે. ઘ૦ ૨
પરદેશ વિદેશ બસૈયા, કછુ ખબરી ન લૈ બલભૈયા;
એહી હરિ ન્યારે પ્રાન હમારે,
હાંરે આવે અવધપ્રસાદ ઉર ધારે. ઘ૦ ૩

## રાગ હોરી : પદ ૧ (૧૩૯)

ધર્મકુંવર ખેલે હોરી રે, કર લે પિચકારી. ધર્મ૦
કર પિચકારી લીએ બનવારી, રંગ ડારત બરજોરી રે. ક૦ ૧
અબિલ ગુલાલ કી ધૂમ મચાવે, કેસર ગાગર ઘોરી રે. ક૦ ૨
ગાવત રાગ બજાવત તારી, રંગ ગાગર શિર ઢારી રે. ક૦ ૩
અવધપ્રસાદ કે શ્યામ ચરનમેં, પ્રીતિ રહો અબ મોરી રે. ક૦ ૪

## પદ ૨ (૧૪૦)

ધર્મકુંવર સુખકારી રે, ખેલે રંગભર હોરી. ધર્મ૦
ખેલત હોરી સખા સંગ દોરી, સુંદર શ્યામ મોરારિ રે. ખે૦ ૧
ચૂવા ચૂવા ચંદન અબિલ અરગજા,
છીરકત જન પર ધારી રે. ખે૦ ૨
બાજત તાલ મૃદંગ ઝાંઝ ડફ, ગાવત હે હોરી ભારી રે. ખે૦ ૩
અવધપ્રસાદ કે નાથ સાંવરે, ભક્ત વત્સલ ભય હારી રે. ખે૦ ૪

## પદ ૩ (૧૪૧)

ધર્મકુંવર હોરી ગાવે રે, રંગ ધૂમ મચાવે. ધર્મ૦
ધૂમ મચાવે ગુલાલ ઉડાવે, જન પર રંગ બરસાવે રે. રં૦ ૧
બ્રહ્મા ભવ સુર રાજ દેવ મુનિ, કૌતક દેખન આવે રે. રં૦ ૨
સુંદર શ્યામ બદન કી શોભા, મુખ બરની નહિ જાવે રે. રં૦ ૩
અવધપ્રસાદ એહી છબી નીરખી,
આનંદ ઉર ન સમાવે રે. રં૦ ૪

## પદ ૪ (૧૪૨)

ધર્મકુંવર સુખદાઈ રે, રંગ ખેલ મચાઈ. ધર્મ૦
ખેલ મચાઈ આંગન મોરે આઈ, નીરખી મોરે મન ભાઈ રે. રં૦ ૧
ચપલ નયન ઘનશ્યામ સુંદર કે, ખેલત પ્રીત બઢાઈ રે. રં૦ ૨
કેસર કુમકુમ અબિલ અરગજા, પિચકારી નઝર લાઈ રે. રં૦ ૩
અવધપ્રસાદ નાથકી શોભા, દેખત દેવ લજાઈ રે. રં૦ ૪

## રાગ કાફી હોરી : પદ ૧ (૧૪૩)

સખી ઘનશ્યામજી ખેલ મચાવે. સખી૦

એજી ઘર ઘરસેં હરિજન ચલી આયે, દેખી શ્યામ સુખ પાવે,
કોઇ જન અબિલ ગુલાલ ઉડાવત, કોઈ પિચકારી ચલાવે;
પેખી મોહન મન ભાવે. સ૦ ૧

એજી કોઈ જન હાર ગૂંથીકે નૌતમ, મોહન કું પહિરાવે,
કોઈ જન ઝાંઝ પખાજ બજાવત, કોઈ જન રંગ ઉડાવે;
નીરખી મન શ્યામ રિઝાવે. સ૦ ૨

એજી શેષ શારદા પાર ન પાવે, નિગમ કહત સકુચાવે,
નારદ શુક સનકાદિક દેવ મુનિ, જેહી મહિમા નિત ગાવે;
છબી ઉરમેં ઠહરાવે. સ૦ ૩

એજી અનંત કોટિ બ્રહ્માંડકે કારન,જન પર રંગ બરસાવે,
અવધપ્રસાદ ભાગ્ય એહી જનકે, મુખ બરન્યો નહિ જાવે;
કહત કવિ મન મુરઝાવે. સ૦ ૪

## પદ ૨ (૧૪૪)

શ્રીનગર હરિ ખેલત હોરી. શ્રી૦

એજી શિર પર પાગ ગુલાબી ધારે, કરમેં ગુલાલ કી ઝોરી,
સંગ સખા પર લઈ પિચકારી, ડારત દોરા દોરી;
ચિત્ત હરિજનકે ચોરી. શ્રી૦ ૧

એજી સુંદર બદન મદન મોહન કો, સંગ બલદેવકી જોરી,
ખેલત ફાગ સુરાગ આલાપત, રંગ છિરકત ચહુંકોરી;
પરસ્પર ખેલ મચોરી. શ્રી૦ ૨

એજી કેસર જામો ધારી તન સુંદર, રંગ બરસાવે દોરી,
આસપાસ સેં સખા સબ ઘેરી, શ્યામકું રંગમેં રોરી;
પરસ્પર હરખ ભયોરી. શ્રી૦ ૩

એજી સહજાનંદ પ્રગટ પુરુષોત્તમ, સબ જન રંગમેં બોરી,
અવધપ્રસાદ નાથ કે સંગે, તરી ગયે લાખ કરોરી;
પ્રીત તેહી સંગ રહો મોરી. શ્રી૦ ૪

### પદ ૩ (૧૪૫)

શ્રીનગર હરિ ધૂમ મચાઈ. શ્રી૦

એજી સંત મુક્ત સબ સંગ લીએ હે, બાજા વિવિધ બજાઈ,
ગાવત રાગ પરસ્પર ખેલત, રંગ બરસાવત ધાઈ;
મેઘ માનું ઝરી લાઈ. શ્રી૦ ૧

એજી હરખ ભરે હરિજન સબ આઈ, હરિસંગ ખેલ મચાઈ,
કેસર રંગ માટ ભર લહી કે, ડારત હે મુદ પાઈ;
શ્યામ સંગ પ્રીત બઠાઈ. શ્રી૦ ૨

એજી શ્રી પુરુષોત્તમ પ્રગટ હરિ હે, જગ કારન સુખદાઈ,
કર કંચન પિચકારી લહીકે, છીરકત જનકું હઠાઈ;
દેખી રતિ પતિ સકુચાઈ. શ્રી૦ ૩

એજી અક્ષરમુક્ત અનંત ઉપાસે, સેવે ચરન શિરનાઈ,
અવધપ્રસાદ સોઈ હરિ સંગે, ખેલ કરત મન ભાઈ;
છબી બરની નહિ જાઈ. શ્રી૦ ૪

### પદ ૪ (૧૪૬)

શ્રીનગર હોરી ખેલત પ્યારે. શ્રી૦

એજી રંગ ઉડાવે ઉમંગ ભરે હે, શ્યામ સખા સુખકારે;
મત અરુ પંથ સભા કર હારે, ઈનકે માન ઉતારે;
ગયે સબહી ઘરબારે. શ્રી૦ ૧

એજી રંગ ઉડાઈ તુરંગ ચઢે હરિ, મંજન કરન સિધારે;
સુરપતિ નરપતિ સંગ ચલે સબ, બાજત બાજાં અપારે;
સબનકું મંગલકારે. શ્રી૦ ૨

એજી પહિરે પોશાક રંગભર સુંદર, કંઠમેં હાર હજારે;
ઘાટ નારાયણ બાટમેં નૌતમ, ઘોડા દોડાવત ભારે;
હરિજન નયને નિહારે. શ્રી૦ ૩
એજી સાબરમતીમેં સ્નાન કરી કેં, કોટીક જીવ ઉદ્ધારે,
અવધપ્રસાદ શ્યામ કે સાંગે, તરી ગયે કુલ પરિવારે;
પ્રીત એહી સાંગ હમારે. શ્રી૦ ૪

## રાગ વસંત : પદ ૧ (૧૪૭)

વસાંત વધાવા ચલો સખીરી, ધર્મદેવ ઘરું જાઈએ;
શ્રી પુરુષોત્તમ પ્રગટ હરિ તહાં, તાસાંગ ખેલ મચાઈએ. વ૦ ૧
મૃગ મદ કેસર રંગબનાઈ કે, સબ સખી માટ ભરાઈએ;
શ્રી ઘનશ્યામ કું રંગ ડારીકે, આનાંદ ઉર બહુ પાઈએ. વ૦ ૨
કેસર રંગ વસ્ત્ર સબ ધારીકે, કરમેં લેહો પિચકારી;
સામા સામ પરસ્પર ખેલોં, ધૂમ મચાઈ એ ભારી. વ૦ ૩
શ્રી ઘનશ્યામ બદનકું નીરખી, સબ વિધિ કારજ સીજે;
અવધપ્રસાદ કે નાથ સંગાથે, લહાવ અલૌકિક લીજે. વ૦ ૪

## પદ ૨ (૧૪૮)

આય વસાંત ચલો સબ સજની, ધર્મકુંવરકું વધાઈએ;
પ્રેમ મગનશું આવો મૃગ નયની, હરિસાંગ પ્રીત બઢાઈએ. આ૦ ૧
પુષ્પહાર અરુ અમૃમોર શુભ, કનક કલશમેં ધારી;
વસન વસાંતી લેહું સબ મિલકે, રીઝે શ્યામ સુખકારી. આ૦ ૨
કેલકે થાંભ રંગ સોં રંગી, તોરન ચહું દિશ છાઈયેં;
તેહી માંડપમેં નીરખી શ્યામકું, રંગભર ધૂમ મચાઈયેં. આ૦ ૩
રસિક શ્યામ સાંગ ખેલ કરીકે, પરમ નયન ફળ પાઈયે;
અવધપ્રસાદ કે નાથકે ઉપર, કોટિ વાર બલ જાઈયે. આ૦ ૪

## પદ ૩ (૧૪૯)

વસાંત વધાવનકું સબ નારી, ધર્મદેવ ગૃહ આઈ;
જગ કારન ભવતારન શ્રીહરિ, તે સાંગ ખેલ મચાઈ. વ૦ ૧

કનક કળશ ધર્યો હરિ આગે, પ્રીતે પૂજ્યા સુખદાઈ;
ચંદન પુષ્પ દીપ કરી આરતી, હરિ ચરણે લપટાઈ. વ૦ ૨

ગાવત રાગ બજાવત તારી, શ્યામ સુંદર કું રિઝાવે;
અરસપરસ સબ ખેલ કરી કે, અબિલ ગુલાલ ઉડાવે. વ૦ ૩

સલકી નારી ઘેરી બનવારી, પ્રેમશું ફગુવા માગે;
અવધપ્રસાદ કે નાથ હમારે, રહો નિત નેનન આગે. વ૦ ૪

પદ ૪ (૧૫૦)

સબહી સખી મિલ વસંત વધાયકે, હરખ ભઈ મન મનાઈ;
ગેહેરે સ્વરે હરિ ગાન કરત હે, ભક્ત વત્સલ સુખદાઈ. સ૦ ૧

હરિકો ગાન સૂની સબ સજની, મગન ભઈ મતવારી;
શ્રી ઘનશ્યામ સંગ હોરી ખેલત, તનકો ભાન વિસારી. સ૦ ૨

ધર્મકુંવર સંગ ખેલ કરી કેં, પ્રીત સહિત સબ પ્યારી;
માગત હે કરજોરી શ્યામ સંગ, ઉર બસો સુખકારી. સ૦ ૩

ભક્ત વશ ભૈ શ્રી પુરુષોત્તમ, એહી વર દીનો મોરારિ;
અવધપ્રસાદ કે નાથ સાંવરે, મુક્ત કરન સબ નારી. સ૦ ૪

## રાગ ભૈરવી : પદ ૧ (૧૫૧)

ઘનશ્યામ પિયા પ્યારે હો અક્ષરવાસી. ઘનશ્યામ૦

અક્ષરવાસી તુમ પરમ ચતુર વર,
અંતર રહો સુખરાશિ હો. અ૦ ૧

શ્યામ સુંદર તેરે ચરન કમલ કું,
મન જ્યું ભ્રમર ઉપાસી હો. અ૦ ૨

ધરમ કુંવર તેરી માધુરી મૂરત,
અંતરમાંહી નિવાસી હો. અ૦ ૩

અવધપ્રસાદ કે આઈ રહો ઉરમેં,
સુંદર વર અવિનાશી હો. અ૦ ૪

## પદ ૨ (૧૫૨)

નેનનહુંકે તારે હો પ્રીતમ પ્યારે. નેનનહુંકે૦
પ્રીતમ પ્યારે તુમ અતિ સુખકારે,
ત્રિવિધ તાપ નિવારે હો. પ્રી૦ ૧
નિશદિન મોહે કછુ ન સુહાવે, તુમ બિના નાથ હમારે હો. પ્રી૦ ૨
જગ શું તોરી પ્રીત તુમ સંગ જોરી,
જબસેં મેં અંતર ધારે હો. પ્રી૦ ૩
અવધપ્રસાદ કહે તેરી છબી પર,
કોટિ કામ છબી વારે હો. પ્રી૦ ૪

## પદ ૩ (૧૫૩)

સાંવરિયા લાગો પ્યારે હો ધર્મદુલારે. સાંવરિયા૦
ધર્મદુલારે પ્યારે પ્રાન હમારે, પલ એક રહો નહિ ન્યારે. હો૦ ૧
ફૂલંદા હાર બાજુબંધ ગજરા, નેનસે નિત્ય નિહારે. હો૦ ૨
નિશદિન ધ્યાન ધરું મેં તુમરો, ઉરકે માંહી ઉતારે. હો૦ ૩
અવધપ્રસાદ પ્રીત કરી તુમ સંગ, મગન ભયે મતવારે. હો૦ ૪

## પદ ૪ (૧૫૪)

ઘનશ્યામ સુખકારી હો નેનુંમેં ધારી. ઘનશ્યામ૦
નેનુંમેં ધારી શિર પાગ નિહારી,
ઓઢે દુશાલો અતિ ભારી હો. ને૦ ૧
જરકસી જામા ધરે અભિરામા, રેંટે કમર કસી સારી હો. ને૦ ૨
નેન કમળ કર કમળ મનોહર,
નાભિ કમળ લગે પ્યારી હો. ને૦ ૩
અવધપ્રસાદ તેરે ચરન કમલ પર,
વાર વાર બલિહારી હો. ને૦ ૪

### રાગ ખમાચ : પદ ૧ (૧૫૫)

ઘનશ્યામ ચિત્ત ચોરી હો, જીવનદોરી. ઘન૦
જીવનદોરી તુમ છેલ ગુમાની, અંતર આઈ રહો મોરી;
હાંરે રહો મોરી રહો મોરી રહો મોરી હો. જી૦ ૧
શ્યામ સુંદર પિયા આઈ રહો ઉર, અરજ કરું મેં કર જોરી;
હાંરે કર જોરી કર જોરી કર જોરી હો. જી૦ ૨
નટવર નાગર રૂપ ઉજાગર, ધ્યાન ધરું મેં નિશભોરી;
હાંરે નિશભોરી નિશભોરી નિશભોરી હો. જી૦ ૩
અવધપ્રસાદ કે નાથ છબી તોરી, રાખું નેનમેં બરજોરી;
હાંરે બરજોરી બરજોરી બરજોરી હો. જી૦ ૪

### પદ ૨ (૧૫૬)

ઘનશ્યામ સુખકારી હો, નેનુંમેં ધારી. ઘન૦
નેનુંમેં ધારે પ્યારે શ્યામ ચતુરવર, ભક્ત વત્સલ ભય હારી;
હાંરે ભયહારી ભયહારી ભયહારી હો. ને૦ ૧
ધર્મ ધુરંધર મૂરતિ નિહારી, કરુના સાગર લાગે પ્યારી;
હાંરે લાગે પ્યારી લાગે પ્યારી લાગે પ્યારી હો. ને૦ ૨
જરકસી ચિરા શિર સોહે પટ પીરા, બાંયે બાજુ કર ભારી;
હાંરે કર ભારી કર ભારી કર ભારી હો. ને૦ ૩
અવધપ્રસાદ કે નાથ છબી પર, વાર વાર બલિહારી;
હાંરે બલિહારી બલિહારી બલિહારી હો. ને૦ ૪

### પદ ૩ (૧૫૭)

ઘનશ્યામ સુખદાઈ હો, રહો ઉર આઈ. ઘન૦
રહો ઉર આઈ પ્યારે પરમ સનેહી, ચરનકમલ શિરનાઈ;
હાંરે શિરનાઈ શિરનાઈ શિરનાઈ હો. ર૦ ૧
એક આશ તેરે ચરન કમલકી, ઓર આશ દુ:ખદાઈ;
હાંરે દુ:ખદાઈ દુ:ખદાઈ દુ:ખદાઈ હો. ર૦ ૨

સહજાનંદ મનોહર મૂરતિ, અંતરમેં ઠહરાઈ;
હાંરે ઠહરાઈ ઠહરાઈ ઠહરાઈ હો. ર૦ ૩
અવધપ્રસાદ કે નાથકી મૂરતિ, મુખ બરની નહિ જાઈ;
હાંરે નહિ જાઈ નહિ જાઈ નહિ જાઈ હો. ર૦ ૪

પદ ૪ (૧૫૮)

ઘનશ્યામ જાદુગારે હો, અતિ સુખકારે. ઘન૦
જાદુ વે ગારે પ્યારે ધર્મદુલારે, તુમ સંગ પ્રીત હમારે;
હાંરે હો હમારે હો હમારે હો હમારે હો. અ૦ ૧
જાદુવે ગારે તેરે નેનબજારે, પરવશ કરી મોહે ડારે;
હાંરે મોહે ડારે મોહે ડારે મોહે ડારે હો. અ૦ ૨
જાદુવે ગારે મન મોહન પ્યારે, નેનસે રહો નહિ ન્યારે;
હાંરે નહિ ન્યારે નહિ ન્યારે નહિ ન્યારે હો. અ૦ ૩
અવધપ્રસાદ કે પાસ રહો આઈ, સુંદર ધર્મ દુલારે;
હાંરે હો દુલારે હો દુલારે હો દુલારે હો. અ૦ ૪

**રાગ સારંગ ઠુમરી : પદ ૧** (૧૫૯)

પિયરા બસોં હે વિદેશવા, એરી એરી સખી;
ખબર ન આઈ આપુ નહિ આયે. પિ૦
બાલાપન કી પ્રીત હમારી, તોરી ગયે હે વિશેષવા. ખ૦ ૧
ધર્મદેવપુર ત્યાગ કરી હરી, શ્રીપુર વસે હે હંમેશવા. ખ૦ ૨
થોરી ઉમરમેં વાસ કિયો હમ સંગ,
અબ ગયે પશ્ચિમ દેશવા. ખ૦ ૩
અવધપ્રસાદ કે નાથકો મહિમા, ગાન કરત હે મહેશવા. ખ૦ ૪

પદ ૨ (૧૬૦)

આયો દૂત શ્રીનગરસોં, એરી એરી સૈયો;
હમરે શ્યામને પ્રીતે પઠાયો. આયો૦

દયા કરી મોહે શ્યામ સંભારી, પાતિ પઠાઈ નિજ કરસોં. હ૦ ૧
બાત સૂની સખી વ્યાકુલ ભઈ સબ, દોરી આઈ ઘરો ઘરસોં. હ૦ ૨
ખબરી પૂછી સબ શ્યામ સુંદરકી, હરખ ભરી અંતરસોં. હ૦ ૩
અવધપ્રસાદ કે શ્યામ દરશ હિત, ત્યાર ભઈ સબ ત્વરસોં. હ૦ ૪

### પદ ૩ (૧૬૧)

કહો ખબરી હરિવરકી, હાંરે હાંરે લાલા;
શ્યામ સુંદર કૈસોં વિચરત શ્રીપુર. કહો૦
ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિકી, કરત બાત શુભ કરકી. શ્યા૦ ૧
હમ સબ પ્યાસી એહી છબીકી, કબ દેખું ધર્મકુંવરકી. શ્યા૦ ૨
શ્રી ઘનશ્યામ માધુરી મૂરત, ચલો મિલાહું કર કરકી. શ્યા૦ ૩
અવધપ્રસાદ કે નાથકું મિલકે, બાત કરી અંતરકી. શ્યા૦ ૪

### પદ ૪ (૧૬૨)

નીરખો સબહી સુખકારી, હાંરે હાંરે સૈયો;
સહજાનંદ મહારાજ કી મૂરત. ની૦
શિર પર સોહે ભારે શુભ પગિયાં, શેખર જુત લગે સારી. સ૦ ૧
બાંયે બાજુબંધ શુભ સોહે, ઉર પર હાર હજારી. સ૦ ૨
ભૂષન બસન મનોહર પહિરે, અંગોઅંગ અતિ ભારી. સ૦ ૩
અવધપ્રસાદ કે નાથકી મૂરતિ, લ્યો અંતરમેં ઉતારી. સ૦ ૪

### રાગ ઠુમરી હોરી : પદ ૧ (૧૬૩)

ઘનશ્યામ પિયા રંગ ડારી ગયો રે,
ભીંજ ગઈ અંગ ચુનરિયાં. ઘન૦
શ્રી ઘનશ્યામ કી માધુરી મૂરત,
હાંરે ચિત્ત ચોરી બરજોરી કછુ જાદુ કિયો રે. ભીં૦ ૧
અબિલ ગુલાલ કી ધૂમ મચાઈ,
હાંરે રંગભરી પિચકારી મોહે મારી દિયો રે. ભીં૦ ૨

ચૂવા ચૂવા ચંદન અબિલ અરગજા,
હાંરે મુખ મિજિ મોહન મન હર લિયો રે. ભીં૦ ૩
અવધપ્રસાદ કે નાથ સંગાથે,
હાંરે સખી લહાવ અલૌકિક અબ લિયો રે. ભીં૦ ૪

પદ ૨ (૧૬૪)

સુખકારી મોરારિ શિર રંગ ઢોરી રે,
આનંદ હમકું દેજું ગયો. સુખ૦
ખેલ મચાઈ અલૌકિક સજની,
હાંરે રંગભીને મોહન મોહે રંગ રોરી રે. આ૦ ૧
હોરી ખેલાઈ રંગ બરસાઈ,
હાંરે પિચકારી મારી મોહે બરજોરી રે. આ૦ ૨
ખેલત હોરી આયે સખી દોરી,
હાંરે મોરી બૈયાં પકર કે ઝકઝોરી રે. આ૦ ૩
અવધપ્રસાદ કે નાથ હમારી,
હાંરે બરજોરી કંચુકી કસ ડારી તોરી રે. આ૦ ૪

પદ ૩ (૧૬૫)

સુખકારી મોહન મોહે છબી તોરી રે,
ખેલ મચાવો મોરે આંગનમેં. સુખ૦
નટવર નાગર સબ સુખ સાગર,
હાંરે તુમ લેહું ગુલાલ કી ભરી ઝોરી રે. ખે૦ ૧
દેખી કમલ મુખ ચંદ લજાવે,
હાંરે નૈહરવા ન જાહું હરિ ખેલું હોરી રે. ખે૦ ૨
ચંચલ મૂરતિ શ્યામ તિહારી,
હાંરે પિયા ધૂમ મચાવો મોહે રંગ રોરી રે. ખે૦ ૩
અવધપ્રસાદ કે નાથ હમારે,
હાંરે તુમ સંગે રહો પ્રીતિ નઈ મોરી રે. ખે૦ ૪

### પદ ૪ (૧૬૬)

નહિ ખેલું મોહન તુમ સંગ હોરી રે,
હોત ફજેતી મોરી મૈહરમેં. નહિ૦
સાસુ નણંદ મોહે ઘર નહિ રાખત,
હાંરે પિયા પ્રીત રહી તુમ સંગ મોરી રે. હો૦ ૧
નાતિ જાતિ કુળ કુટુંબ હમારે,
હાંરે કટુ બચન કહત મુખ તરછોરી રે. હો૦ ૨
સબ શું તોરી આઈ તુમ શરને,
હાંરે મોહે રાખો મોહન કહું કર જોરી રે. હો૦ ૩
અવધપ્રસાદના નાથ તુમ સંગે,
હાંરે નિત્ય ખેલ ખેલાવો મેરો ચિત્ત ચોરી રે. હો૦ ૪

### રાગ હોરી : પદ ૧ (૧૬૭)

સહજાનંદ સુખધામ રે, રંગ ખેલ મચાવો. સહજા૦
ખેલ મચાવો દ્વાર મોરે આવો, સુંદર જન વિશ્રામ રે. રં૦ ૧
સુંદર મૂરતિ શ્યામ નિહારી, નીરખત ભઈ નિષ્કામ રે. રં૦ ૨
અબિલ ગુલાલ ફાંટ ભર લહીકે, રંગ ડારો અભિરામ રે. રં૦ ૩
અવધપ્રસાદ રહી ઉર મેરે, મૂરતિ આઠો જામ રે. રં૦ ૪

### પદ ૨ (૧૬૮)

સહજાનંદ સુજાન રે, રંગ રાસ રમાવો. સહજા૦
રાસ રમાવો ઘરું મોરે આવો, ભક્તવત્સલ ભગવાન રે. રં૦ ૧
ચતુર પિયા તેરે ચરન કમલકું, નીરખી ભઈ ગુલતાન રે. રં૦ ૨
ભરી પિચકારી શ્યામ તુમ મારી, ભૂલી હું તનકો ભાન રે. રં૦ ૩
અવધપ્રસાદના નાથ સંગ ખેલત,
અરસપરસ એક તાન રે. રં૦ ૪

પદ ૩ (૧૬૯)

સુંદર ધર્મ કિશોર રે, રંગ ખેલો હોરી. સુંદર૦
ખેલો હોરી મોરે સંગ દોરી, શ્યામ ચતુર બરજોર રે. રં૦ ૧
કર પિચકારી લહી બનવારી, રંગ ડારો ચિત્ત ચોર રે. રં૦ ૨
શ્રી ઘનશ્યામ પિયા મોરે પર, રંગ ગાગર દિયો ઢોરી રે. રં૦ ૩
અવધપ્રસાદકે રંગભર મૂરતિ, આઈ રહો ઉર મોર રે. રં૦ ૪

પદ ૪ (૧૭૦)

શ્યામ સુંદર સુખદેન રે, રંગ લઈ વરસાવો. શ્યામ૦
રંગ ઉમંગ ભરી પિચકારી, રંગ ડારો મોરે નેન રે. રં૦ ૧
સુંદર શ્યામ સખા લઈ ખેલો, નીરખત જન સુખ લેન રે. રં૦ ૨
રસિક નિહારી છબી રંગભીની, દિલમેં રહો દિન રેન રે. રં૦ ૩
અવધપ્રસાદ શ્યામ તુમ ઉપર, વારું મેં કોટિક મેન રે. રં૦ ૪

રાગ કેદારો : પદ ૧ (૧૭૧)

હેત કર હેત કર પ્રગટ ઘનશ્યામ શું,
રાખ્ય હરિ ઉરમેં મૂર્તિ પ્યારી;
કોટિ બ્રહ્માંડકે કારન શ્રી હરિ,
એવા ઘનશ્યામ અંતરમેં ધારી. હેત૦ ૧
શિર પર પાઘ ગુલાબી ધારી હરિ,
કાનમેં કુંડળ શોભે ભારી;
ભાલ વિશાળમેં તિલક કેસર કેરું,
નીરખતાં વશ થાય નરનારી. હેત૦ ૨
સુંદર કંઠમેં હાર ગુલાબકે,
બાંયે બાજુ બાંધ પુષ્પ કેરે;
ઉર વિષે શ્રીવત્સ ચિહ્ન સોહે ઘણું,
નીરખતાં સુખ ઉર થાય તેરે. હેત૦ ૩

શ્વેત વસ્ત્ર નિત્ય ધારત શ્રીહરિ,
ચંચલ મૂર્તિ અતિ શોભે સારી;
અવધપ્રસાદ કે નાથકું લે ભજી,
મુક્ત કરે સબ કષ્ટ ટારી. હેત૦ ૪

## પદ ૨ (૧૭૨)

ભજન કર ભજન કર પ્રગટ ભગવાન કો,
છૂટી જાય દુ:ખ સબ સુખ પામી;
કોટી જન્મકે પાપ હે શિર પર,
નાશ કરી ડારે અંતરજામી. ભજન૦ ૧
પ્રગટ હરિ ભજનસેં દુષ્ટ જન તરી ગયે,
સબરી ગીધ અરુ રીંછ કોટી;
તેમ હરિ પ્રગટસેં પરમ પદ પામિયાં,
ગોપી ગોવાલ સહુ પદવી મોટી. ભજન૦ ૨
પ્રગટ ભગવાન વિના મુક્ત નહિ હોત હે,
પ્રોક્ષથી દુ:ખ નહિ ટરત ભારી;
જીવ કલ્યાણ હિત અક્ષરધામસેં,
પ્રગટ ભયે હરિ સુખકારી. ભજન૦ ૩
પ્રગટ ભગવાન પહિચાનીને જે જન,
કરે સત્સંગ સર્વે મોક્ષ પામે;
અવધપ્રસાદ કે દૃષ્ટિ કે ભજનસેં,
ભ્રાંતિ ભાગે જન જાય ધામે. ભજન૦ ૪

## પદ ૩ (૧૭૩)

શરણ કર શરણ કર પ્રગટ મહારાજ કો,
અંતર તાપ સબેં પાપ ટારે;
જેહી જન પ્રગટ હરિ શરણે તે આવિયા,
તેહી જન સુખ પામ્યા અપારે. શરણ૦ ૧

પ્રગટ હરિને તજી પ્રોક્ષને જે ભજે,
તે જન મૂર્ખ હે નરનારી;
જાહ્નવી નીર તજી કૂપ ખોદે તિહાં,
પ્યાસ ન જાવે તે થાવે ખુવારી. શરણ૦ ૨
શ્રી હરિકૃષ્ણ વિના ઓરકો આશરો,
કરત હરિજન વ્યભિચારી જાણો;
કહત હરિ-સંત એક ઈષ્ટ ધારો હરિ,
પૂરણ ભક્ત તેહી પ્રમાણો. શરણ૦ ૩
પ્રેમ ભક્તિ વિના રીઝત નહિ હરી,
વેદ પુરાણ કહે સત્ય વાણી;
અવધપ્રસાદ કે નાથકું સુમર લે,
જાય સબ દુઃખ સુખ પામે પ્રાણી. શરણ૦ ૪

## પદ ૪ (૧૭૪)

સ્વામિનારાયણ પ્રગટ પુરુષોત્તમ,
ઈષ્ટ ધારી ભજો નરનારી;
શુક નારદ બ્રહ્માદિ દેવ સબ,
ધ્યાન ધરે જેહી ત્રિપુરારિ. સ્વામિ૦ ૧
શ્રી ઘનશ્યામ કી મૂર્તિ શોભે ઘણી,
નીરખતાં પાપ સંતાપ ટારે;
શીત પોયણ સમ ઉદરમેં ત્રિવળી,
નીરખતાં મુનિવર ધ્યાન ધારે. સ્વામિ૦ ૨
શ્યામ સુંદર કે ચરણમેં ચિહ્નન હે,
ધ્યાન કરે જેહી ભક્ત સારે;
તેહી હરિભક્ત ઉર વાસ કરીને હરિ,
જ્ઞાન વૈરાગ્ય ભક્તિ વધારે. સ્વામિ૦ ૩
ભક્ત આધિન ભગવાન પોતે હરિ,
પરમ પ્રીતે કરી નિત્ય સેવે;

અવધપ્રસાદ કે નાથ તે ભક્તકું,
ધામ અક્ષરમાંહી વાસ દેવે. સ્વામિ૦ ૪

## રાગ ગોડી : પદ ૧ (૧૭૫)

સહજાનંદ મન ભાઈ સદાઈ. સહજાનંદ૦
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ. સ૦ ૧
બ્રહ્મમોહલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઈન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ. સ૦ ૨
કાળ કર્મકો દુ:ખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસેં, ભવ ભટકન મીટ જાઈ. સ૦ ૩
અંતર પ્રીત રીતશું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ. સ૦ ૪

## પદ ૨ (૧૭૬)

હરિકૃષ્ણ ભજ પ્રાની નિરંતર. હરિ૦
હરિકૃષ્ણકો ધ્યાન ધરીકે, હોવત દુ:ખ કી હાનિ. નિ૦ ૧
હરિકૃષ્ણ મહારાજકી છબીકું, શિવ બ્રહ્મા ઉર આની;
પ્રગટ હરિકું ભજત નિરંતર, વેદ કરત હે બખાંની. નિ૦ ૨
શ્રી ઘનશ્યામ પ્રગટકો મહિમા, ગાવત હે ગુની જ્ઞાની;
શુક નારદ સનકાદિક મુનિવર, પ્રીત કરત મુનમાની. નિ૦ ૩
જ્ઞાન વૈરાગ્ય સ્વધર્મ સનાતન, ભક્તિ ભેદ જગ જાની;
અવધપ્રસાદ કહે અવની પર, સુગમ કરે સુખદાની. નિ૦ ૪

## પદ ૩ (૧૭૭)

નીલકંઠ ઉર ધારી સમર મન. નીલકંઠ૦
નીલકંઠ મહારાજ ભજનસેં, હોવત ભવજલ પારી. સ૦ ૧
નીલકંઠ મહારાજ ભજયા વિન, હોત હે જનમ ખુવારી;
પ્રગટ પ્રમાન હરિકું ભજી લે, ટારત ભવ ભય ભારી. સ૦ ૨

યા જગમેં પિતુ માત ભ્રાત સુત, નેહ કરત અતિ નારી;
તાકો સંગ જાત જમપુર લે, દેવત નરકમેં ડારી. સ૦ ૩
સુખકારી ઘનશ્યામ ભજનસેં, કામ ક્રોધ ભય ટારી;
અવધપ્રસાદ કહત હરિ શરને, તરી જાવત નરનારી. સ૦ ૪

## પદ ૪ (૧૭૮)

શ્રી ઘનશ્યામ હમારે જીવનધન. શ્રી૦
શ્રી ઘનશ્યામ વદનકી શોભા, નીરખી હરખી ઉર ધારે. જી૦ ૧
કેસર તિલક ભાલ બિચ સોહે, કાનમેં કુંડળ ભારે;
નીરખી ગુમાની ભઈ હું દીવાની, જીવકે જીવન પ્યારે. જી૦ ૨
શોભા ધામ શ્યામ સુખસાગર, પીત બસન તનું ધારે;
પ્રેમ મગન ભયે દેખી મુનિવર, સુંદર ધર્મ દુલારે. જી૦ ૩
જેહી જન આઈ રહે હરિ શરને, તાહિ મુક્ત કરી ડારે;
અવધપ્રસાદ નીરખી યહ મૂરતિ, ચરનકમલ ઉર ધારે. જી૦ ૪

## રાગ સોરઠ હોરી : પદ ૧ (૧૭૯)

સખી ધર્મકુંવર સુખધામ, રમે હોરી નવલ ભુવનમેં. સખી૦
રમત હો હોરી સખા સંગ દોરી, સુંદરવર ઘનશ્યામ. ર૦ ૧
અબિલ ગુલાલકી ધૂમ મચાવત, પ્રીતમ પૂરન કામ. ર૦ ૨
શ્રી ઘનશ્યામ કી સુંદર મૂરતિ, હરિજન કે વિશ્રામ. ર૦ ૩
અવધપ્રસાદ એસી છબી અંતર, રાખત આઠો જામ. ર૦ ૪

## પદ ૨ (૧૮૦)

સખી સહજાનંદ જાન ખેલે, શ્રીનગર બિચ હોરી દોરી. સખી૦
ખેલત ફાગ ગુલાલ ઉડાવત, અરસપરસ એક તાન. ખે૦ ૧
કર પિચકારી લે મારત ભારી, ભક્તન પર ભગવાન. ખે૦ ૨
શોભા ધામ શ્યામ મનરંજન, નિજ જન જીવન પ્રાન. ખે૦ ૩
અવધપ્રસાદ એ રંગભર મૂરત, ધરત મેં નિરંતર ધ્યાન. ખે૦ ૪

### પદ ૩ (૧૮૧)

સખી નરનારાયણ શ્યામ, ખેલત હરિ રંગભર ધૂમ મચાઈ. સ૦
ધૂમ મચાવે રંગ બરસાવે, સબ જન પર અભિરામ. ખે૦ ૧
સબ અવતારન કે અવતારી, જાહી જપત મુનિ નામ. ખે૦ ૨
રસિક શ્યામ રંગ હોરી રમાયકે, કરત હે જન નિષ્કામ. ખે૦ ૩
અવધપ્રસાદ શ્યામ સંગ ખેલત, અંતર હોત આરામ. ખે૦ ૪

### પદ ૪ (૧૮૨)

સખી સહજાનંદ મહારાજ ખેલે, હરિજન સંગ રંગભર હોરી. સ૦
ખેલત હોરી સખા નિજ સંગે, સુરનર મુનિ શિરતાજ. ખે૦ ૧
શિરપર પાગ ગુલાબી સુંદર, ધાર લીએ મુનિરાજ. ખે૦ ૨
રંગભર વસન ધરેં સબ અંગે, રંગભર સબહી સમાજ. ખે૦ ૩
અવધપ્રસાદ નીરખી યહ મૂરતિ, સુધરી ગયો સબ કાજ. ખે૦ ૪

### રાગ કાફી હોરી : પદ ૧ (૧૮૩)

મોહન બનવારી, ખેલે હોરી લે પિચકારી. મોહન૦
અબિલ ગુલાલકી ધૂમ મચાવત,
શ્યામ સુંદર રસિયો સુખકારી. મો૦ ૧
ચંદન અત્તર લેપ કરી અંગે,
પ્રેમ મગન કિયે સબ નરનારી. મો૦ ૨
ઊડત ગુલાલ લાલ ભયે અંબર,
ભીંજ ગઈ સબકી નઈ સારી. મો૦ ૩
અવધપ્રસાદ નાથકી મૂરતિ,
રહો નિરંતર અંતર પ્યારી. મો૦ ૧

### પદ ૨ (૧૮૪)

શ્યામરો સુખદાઈ, ખેલત રંગ ધૂમ મચાઈ. શ્યામરો૦
ધૂમ મચાઈ મોરે ઘરું આઈ,
કહા કહું કછુ કહી ન જાઈ. શ્યા૦ ૧

કેસર રંગ ધારી શિર પગિયાં,
ભાલ તિલક બિચ ચંદ સોહાઈ. શ્યા૦ ૨
અરુન કમલ દલ નેન મનોહર,
વામ શ્રવન તિલ લખિ સુખ પાઈ. શ્યા૦ ૩
અવધપ્રસાદકે નાથકી મૂરતિ,
નીરખી હરખી અંતર ઠહરાઈ. શ્યા૦ ૪

## પદ ૩ (૧૮૫)

હરિવર સુખકારી, હોરી ખેલે નવલ બિહારી. હરિવર૦
નીરખી વદન શુભ શ્યામ સુંદરકો,
ત્રિવિધ તાપ સબ દિયે નિવારી. હ૦ ૧
નેન બેન સુખદેન મનોહર,
બાહુ ઉભય અભય કર ભારી. હ૦ ૨
ઉર વિશાલ વિચ ચિહ્નન મનોહર,
નીરખી ધ્યાન ધરે અજ ત્રિપુરારિ. હ૦ ૩
અવધપ્રસાદ શ્યામકી મૂરતિ,
નિશદિન અંતરમાંહી ઉતારી. હ૦ ૪

## પદ ૪ (૧૮૬)

આંખિયાં રંગદીની, શ્યામ મોહે બાવરી કીની. આંખિયાં૦
અબિલ ગુલાલ ખેલ કરી મોહન,
રંગ ડારી મોરી સારી નવીની. આં૦ ૧
ખેલત હોરી મોરે સંગ દોરી,
કર પકરી ફારી ચૂનર ઝીની. આં૦ ૨
કેસર રંગ ઉમંગ શું લે કરી,
અંગોઅંગ કીની રંગભીની. આં૦ ૩
અવધપ્રસાદ કે રંગભર મૂરતિ,
પ્રીત સહિત અંતર ધરી લીની. આં૦ ૪

### રાગ હોરી : પદ ૧ (૧૮૭)

હોરી ખેલે મહારાજા, શ્રીપુરમેં હોરી ખેલે મહારાજા.
એક ઓર શ્રી ઘનશ્યામ સખા સબ,
એક ઓર સંત સમાજા. શ્રી૦ ૧
કેસર રંગ ભરી પિચકારી, બાજત અનહદ બાજા' શ્રી૦ ૨
ઉડત ગુલાલ લાલ ભયે બાદલ, નીરખત સુરપતિ રાજા. શ્રી૦ ૩
અવધપ્રસાદનાથ સંગ ખેલી, જનમ સુફલ કિયો કાજા. શ્રી૦ ૪

### પદ ૨ (૧૮૮)

હોરી ખેલે સુખકારી, શ્રીપુરમેં હોરી ખેલે સુખકારી.
શ્રી ઘનશ્યામ કી માધુરી મૂરતિ, પહિરે હે હાર હજારી. શ્રી૦ ૧
બાજત તાલ સિતાર સારંગી, ડફ બાજત અતિ ભારી. શ્રી૦ ૨
ખેલે તુરંગ ઉમંગ ભરે હરિ, હરિજન પર રંગ ડારી. શ્રી૦ ૩
અવધપ્રસાદ નાથ છબી પર, તન મન ધન બલિહારી. શ્રી૦ ૪

### પદ ૩ (૧૮૯)

હોરી ખેલત દોઉ ભાઈ, શ્રીપુરમેં હોરી ખેલત દોઉ ભાઈ.
ખેલત ખેલ પરસ્પર દોરી, રંગ ખૂબ ઝરી લાઈ. શ્રી૦ ૧
શ્રી ઘનશ્યામ મુગટ શિર સુંદર, રામ શિર પાઘ સોહાઈ. શ્રી૦ ૨
નર નારાયણ મંદિર આગે, અબિલ ગુલાલ ઉડાઈ. શ્રી૦ ૩
અવધપ્રસાદ દેખી યહ શોભા, પ્રીત કરી ઉર લાઈ. શ્રી૦ ૪

### પદ ૪ (૧૯૦)

મોહન ખેલ મચાવે, શ્રીપુરમેં મોહન ખેલ મચાવે.
અબિલ ગુલાલ ઊડે રંગ ભારી, સુરમુનિ દેખન આવે. શ્રી૦ ૧
શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, નીરખી જન સુખ પાવે. શ્રી૦ ૨
રંગભર બસન સોહે તન સુંદર, પ્રેમશું પ્રીત બઢાવે. શ્રી૦ ૩
અવધપ્રસાદ શ્યામ છબિ પર, વાર વાર બલિ જાવે. શ્રી૦ ૪

## રાગ ગરબી : પદ ૧ (૧૯૧)

પ્રગટ થયા સુખકારી, છપૈયામાં પ્રગટ થયા સુખકારી;
શ્રીહરિ આજ અવતારી. છપૈયામાં પ્રગટ થયા૦
બ્રહ્માને ભવ શેષ શારદ ગાવે રે, ગાવે જેને વેદ ચારી. છ૦ ૧
કોટી કલ્પ જેનું ધ્યાન ધરે છે રે, દ્રઢ મુનિ વ્રત ધારી. છ૦ ૨
કારણ પ્રેરક સર્વના કહાવે રે, ભક્ત વત્સલ ભયહારી. છ૦ ૩
અવધપ્રસાદ કહે અવની ઉપરરે, તારવા અનંત નરનારી. છ૦ ૪

### પદ ૨ (૧૯૨)

ખેલ કરે બહુનામી, છપૈયામાં ખેલ કરે બહુનામી;
અક્ષરધામના ધામી. છપૈયામાં ખેલ કરે૦
બાલક સહુને પાસે બોલાવી રે, ખેલ રાખે નહિ ખામી. છ૦ ૧
સહુજનને સુખ આપે અલૌકિક રે, શ્રી સહજાનંદ સ્વામી. છ૦ ૨
ખેલ ખેલાવીને અગણિત જનને રે, કીધા પોતે નિષ્કામી. છ૦ ૩
અવધપ્રસાદ કહે એ છબી નીરખી રે,
હૈયાની પૂરી મેં તો હામી. છ૦ ૪

### પદ ૩ (૧૯૩)

નારાયણ સરમાં નહાવે, છપૈયામાં નારાયણ સરમાં નહાવે;
ખાંતેથી ખેલ મચાવે. છપૈયામાં નારાયણ સરમાં૦
નહાવે વા'લોને બહુતાળી બજાવેરે, જોવાને સુરમુનિ આવે. છ૦ ૧
જોઈ લીલા જગના જીવનની રે, આનંદ ઉર ન સમાવે. છ૦ ૨
જય જયકાર કરે દેવ જોઈને રે, ધાઈને પુષ્પે વધાવે. છ૦ ૩
અવધપ્રસાદના નાથની લીલા રે, જોઈને ભવદુ:ખ જાવે. છ૦ ૪

### પદ ૪ (૧૯૪)

લીલા કરે રંગ લેરી, છપૈયામાં લીલા કરે રંગ લેરી;
કટીપર કાંચની પે'રી. છપૈયામાં લીલા કરે૦
અંગરખી અંગે ધારી અનોપમરે, પાઘ ગુલાબી શિર ઘેરી. છ૦ ૧

પુરવાસી સહુને પુરુષોત્તમ રે, હસી આપે સુખ હેરી. છ૦ ૨
જાંબુતણા જાય ફલ ખાવા રે, બાગમાં સખા સંગ ઘેરી. છ૦ ૩
અવધપ્રસાદના નાથની લીલા રે, દેખી ટળે ભવ ફેરી. છ૦ ૪

### પદ ૫ (૧૯૫)

શ્યામ સુંદર સુખદાઈ, છપૈયામાં શ્યામ સુંદર સુખદાઈ;
ખેલ કરે હરખાઈ. છપૈયામાં શ્યામ સુંદર૦
બહુનામી બાલક બહુ લઈને રે, રમે ભમે પુરમાંહી. છ૦ ૧
કોઈક દિન વિશ્વામિત્રીમાં જાઈ રે, ધૂમ મચાવે ધાઈ. છ૦ ૨
કોઈક દિન ધર્મ તલાવ જાઈને રે, ના'વે તે કીર્તન ગાઈ. છ૦ ૩
અવધપ્રસાદ કે નારાયણ સરમાં રે, બહુ ના'વે બળભાઈ. છ૦ ૪

### પદ ૬ (૧૯૬)

ધન્ય છપૈયાના વાસી, નિગમ કહે ધન્ય છપૈયાના વાસી;
જેના ભેળા રમ્યા અવિનાશી નિગમ કહે ધન્ય૦
કોટી બ્રહ્માંડના કર્તા જે કહાવે રે, રમ્યા જે સંગે હુલાસી. નિ૦ ૧
સહુજનને સુખ આપે અલૌકિક રે, શ્યામસુંદર સુખરાશિ. નિ૦ ૨
સર્વ તીરથનું ફળ સહુ પાવે રે, નથી ગયા ગયા કાશી. નિ૦ ૩
અવધપ્રસાદ કહે એ પુરવાસી રે, પ્રગટ પ્રભુના ઉપાસી. નિ૦ ૪

### પદ ૭ (૧૯૭)

છપૈયા ધામ મોટું જગકાવે, છપૈયા ધામ મોટું જગકાવે;
તેની તોલે બીજું કોઈ નાવે. છપૈયા ધામ મોટું૦
સાત પુરી ચાર ધામ ધરાપર રે, તે પણ તે તોલ્ય નાવે. છ૦ ૧
કુળ અનંત ભવ તરે તે તેના રે, જાઈ ત્યાં શ્રાદ્ધ કરાવે. છ૦ ૨
કોટિક પાપ કર્યાં જન જેને રે, નામ લેતાં પાપ જાવે. છ૦ ૩
અવધપ્રસાદ કહે જાતા છપૈયામાં રે, જન અક્ષરધામ જાવે. છ૦ ૪

## રાગ કાફી હોરી : પદ ૧ (૧૯૮)

શ્યામ સુંદર સુખકારી, છબી લાગત પ્યારી. શ્યામ૦
સુંદર છબી ઘનશ્યામ પિયાકી, નીરખી હરખી નરનારી. છ૦ ૧
અબિલ ગુલાલકી ધૂમ મચાવત, કરુનાસાગર ન્યારી. છ૦ ૨
નૌતમ ખેલ રચી મનમોહન, જન પર રંગ શુભ ડારી. છ૦ ૩
અવધપ્રસાદ નિરંતર એહી સંગે, પ્રીતિ રહી હે હમારી. છ૦ ૪

## પદ ૨ (૧૯૯)

સુંદરવર રંગભીને, રંગ ખેલ મચાઈ. સુંદર૦
ખેલ મચાઈ શ્યામ સુખદાઈ, નૌતમ નાથ નવીને. રં૦ ૧
કેશર રંગભરી પિચકારી, છીરકત શ્યામ પ્રવિને. રં૦ ૨
શ્રી ઘનશ્યામ ચતુરકી મૂરતિ, નીરખત મન હરી લીને. રં૦ ૩
અવધપ્રસાદ એહી છબી નીરખી, તન ધન અરપન કીને. રં૦ ૪

## પદ ૩ (૨૦૦)

હરિકૃષ્ણ સુખદાઈ, ખેલે ધૂમ મચાઈ. હરિ૦
ધૂમ મચાઈ સખા સંગ આઈ, નઈ નઈ પ્રીત બઢાઈ. ખે૦ ૧
પ્રેમ મગન કરી મન હર લીનો, જન પર રંગ બરસાઈ. ખે૦ ૨
ખેલત હોરી સખા સંગ ઘેરી, નીરખત સુરમુનિ આઈ. ખે૦ ૩
અવધપ્રસાદ નાથકો મહિમા, શેષ શારદા ન પાઈ. ખે૦ ૪

## પદ ૪ (૨૦૧)

શ્યામ પિયા બરજોરી, ખેલે રંગભર હોરી. શ્યામ૦
ખેલત ફાગ પરસ્પર દોરી, ધૂમ મચી ચહુંકોરી. ખે૦ ૧
શ્રી ઘનશ્યામ બદન કું દેખત, જેસે હી ચંદ ચકોરી. ખે૦ ૨
રંગભરી સુંદર શિર પગિયાં, નિજ જન જીવનદોરી. ખે૦ ૩
અવધપ્રસાદ નાથકે સંગે, અખંડ રહો રતિ મોરી. ખે૦ ૪

## રાગ કાફી હોરી તાલ અડીલ : પદ ૧ (૨૦૨)

એરી સખી નીરખોં મેં રૂપ રસાલકું. એ૦
શોભા ધામ શ્યામ સુખસાગર, નાગર ધર્મકે લાલકું. એ૦ ૧
ખેલત હોરી મોહન બરજોરી, કરત નવીન નિત્ય ખ્યાલકું;
અવધપ્રસાદકે નાથ મોરે પર, ડારત રંગ ગુલાલકું. એ૦ ૨

### પદ ૨ (૨૦૩)

એ સખી નીરખો મેં ધર્મકુંવરકું. એ૦
નરનારાયણ મંદિર આગે, ગાવત રાગ ધુમારકું. એ૦ ૧
શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ ખેલત જનકે ઉર ધારકું;
અવધપ્રસાદ કે નાથકો મહિમા, કહત વેદ પુકારકું. એ૦ ૨

### પદ ૩ (૨૦૪)

એ સખી ખેલત ધર્મ કિશોરવા. એ૦
કર પિચકારી લિયે બનવારી, ડારત રંગ બરજોરવા. એ૦ ૧
મેં જ્યું ગઈતી હરિ નીરખનકું, જેસોં હી ચંદ ચકોરવા;
અવધપ્રસાદકે નાથ સલૂને, હર લીનો મન મોરવા. એ૦ ૨

### પદ ૪ (૨૦૫)

એ સખી રંગ રમત રંગ છેલવા. એ૦
રંગ ઉમંગ ભરી પિચકારી, રંગ ડારત રંગ રેલવા. એ૦ ૧
પહિરે પોશાંગ રંગભર સુંદર, શ્યામ ચતુર અલબેલવા;
અવધપ્રસાદ રંગ લહી રસિયો, મિલ્યો હે ગેલ અકેલવા. એ૦ ૨

## રાગ જંગલો હોરી : પદ ૧ (૨૦૬)

એરી સખી શ્યામ સુંદર સુખકારી,
હોરી ખેલત કર લહી પિચકારી. શ્યા૦
ખેલ મચાઈ શ્યામ સુખદાઈ, રંગ ડારી મોરી સારી. હો૦ ૧

અબિલ ગુલાલકી ધૂમ મચાવત, રંગસોં રોરી મોયે ડારી. હો૦ ૨
રંગ ડારી કછુ જાદુ કિયો હે, શ્યામ ચતુર બનવારી. હો૦ ૩
અવધપ્રસાદ કે નાથ સાંવરે, હર લીની સૂધ હમારી. હો૦ ૪

### પદ ૨ (૨૦૭)

એરી સખી રંગભર ખેલત હોરી,
શ્રી ઘનશ્યામ રસિક રંગભીનો. રંગ૦
કર કંચન પિચકારી લહી હરી, રંગ છીરકત ચહુંકોરી. શ્રી૦ ૧
આય અચાનક સુંદર શ્યામરે, રંગ ગાગર શિર ઢોરી. શ્રી૦ ૨
સુંદર શ્યામ બદનકું નીરખત, પંકજ ચંદ લજોરી. શ્રી૦ ૩
અવધપ્રસાદ કહત હરિસંગે, પ્રીતિ રહો અબ મોરી. શ્રી૦ ૪

### પદ ૩ (૨૦૮)

એરી સખી રૂપ જોબન બનવારી,
નીરખત મન હર લીનો હમારો. રૂપ૦
પીરે રંગ સોહત શિર પગિયાં, શેખર જુત લગે સારી. ની૦ ૧
સોહત સુંદર નવીન જલદ સમ, પીત બસન તન ધારી. ની૦ ૨
લોચન અરુન કમલ દલ નૌતમ ભ્રકુટિ ભમરવત કારી. ની૦ ૩
અવધપ્રસાદ કહત મનરંજન, મૂરતિ ઉરમેં ઉતારી. ની૦ ૪

### પદ ૪ (૨૦૯)

એરી મોરે નેનાં નિહારી રહ્યોરી,
ચંચલ ચિત્તવની ચિત્તકે ચોર. મોરે૦
જબસોં નિહારી શ્યામ સુખકારી, તબસોં આનંદ ભયોરી. ચં૦ ૧
સુખકે સદન શુભ વદન મનોહર, ચિત્તવા ચોર લયોરી. ચં૦ ૨
નટવર નાગર રૂપ ઉજાગર, હરવા તોરિ દયોરી. ચં૦ ૩
અવધપ્રસાદ કહત આઈ મોકું, મરમ કે બચન કહ્યોરી. ચં૦ ૪

## રાગ જંગલો : પદ ૧ (૨૧૦)

ડગરમેં નીરખે ધર્મકિશોર. ડગરમેં૦
મેં જ્યું ગઈતી જલ ભરનેકું, આઈ મિલ્યો મોયે દોર ડ૦ ૧
જ્યાંહાં જાઉં ત્યાંહાં આઈ અચાનક, રોકત હે મગ મોર. ડ૦ ૨
મસ્ત ભયો કછુ કહ્યો ન માનત, બોલત વચન કઠોર. ડ૦ ૩
અવધપ્રસાદ કે શ્યામ સુંદરવર, લેવત ચિત્તવા ચોર. ડ૦ ૪

## પદ ૨ (૨૧૧)

હર્યો મન સુંદર મોહનલાલ. હર્યો૦
શિર પર મુગટ કાનમેં કુંડળ, સોહત ભાલ વિશાળ. હ૦ ૧
ચંદન ખોર કિયે તન નૌતમ, બોલત વચન રસાળ. હ૦ ૨
ઉર બનમાલ ધારે મનમોહન, ચલત ચટકતી ચાલ. હ૦ ૩
અવધપ્રસાદ કે નાથકી મૂર્તિ, દેખત ભઈહું નિહાલ. હ૦ ૪

## પદ ૩ (૨૧૨)

નીરખે મેં બાંકે શ્યામ સુજાણ. નીરખે૦
બાંકી ચિત્તવની મેં ચિત્ત મોહે, બાંકી ભ્રુહક બાણ. ની૦ ૧
બાંકી છેલ ચતુરકી બતિયાં, બાંકી ચલની હરે પ્રાણ. ની૦ ૨
કટિલંક બાંક કસત વર બાંકી, બાંકી ગાવત તાન. ની૦ ૩
બાંકે શ્યામકી બાંકી છટાપર, અવધપ્રસાદ કુરબાન. ની૦ ૪

## પદ ૪ (૨૧૩)

લગી હે મોહે સુંદર શ્યામ શું પ્રીત. લગી૦
પ્રીત લગી ઘનશ્યામ પિયા સંગ, હર લીનો મેરો ચિત્ત. લ૦ ૧
શ્યામ સુંદર બિન કલ ન પરત મોહે,
સૂને બિના ઇન ગીત. લ૦ ૨
નીરખી ગુમાની ભઈ હું દીવાની, ચંચલ મૂરતિ શોભિત. લ૦ ૩
અવધપ્રસાદકે નાથકી મનમેં, રટના લાગી હે નિત નિત. લ૦ ૪

## રાગ ઠુમરી : પદ ૧ (૨૧૪)

શ્રી ઘનશ્યામ હુંને, ચિત્ત મેરો ચોર્યો આજ. શ્રી૦

પગિયાં નવીની ધારી, ચિત્તવની શુભ સારી;
નેનસેં નિહારી મેરો, હાર મોતી તોર્યો આજ. શ્રી૦ ૧

કેસર તિલક ભાલ, નેનાં બિચ રેખું લાલ;
ચટકતી ચલી ચાલ, ઘૂંઘટવા ખોર્યો આજ. શ્રી૦ ૨

અરુન કમલ નૈન, કાનમેં કુંડળ મેંન;
બોલકે સુંદર બેન, કરેજવા કોર્યો આજ. શ્રી૦ ૩

અવધપ્રસાદ નાથ, બાંય ગ્રહી લીની હાથ;
કર બર જોરી, મેરો બાજુબંધ છોર્યો આજ. શ્રી૦ ૪

## પદ ૨ (૨૧૫)

શ્યામ સુખકારી મોરી, બૈયાં મરોરિ આય. શ્યા૦

બૈયાં મરોરિ બહુત ઝકઝોરી;
કરકો કંગનવા નિકાર ગયો આય. શ્યા૦ ૧

નાસિકા નિકટ ચિહ્ન, ચિત્તવની ચિત્ત લીંન;
અધર પ્રવાલ લાલ, જિયરા હરોરિ આય. શ્યા૦ ૨

ગળે મોતી માલ ધારી, શ્રી વત્સ ઉર ભારી;
પ્રેમકી કટારી મારી, લીન ચિત્ત ચોરી આય. શ્યા૦ ૩

અવધપ્રસાદ શ્યામ, મિલે હે પૂરનકામ;
જપત હે જેહી નામ, મુનિ કર જોરી આય. શ્યા૦ ૪

## પદ ૩ (૨૧૬)

મોહનાને મોહની ડારી, મોહ ભારી રાજ. મો૦

ચંચળ દગન દોઈ, ખંજન લજત જોઈ;
નીરખી બદન સુખ, સદન મોરારિ રાજ. મો૦ ૧

રસકો રસીલો કા'ન, ગાવે મુખ વિકિ તાન;
હર લીનો મેરો પ્રાન, શ્યામ સુખકારી રાજ. મો૦ ૨
કસન કસેઉ કટિ, બસન મનોહર;
દસન હસન પર, કુંદ ચંદ વારી રાજ. મો૦ ૩
અવધપ્રસાદ પ્યારી, છબ લીની ઉર ધારી;
નેનસેં નિહારી હિયેં, હાર હજારી રાજ. મો૦ ૪

## પદ ૪ (૨૧૭)

બનહુંસે બનવારી, બાવરીશી કીની મોય. બન૦

બનહુંકી ફૂલમાલ, ધરી હે ગોપાળલાલ;
કરકે નવીન ખ્યાલ, સૂધ હર લીની મોય. બ૦ ૧
ગઈતી ભરન નીર, ઠાડો જમુનાકે તીર;
કહી બલવીર દેખી, બતિયાં નવીની મોય. બ૦ ૨
બાંસુરી બજાવત, જિયા લલચાવત;
આવત ગાવત ફારી, ચૂનર ઝીની મોય. બ૦ ૩
અવધપ્રસાદ શ્યામ, લખી લાજે કોટી કામ;
મૂર્તિ રંગીલી રહો, ચિત્તમેં પ્રવિની મોય. બ૦ ૪

## રાગ હોરી દીપચંદી : પદ ૧ (૨૧૮)

બાવરી કર ડારી, મોહન બનવારી. બાવરી૦

રંગભર કર પિચકારી લહીકે, રંગ ડારી મોરી સારી;
તબ મોહે ખબર રહી નહિ સજની, સૂધ હર લીની હમારી. મો૦ ૧
અબિલ ગુલાલકી ધૂમ મચાવત, પકરી ચૂનરિયાં ફારી;
કેસર કુમકુમ લે મુખ મિડયો, શ્યામ સુંદર સુખકારી. મો૦ ૨
અંબુજ અરુન પત્ર સમ લોચન, મોચન ભવ દુ:ખહારી;
અવધપ્રસાદ નાથ સંગ ખેલી, બરજ બરજ રહી હારી. મો૦ ૩

### પદ ૨ (૨૧૯)

મોહન બરજોરી, ખેલે રંગભર હોરી. મોહન૦
રંગભર ધૂમ મચાવત રસિયો, શ્યામ સખા સંગ હોરી;
ઈત ઉત ભ્રમત શ્રવત અંગ રંગસોં, કહાં કહું મતિ થોરી. ખે૦ ૧
બાજત દુદુંભી બાજાં ગગનમેં, ધૂમ મચી ચહુંકોરી;
સો દેખન ધૂમ આત બ્રહ્મા ભવ, ઠાઢ રહે કર જોરી. ખે૦ ૨
નેન નિહારી રહે સુરનર મુનિ, જેસોં હી ચંદ ચકોરી;
અવધપ્રસાદ નાથ સંગ ખેલત, એસેહી લાખ કરોરી. ખે૦ ૩

### પદ ૩ (૨૨૦)

હોરી ખેલત દોઉં ભૈયા, રંગ ધૂમ મચૈયા. હોરી૦
ધૂમ મચૈયા શ્યામ સુખદૈયા, જન પર રંગ બરસૈયા;
હસી મુસકાયકે મન હર લીનો, સુંદર શ્યામ કનૈયા. રં૦ ૧
ખાન પાન તન ભાનકું ભૂલી, શ્યામ ચરન ચિત્ત રૈયા;
લોક લાજ મરજાદ ત્યાગ કરી, હરિ સંગ હોરી ખેલૈયા. રં૦ ૨
સુંદર શ્યામ છબી મનમાની, ચંદન ખોર કરૈયા;
અવધપ્રસાદ નાથ કે ઉપર, વાર વાર બલજૈયા. રં૦ ૩

### પદ ૪ (૨૨૧)

શ્યામ સુંદર સુખદાની, લખી રૂપ લોભાની. શ્યામ૦
રૂપ લોભાની છબી મનમાની, ચરન કમલ લપટાની;
પ્રેમ મગન ભઈ તન સૂધ ભૂલી, નીરખી મોં રૂપનિધાની. લ૦ ૧
મોર મુગટ શિર કાનમેં કુંડળ, સુંદર ચંચલવાની;
કેસર તિલક ભાલ બિચ નીરખી, મૂરતિ મન ઠહરાની. લ૦ ૨
શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર આની;
અવધપ્રસાદ નાથકો મહિમા, ગાવત હે મુનિ જ્ઞાની. લ૦ ૩

## રાગ ધન્યાશ્રી : પદ ૧ (૨૨૨)

એક કપટી ન તરે રે, મહારાજ, શરણ આયે સબહી તરે. એક૦
પાંડવ પાંચ દ્રૌપદી તરી ગયે, કૌરવ ન તરે સમાજ. શ૦ ૧
નારદ શુક સનકાદિક તરી ગયે, ન તરે સો રાવનરાજ શ૦ ૨
ભક્ત વિભિષણ ઉદ્ધવ તરી ગયે, ન તરે યવન શિરતાજ. શ૦ ૩
ધ્રુવ પ્રહ્‌લાદ પરિક્ષીત તરી ગયે, ન તરે અધમ જરાજ. શ૦ ૪
પ્રગટ પ્રતાપસેં અગણિત તરી ગયો,
અવધપ્રસાદ કહે આજ. શ૦ ૫

## રાગ ઠુમરી : પદ ૧ (૨૨૩)

ભલાજી મોયે બાવરીશી કર ડારી, કનૈયાલાલને. મોયે૦
બાવરીશી કીની સૂધ હર લીની,
ભલાજી મોયે નેનહુંકી સેન મારી રે. ક૦ ૧
મેં જમુના જલ ભરન ગઈતી,
ભલાજી મોરી આયકે ચૂનર ફારી રે. ક૦ ૨
ધરી ઉર ફૂલદામ આયકે સુંદર શ્યામ,
ભલાજી કિયો બચન મરમ ભારી રે. ક૦ ૩
અવધપ્રસાદ નાથ ભેટી ભુજ ભરી બાથ,
ભલાજી છબી પર કોટિ કામ વારી રે. ક૦ ૪

## પદ ૨ (૨૨૪)

ભલાજી મોરી સૂધબૂધ હર લીની રે, મોહનલાલને. મોરી૦
આયકે અચાનક સુંદર શ્યામ રે,
ભલાજી મોરી મટુકી પટકી દીની રે. મો૦ ૧
નેનકો નજારો મારી મતવારો,
ભલાજી મોહે બનહુંમેં બસ કીની રે. મો૦ ૨
હસી મુસકાઈ મોહની લગાઈ,
ભલાજી મેરો હરવા લીનો છીની રે. મો૦ ૩

અવધપ્રસાદકી નાથકે સંગે,
કહત રાધે અંગો અંગ ભીની રે. મો૦ ૪

## પદ ૩ (૨૨૫)

ભલાજી મેંતો બરજ બરજ હારી રે, સુધર ઘનશ્યામસોં. મેંતો૦
બરજ બરજ હારી માનત બનવારી,
ભલાજી મોસે કપટ જનાયો ભારી રે. સુ૦ ૧
કંચૂકી કસ તોરી શ્યામ હુંને મોરી,
ભલાજી મોરી બૈયાં મરોરિ ડારી રે. સુ૦ ૨
બૈયાં મરોરિ મોરી ચૂરિયાં ફોરી,
ભલાજી મોહે મુખહુંસે દીની ગારી રે. સુ૦ ૩
અવધપ્રસાદ કે નાથકી છબીપેં,
ભલાજી જાઉં વાર વાર બલિહારી રે. સુ૦ ૪

## પદ ૪ (૨૨૬)

ભલાજી મોરી આંખિયાંમેં રખિયાં રે, મૂરતિ ઘનશ્યામકી. મોરી૦
આંખિયાં લુબ્ધ ભઈ શ્યામ સુંદરસોં,
ભલાજી માનું મધુહુંકી મખિયાં રે. મૂ૦ ૧
બિનું દેખે પિયરા તલફત જિયરા,
ભલાજી જૈસે જલ બિનું ઝખિયાં રે. મૂ૦ ૨
મૂરતિ મનોહર ધર્મનંદનકી,
ભલાજી મોરે જિયરામેં લખિયાં રે. મૂ૦ ૩
અવધપ્રસાદ કે નાથકી છબીકું,
ભલાજી રાખું ઉરહું મેં સખિયાં રે. મૂ૦ ૪

સખી કોઈ શ્યામ મિલાવે મોહીં
શ્રી ઘનશ્યામ કી શામરી સૂરત,
બિસરત નાંહિ બિસારી સોહીં.

ચંચલ અંખિયાં ચંચલ બતિયાં,
ચંચલ મૂરતિ નાથ નિર્મોહી.

સુંદર શ્યામ નવલ રંગભીને,
પ્રીત કરી અંતરમેં પ્રોહી.

અવધપ્રસાદ ઉર સુખ પાવત,
ચરન કમલ પરસેં જબ ઓહી.

—પ. પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજ

આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ

રચિત

# કીર્તનાવલિ

## : શબ્દાર્થ સૂચી :

## શબ્દાર્થ સૂચી

પદ ૧ શંભુ — શિવ, શંકર
તેહી સંગ — તેની સાથે
પૂરવદેશ — પૂર્વ દિશાનો પ્રદેશ
અવધપુર — અયોધ્યા નગરી
જરી — ક્ષય થવું, નાશ પામવું

પદ ૨ ઉર ધારી — હૃદયમાં ધારી
નેનનસેં — આંખોથી
બસન — વસ્ત્ર

પદ ૩ વામ શ્રવન બિચ — ડાબા કાન વચ્ચે, અંદરના ભાગમાં
મકરાકૃત — માછલીની આકૃતિવાળાં
નિકટ — પાસે
ચંચલ ચિત્તવની — ચંચળ નેન-કટાક્ષ

પદ ૪ સુખદાઈ — સુખ આપનાર
મનોહર — મનને હરી લે તેવી
ઉર લાઈ — હૃદયમાં લાવી
બોલની — વાણી
હસની — હાસ્ય
મુસકની — મંદહાસ્ય, મુસ્કુરાહટ
બરની ન જાઈ — વર્ણવી ન જાય
સૂરત — મુખારવિંદ
અંતરમેં ઠહરાઈ — અંતરમાં સ્થાપી છે.

પદ ૫ ધેન ચરાવત — ગાયો ચરાવતાં
મોયે મિલે — મને મળ્યા
લકુટિ લિયે — લાકડી લઈને
કારી કામરી — કાળી કામળી

જલ ભરન — જળ ભરવા
બિચ ડગરમેં ઠાઢો — માર્ગ વચ્ચે ઊભેલા
બંકી પાઘ, બંકી કલંગી — વાંકી પાઘ, વાંકી કલગી
વદન — મુખકમળ
નેનુંકે આગે — આંખ આગળ
આઠો જામ — આઠે પહોર

પદ ૬ સોહત — શોભે છે
મકરાકાર — માછલીની આકૃતિવાળાં
સુરવાર — સુરવાળ

પદ ૭ સાંવરી સૂરત — ઘનશ્યામવર્ણ
માધુરી મૂરત — મધુર સ્વરૂપ, મૂર્તિ
ભયે હે નિહાલ — ન્યાલ થયા છે.
પહિરે — પહેરી છે.
દગ આગે — આંખો સામે, નજર સામે.

પદ ૮ પાદુકા — ચાખડી
પિછૌરી ઓઢી — પછેડી ઓઢી
કંચન પાટ — સોનાની પાટ
થાર — થાળ
થોરી — થોડી
તિહારી — તમારી

પદ ૯ સુનમુખ આયે ચઢી બાજ — ગરુડ પર બેસીને સામે આવ્યા

પદ ૧૦ સુજાન — સુજાણ, સર્વજ્ઞ, બધું જાણનાર
અધમ ઉધાર — અધમ-પાપીઓનો ઉધાર કરનાર
પતિતજન પાવન — પાપી જનોને પવિત્ર કરનાર
જીયકે જીવન પ્રાણ — જીવના જીવનપ્રાણ
બેદ — વેદ
યાકો મહિમા — તેનો મહિમા

હાન — હાનિ, નુકસાન

પદ ૧૧ જાહી જપી — જેને ભજીને

સહસ્ર અઠયાસી – અઠયાસી હજાર

પરનામ – પ્રણામ

પદ ૧૨ ભાસત – જણાય છે, દેખાય છે

અનુપ – અનુપમ, અજોડ

સુર – દેવતા

ભૂપ – રાજા

ભવ કૂપ – સંસાર કૂવો

પદ ૧૩ નેનુંકે મારે બાન – નયન બાણ માર્યા

ઠાઢે – ઊભા છે

ભૂષન બસન – આભૂષણ–વસ્રો

ચિત્તવની – નયનકટાક્ષ

મોય – મને

મોકું – મને

પદ ૧૪ ગેલ – રસ્તો, માર્ગ

અકેલ – એકલા

હાર ચંબેલ – ચમેલીના ફૂલનો હાર

પદ ૧૫ એક ટક રહી વિલોકી – એક નજરે જોઈ રહી

સુરતાજ – દેવોના દેવ

બદનકી શોભા – શરીરની શોભા

નીકે – સારા, ભલા

પદ ૧૬ વ્યંજન – વાનગીઓ, પકવાન

તિહારી – તમારી

પદ ૧૭ દાદરા – એક રાગ, તાલ

બાંસુરી – વાંસળી

પદ ૨૧ શેખર – પાઘનો છેડો, છોગું

પલપલ છિનછિન – પળપળ ક્ષણક્ષણ

અભિરામ – અનેરું, સુંદર

પદ ૨૨ કુંડળ જ્યુત – કુંડળ સાથે

સૂધ બિસરી – ભાન ભૂલાવું

પદ ૨૩ બતિયાં – વાતો

છતિયાં – છાતી, હૃદય

શ્રવણ કરી – સાંભળીને

બાની – વાણી

મરાલ – પરમહંસ, સાધુ

પદ ૨૪ અગનિત – અગણિત, ન ગણી શકાય તેવું

હરન – હરનારા

પદ ૨૭ ઉપરના – ઉપરણી

પીરા – પીળી

માલ ફેરીરા – માળા ફેરવે છે

ગીરા – વાણી

પદ ૨૮ પ્રવિના – પ્રવીણ

કછુ કીના – કંઈક કર્યું

પદ ૨૯ છૈયાં – છાંયો

સૈયાં – પ્રિયતમ

લપકી પરી પૈયાં – લળીને પગમાં પડી

પદ ૩૦ નેહ – સ્નેહ

અતિયાં – અતિ

ગતિયાં – ગતિ

રતિપતિ – કામદેવ

ચિત્તમેં ગડ ગઈ – ચિત્તમાં ઊંડી ઊતરી ગઈ

પદ ૩૧ પગિયાં – પાઘ

અંખિયન અગિયાં – આંખો આગળ

પદ ૩૨ બટ તરુવર – વટવૃક્ષ, વડ

પદ ૩૩ કહાં છાયો – ક્યાં છૂપાયો

દર્શ બિના – દર્શન વિના
નિક શ્યામ – સુંદર શ્યામ
કલ ન પરે – ચેન નથી પડતું
બિરહ બિથા – વિરહ વ્યથા
કરીકે નેહ સટકાયો – સ્નેહ કરીને છટકી ગયો
પલક કલપ – આંખના પલકારામાં

પદ ૩૪ અકુલાવે – અકળાવે

પદ ૩૫ રતિયાં – રતિ, સ્નેહ, આનંદ
તલફત જીયા – જીવ ગભરાવો
જબતે – જ્યારથી
સિધારે તજકે – ત્યાગીને ચાલ્યા ગયા

પદ ૩૬ પછતાની – પસ્તાણી

પદ ૩૭ કૌન ચૂક પરી મોંસે – મારાથી કઈ ભૂલ થઈ
નિરદૈયા – નિર્દય
હાથ તિહારે બિકૈયા – તારા હાથની વેચાણ

પદ ૩૯ પાતિન પઠઈ – પત્ર વાંચીને
બિનતિ – વિનંતી

પદ ૪૦ અધર – હોઠ

પદ ૪૧ ફૂલંદા હાર – ફૂલનો હાર

પદ ૪૨ બનવારી – વનમાળી
લુબ્ધ ભયે – મગ્ન થયા

પદ ૪૪ બચન નિઠોરી – નઠારાં વેણ

પદ ૪૫ તીર બાંકે – બાણાવળી

પદ ૪૭ પનઘટ – પાણી ભરવાનો તળાવનો આરો
ગજરુ મરાલકી – હાથી અને હંસ જેવી

પદ ૪૮ ચુનર — ચુંદડી
ઝગરત — ઝગડે છે
બરજોરવા — બળજબરીથી

પદ ૪૯ દધિ બેચન — દહીં વેચવા

પદ ૫૦ ચંદન કી ખોર — ચંદનનો લેપ
બનમાલ — વનનાં ફૂલોની માળા

પદ ૫૧ બાંકી ભ્રહકબાન — વાંકી ભ્રૃકુટી
શશી અરુ ભાન — ચંદ્ર અને સૂર્ય

પદ ૫૨ રેનદિના — રાતદિવસ
યાકી — જેની
મિત — મિત્ર

પદ ૫૩ પિયા — પ્રિયતમ
તલફત — તડપવું

પદ ૫૪ બિરહાનલ — વિરહાગ્નિ
પલં નહિ બિસરત — ક્ષણ નથી ભુલાતા

પદ ૫૫ નિશભોર — રાતદિવસ
કરેજવા — કાળજું

પદ ૫૬ અરુન કમલદલ નેન — ઊગતા સૂર્ય જેવા, કમળજેવા નેત્ર
મીઠે બેન — મધુર વચન

પદ ૫૭ અનુરાગ્યો — પ્રીતિપૂર્વક જોડાયો
અવર સનેહ — સંસાર સ્નેહ

પદ ૫૯ રૂપનિધાની — રૂપના સાગર
રૂપ ખાની — રૂપની ખાણ

પદ ૬૦ બડભાગી — ભાગ્યશાળી
અંખિયન આગી — આંખો આગળ

પદ ૬૧ ગાથ – વાણી
પાતિ ન પઠઈ – પત્ર ન વાંચ્યો

પદ ૬૩ રટન – રટના, રટણ
બિરહ બિથા જારત – વિરહની વ્યથા બાળે છે.
અભંગ – અખંડ

પદ ૬૪ પીર – પીડા
કુન – કોણ
પ્રણતી હમાર – અમારા પ્રણામ

પદ ૬૫ બસ કીની – વશ કીધી
કાલિંદી તટ – જમુના કિનારે

પદ ૬૬ નેનનકી સૈંનસૈં – આંખના ઈશારાથી
ભોજન પાન – ખાવુંપીવું

પદ ૬૭ ટેઢી કલંગી – વાંકી કલગી
વામ ભાગ – ડાબી બાજુ
વામ શ્રાવન – ડાબો કાન

પદ ૬૮ ગૃહ – ઘર
નિહાલ – ન્યાલ

પદ ૬૯ મુસકાય કે – મલકાયન
મનવા – મન
નેન નજારો – આંખનો ઈશારો
અસ પ્યારો – આના જેવો પ્યારો

પદ ૭૦ થકિત ભઈ – આશ્ચર્ય પામી
બરનું – વર્ણવું

પદ ૭૧ અપારી – અપાર
બસિયા – વસિયા
સકળ – સકળ, સઘળું

બિસારી – ભુલાવી દીધું

પદ ૭૨ નિહારે – નિહાળ્યા, જોયા

ગહરી – ઊંડી

વિશદ – વિશાળ

ચિહ્ન જુત – ચિહ્ન સહિત

પદ ૭૩ હેલ – બેડું

પદ ૭૪ ટુંના – ટોણા

મગ બિચ – માર્ગ વચ્ચે

પલકિત – પળ માટે

પદ ૭૬ નટવા – નટ

મટવા – મટુકી

વટવા – માર્ગ

ગાર – ગાળ

ઘટવા – અંતરમાં

પદ ૭૭ નીલો – ભૂરો, વાદળી

કેસર ઘોરી – કેસર ઘોળી

પદ ૭૮ તુરંગ – ઘોડો

કુરંગ – હરણ

બચન – વચન

પદ ૭૯ બિજોગ – વિયોગ

પદ ૮૦ મમ પરસ – મારો સ્પર્શ

પાત – પામે છે

પદ ૮૨ ચોંપે કરી – ઉત્સાહથી, ખાંતથી

પેખ – જોવું

પદ ૮૩ અધર – હોઠ

ચિબુક – દાઢી

પદ ૮૪ કંબુ – શંખ
જત્રુ – હાંસડી
અંશ – ખભા
કૂણિયું – કોણી

પદ ૮૫ પાંતિ – પંક્તિ, હાર
શશી અરુ સૂર – ચંદ્ર અને સૂર્ય
કરભ – હથેળીનો પાછલો ભાગ
ભુજા – હાથ

પદ ૮૬ ઉદરે ત્રિવલી – પેટ ઉપર પડતી ત્રણ વળી
જાનું – ઢીંચણ, ગોઠણ

પદ ૯૧ ફંદ – સંસાર બંધન
યુદ્ધ દ્વંદ – કુસ્તી
પાવ – ચરણ

પદ ૯૨ સર – તળાવ
સુધાસિંધુ – અમૃતનો સાગર
ત્રાટ – તટ, કિનારો

પદ ૯૩ અંગન આગે – આંગણા આગળ
ભીર – ભીડ

પદ ૯૪ નેપુર – ઝાંઝર
પહિરાઈ – પહેરાવી

પદ ૯૫ મુદ – આનંદ
થોરે – થોડા
પ્રમાન – પ્રમાણ

પદ ૯૬ ઢૂંઢત – શોધીને

પદ ૯૭ સોઈ – તે

પદ ૯૮ મતિયાં — બુદ્ધિ, મતિ
એક પ્રતીત — એક વિશ્વાસ, એક શ્રદ્ધા
ઈનકી — એની
એક તારિયાં — એક તાર

પદ ૯૯ શ્વેતાંબર — શ્વેત વસ્ત્ર
હિયરે — હૃદય પર
ઝલકે — ઝળકે
તપત — તાપ, ગરમી, પીડા

પદ ૧૦૦ પકરત — પકડવું
સો નરકું — તે મનુષ્યને

પદ ૧૦૧ બિછૂરે — બિછડે, વિખૂટા પડેલા
આવન કી અવધ — આવવાની અવધી
કવન — કોણ
ટોના — જાદુ

પદ ૧૦૨ થોરી — થોડી
બરતિ — વૃત્તિ
જોરી — જોડી

પદ ૧૦૪ શામરી — શામળી
પ્રોહી — પરોવી
પરસોં — સ્પર્શ્યાં
ઓહી — તેમના

પદ ૧૦૬ મહારિપુ — મોટો શત્રુ
ઠારનહારો — નાશ કરનાર

પદ ૧૦૭ સુરાજે — શોભે છે
અવની પર — પૃથ્વી પર

પદ ૧૦૮ મન ભાઈ — મનમાં ભાવી

પદ ૧૦૯ દિન દિન થાર જીમાવે – દિવસે દિવસે થાળ જમાડે
અસ – આવા
વારિ – જળ, પાણી
જીમતા – જમતા
પાવે – પ્રાપ્ત કરે

પદ ૧૧૦ ટારી – ટાળી
સુખરાશિ – સુખસાગર, સુખનો ઢગલો

પદ ૧૧૨ તડાગ – તળાવ
સિધારે – પધારે

પદ ૧૧૩ બિતે – વિત્યા
પ્યાસ – તરસ
પ્રોક્ષ – પરોક્ષ
ઉઘરી – ઊઘડી
પદકમલ – ચરણકમળ
પરી – પડી

પદ ૧૧૪ નિગમ – વેદ
સમરન – સ્મરણ
ભક્તાવત્સલ – ભક્તાધિન
ખુવારી – વિનાશ
પારી – પાર કર્યું

પદ ૧૧૫ સૂધા – અમૃત
વ્યાલ – સર્પ, ચિત્તો

પદ ૧૧૬ દેખાસી – દેખાડી
લહી – લઈ

પદ ૧૧૭ પેખત – જોઈને
મદન – કામદેવ

લજાઈ — લજ્જા પામવું
કુટિલ — વાંકી
ઉભય શ્રવન — બન્ને કાન
તામહિ — તેમાં
હરખ — હર્ષ, આનંદ
મનરંજન — મનને આનંદ પમાડનાર
ખંજન — હસતાં ગાલમાં પડતા ખાડા
મીન — માછલી
શુક તુંડ સમ — પોપટની ચાંચ જેવું
નાસા — નાક
બરનું — વર્ણવું
નવીન જલદ — નવું કમળ
બલ જાઈ — વારી જવું

પદ ૧૧૮ સકુચાઈ — સંકોચાઈ જવું
દશન — દાંત
કુંદ — મોગરાની કળી
કંબુ કંઠ — શંખ જેવો કંઠ
પ્રથુલ અંશ — પુષ્ટ ખભા
રુચિર — મનોહર
બાહુ — હાથ
બિશાલ — વિશાળ
મૃગરાજ — સિંહ
વિષદ — વિશાળ
પોયણ કર — હસ્ત કમળ

પદ ૧૧૯ વરનવું — વર્ણવું
પંચાનન કટિ — સિંહ જેવી કમર
કાંચિ — કંદોરો

ઉરુ — સાથળ
કેલ સમ — કેળ સમ
જાનું — ગોઠણ
મચ્છ — માછલી
કેતુ — ધ્વજ
ગૌર — ગૌર વર્ણ, ઉજળું
મૃદુલ — કોમળ
પેંની — પાની
ત્રિપુરારિ — મહાદેવ, શિવ
ભાનુ — સૂર્ય
તુંણીર્વર — ધનુર્ધારી

પદ ૧૨૦ વર — શ્રેષ્ઠ
અંગુલિ — આંગળી
ઈન્દુ — ચંદ્ર
દક્ષ પદ — જમણા ચરણે
વરનું — વર્ણવું

પદ ૧૨૨ યાર — મિત્ર
મોતીયન — મોતીનો
ન દિજ્યો બિસાર વે — વિસારી ન દેજો

પદ ૧૨૩ બેન — વેણ
કબહું — ક્યારેય પણ
મેન — કામદેવ

પદ ૧૨૪ બસ કર ડારી — વશ કરી લીધી
યારી — મિત્રતા
શૃંગાર — શણગાર
નિશ વાસર — રાત દિવસ

પદ ૧૨૫ નવલ નિત — નિત્ય નવીન

પદ ૧૨૬ હાસ – હાસ્ય
કસત – કસીને બાંધવું
પદ ૧૨૭ સબ જીયનકો – સર્વ જીવો માટે
પદ ૧૨૮ નેનકે નેરે – આંખો આગળ
લોચન – નેત્ર
મોચન – નાશ
ચેરે – દાસ
પોયન પાન – પીપળાનું પાન
હેરે – નિહાળવું જોવું
પદ ૧૨૯ અધમ ઉધાર – પાપીઓનો ઉદ્ધાર કરનાર
પૂરનકામ – પૂર્ણકામ
સલૂની – સલૂણી, સુંદર
પદ ૧૩૦ બાંય ગ્રહી – હાથ ઝાલી
ઓપે – શોભે
દુરાય – દુર્લભ
દર્શ – દર્શન
શિરનામી – માથું ઝુકાવી
પદ ૧૩૧ હમારી ઓર – અમારી પાસે
મોર – મારા
પદ ૧૩૨ નેન બાનકી – નેણ બાણ
કિર – જ્યોત
દીપ – દીવો
પદ ૧૩૩ ગજ અનુસારી – હાથી જેવી
વૃષલાલ – ધર્મલાલ, ધર્મપુત્ર
પદ ૧૩૪ કછુ ન સોહાત – બીજું કંઈ નથી ગમતું
પદ ૧૩૫ તુરંગ – ઘોડો
ભ્રુહ – ભ્રૂકુટિ

પદ ૧૩૭ વૃષદુલારે – ધર્મપુત્ર
ઘરબારી – ઘરબાર
કર જોરી – હાથ જોડી

પદ ૧૩૮ સૂધ – ખબર
બસૈયા – વસ્યા
ખબરી – ખબર

પદ ૧૩૯ ઘોરી – ઘોળી
તારી – તાળી
ઢોરી - ઢોળી

પદ ૧૪૦ ચૂવા ચંદન – એક પ્રકારનું ચંદન
અરગજા – સુગંધિત પદાર્થ
છીરકત – છાંટવું
ધારી – ધાર
ડફ – ડફલી
હોરી – હોળી

પદ ૧૪૧ કૌતુક – ખેલ, રમત

પદ ૧૪૨ આંગન – આંગણું

પદ ૧૪૪ ઝોરી – ઝોળી
ડારત – નાંખવું
દોરાદોરી – દોડાદોડ
ફાગ – વસંત, હોળીના ગીત
સુરાગ આલાપત – સુંદર રાગ ગાવવો
ચહુંકોરી – ચારે બાજુ
રંગમેં રોરી – રંગમાં રોળી
બોરી – બોળી
ભયોરી – થયો
કરોરી – કરોડ (સંખ્યા)

પદ ૧૪૫ શ્રીનગર – અમદાવાદ
બાજા – વાજાં
બરસાવત – વરસાવવું
મેઘ – વર્ષા, વાદળ
માટ – માટલું
રતિપતિ – કામદેવ

પદ ૧૪૬ મંજન કરન – સ્નાન કરવા
બાટમેં – રસ્તામાં, વાટમાં

પદ ૧૪૭ ઘરું – ઘર
કારજ – કાર્ય
સીજે – સરવું
મૃગમદ – કસ્તુરી

પદ ૧૪૮ મૃગ નયની – હરણ જેવી આંખોવાળી
કેલકે થંભ – કેળનો સ્થંભ
તોરન – તોરણ
ચહું દિશ – ચારે દિશામાં
નયન ફળ – દર્શનનું ફળ
અમૃમોર – આંબાનો મોર
કનક કલશ – સોનાનો કળશ

પદ ૧૪૯ જગ કારન – જગના કારણ
વધાવન કું – વધાવવા માટે
ચરણે લપટાઈ – ચરણમાં વળગી
રિઝાવે – પ્રસન્ન કરે
ફગુવા – વસંત ઋતુને લગતું

પદ ૧૫૦ મતવારી – મતવાલી
ગેહરે સ્વરે – ઘેરા સાદે
કરજોરી – હાથજોડી

પદ ૧૫૨ ત્રિવિધ તાપ – આધ્યાત્મ, અધિભૂત, અધિદૈવ એ ત્રણ પ્રકારના તાપ

તોરી – તોડી

જોરી – જોડી

કામ છબી – કામદેવ

પદ ૧૫૩ ન્યારે – દૂર, અળગા

ફૂલંદા હાર – ફૂલનો હાર

નિહારે – નિહાળવું, જોવું

પદ ૧૫૪ રેંટે – કમરે બાંધવાનું કપડું, પછેડી

પદ ૧૫૫ રૂપ ઉજાગર – પ્રકાશિત રૂપ

બરજોરી – બળપૂર્વક

પદ ૧૫૬ ચિરા – ચિર, વસ્ત્ર

પટપીરા – પીળું વસ્ત્ર

પદ ૧૫૮ જાદુ વે ગારે – જાદુ કરનાર

ધર્મદુલારે – ધર્મપુત્ર

પદ ૧૫૯ વિદેશવા – પરદેશ

આપુ – આપ, તમે

બાલાપન – બાળપણ

ધર્મદેવપુર – ધર્મદેવનું સ્થાન

પદ ૧૬૦ સૈયો – સૈયરો, સખીઓ

પાતિ – પત્ર

પઠાઈ – વંચાવ્યો

ત્યાર ભઈ – તૈયાર થઈ

ત્વરસેં – ઉતાવળથી

દરશ હિત – દર્શન માટે

પદ ૧૬૧ ખબરી – ખબર-અંતર

પદ ૧૬૩ ડારી – નાંખી

ભીંજ ગઈ – ભીંજાઈ ગઈ

ચુનરિયાં – ચુંદડી
મિજિ – મસળી, ચોળી
પદ ૧૬૪ રંગ બરસાઈ – રંગ વરસાવી
દેજું ગયો – દઈ ગયો
બૈયાં પકર કે – હાથ પકડીને
ઝકઝોરી – ઝાટકો મારવો
કંચુકી કસ – કાપડાંની દોરી
પદ ૧૬૫ ઝોરી – ઝોળી, થેલી
લેહું – લઈને
ચંદ લજાવે – ચંદ્રને શરમાવે
નૈહરવા – પિયર
નઈ – નવી
પદ ૧૬૬ મૈહરમોં – પિયરમાં
કટુ બચન – કડવાં વચન
તરછોરી – તરછોડી
પદ ૧૬૭ આઠો જામ – આઠે પહોર
પદ ૧૬૮ ગુલતાન – નિમગ્ન
તનકો ભાન – શરીરનું ભાન
પદ ૧૬૯ ઉર મોર – મારા હૃદયમાં
પદ ૧૭૦ કોટિક મેન – કોટિ કામદેવ
પદ ૧૭૧ કષ્ટ – દુઃખ
ટારી – ટાળી
શ્રીવત્સ – ભગવાનની છાતી ઉપર વાળનું ચોક્કસ
ઘાટનું ચિહ્ન
પદ ૧૭૨ પ્રોક્ષથી – પરોક્ષથી
પહિચાની – ઓળખી
ભ્રાંતિ – ભ્રમ, અજ્ઞાન

પદ ૧૭૩ સર્બો – સર્વે
જાહ્નવી નીર – ગંગાજળ
કૂપ – કૂવો
થાવે – થાય
સુમર લે – સ્મરણ કરી લે, ભજી લે
પદ ૧૭૫ ઈન શરને – એના શરણે
ભુક્તિ – આ લોકના ભોગ
મુક્તિ – કાળ, કર્મ, માયા તથા જન્મ-મરણથી છૂટકારો, પરમ ગતિ
છોરાઈ – છોડાવી
પદ ૧૭૬ બખાની – વખાણી
મુનમાની – મનમાની, મનમાં ઈચ્છેલી
પદ ૧૭૭ ભવજલ પારી – ભવજળ પાર થવું
વિન – વિના, વગર
પિતુ, માત, ભ્રાત, સુત – પિતા, માતા, ભાઈ, પુત્ર
પદ ૧૭૮ ગુમાની - ગર્વિલું
દીવાની – પાગલ
પીત બસન – પીળું વસ્ત્ર
પદ ૧૭૯ પૂરનકામ – પૂર્ણકામ
વિશ્રામ – આશ્રય સ્થાન
પદ ૧૮૧ હોરી રમાયકે – હોળી રમાડીને
પદ ૧૮૩ અંબર – આકાશ
નઈ સારી – નવી સાડી
પદ ૧૮૪ લખી – નિહાળી, નીરખી
પદ ૧૮૫ બેન – વાણી
સુખદેન – સુખ આપનાર
વિચ – વચ્ચે
અજ – બ્રહ્મા

પદ ૧૮૬ ફારી – ફાડી
ચૂનર ઝીની – ઝીણી ચૂંદડી

પદ ૧૮૭ બાદલ – વાદળ
સુરપતિ – ઈન્દ્ર

પદ ૧૮૯ દોઉ ભાઈ – નર-નારાયણ, શ્રીહરિ ને રામપ્રતાપભાઈ
રામ – રામપ્રતાપભાઈ

પદ ૧૯૧ વેદ ચારી – ચાર વેદ, (સામ, યજુ:, અથર્વ, ઋગ)
વ્રતધારી – નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતધારી

પદ ૧૯૨ હૈયાની હામી — હૈયાની હામ, ઈચ્છા

પદ ૧૯૩ ધાઈને — દોડીને

પદ ૧૯૪ રંગ લેરી — લહેરી, પોતાની મસ્તીમાં મસ્ત
કાંચની — સોનાનો કંદોરો

પદ ૧૯૫ ના'વે — નહાવે, નહાવું
બળભાઈ — રામપ્રતાપભાઈના ભાઈ ઘનશ્યામ મહારાજ

પદ ૧૯૬ નિગમ — વેદ
ગયા — એક તીર્થ
ગયા — જવું

પદ ૧૯૭ સાત પુરી – અયોધ્યા, મથુરા, હરદ્વાર, કાશી, કાચીં, ઉજ્જયિની અને દ્વારકા
ચાર ધામ – ઉત્તરમાં બદરીકેદાર, પૂર્વમાં જગન્નાથ પુરી, દક્ષિણમાં રામેશ્વર અને પશ્ચિમમાં દ્વારકા

પદ ૧૯૯ અરપન — અર્પણ

પદ ૨૦૧ રતિ — સ્નેહ, પ્રેમ

પદ ૨૦૨ ખ્યાલ — ખેલ, લીલા
ડારત — નાંખવું

પદ ૨૦૩ પુકારકું — પોકારીને, દઢપણે કહેવું

પદ ૨૦૪ મોરવા — મારું

પદ ૨૦૫ પોશાંગ — પોશાક, વસ્ત્રો
અલબેલવા — અલબેલો, ઉદાર, પરોપકારી, સુંદર
ગૈલ — રસ્તો, માર્ગ
અકેલવા — એકલા

પદ ૨૦૭ પંકજ — કમળ
લજારી — શરમાવું

પદ ૨૦૮ નવીન જલદ — નવું કમળ
ભમરવત કારી — ભમરા જેવી કાળી

પદ ૨૦૯ વદન — મુખકમળ
મરમ કે બચન — મર્મના વચન, રહસ્ય વચન

પદ ૨૧૦ ડગરમેં — રસ્તામાં
મગ — માર્ગ
મોર — મને

પદ ૨૧૨ બતિયાં — વાતો
બાંકી ભ્રુહક — વાંકી ભ્રકુટી, નેણ
વર — શ્રેષ્ઠ — ઉત્તમ
કસત — કપડું કસીને બાંધવું

પદ ૨૧૪ તોર્યો — તોડ્યો
ખોર્યો — ખોલ્યો
બેન — વેણ
કરેજવા — કાળજું
છોર્યો — છોડ્યો

પદ ૨૧૫ બૈયાં મરોરિ — હાથ મરડ્યો
કરકો કંગનવા — હાથની ચૂડી

પદ ૨૧૬ સદન – નિવાસ સ્થાન
વિકિ તાન – મધૂર તાન
કસન – કેડે બાંધવાનું વસ્ત્ર
દસન – દાંત
હસન – હાસ્ય
કુંદ — કસ્તુરી – મોગરો
હીયે – હૈયે

પદ ૨૧૭ બનહુંસે – વનમાંથી
બાવરી – ગાભરુ, બેબાકળી, ઘેલી

પદ ૨૧૮ અંબુજ – કમળ

પદ ૨૧૯ ઈતિ ઉત ભ્રમત – અહીં તહીં ભમવું
શ્રવત – નિતરવું
ઠાઢ રહે કર જોરી – હાથ જોડીને ઊભા રહ્યા
કરોરી – કરોડ (સંખ્યા)
સો દેખન – એને જોવા

પદ ૨૨૧ રૂપ લોભાની – આકર્ષિત કરે તેવી
રૂપનિધાન – રૂપનો સાગર

પદ ૨૨૩ નેનહુંકી સેન – આંખનો ઈશારો
ફૂલદામ – ફૂલનો હાર

પદ ૨૨૪ નેનકો નજારો – આંખનો ઈશારો
બનહુંમેં બસ કીની – વનમાં વશ કીધી
હરવા – હાર

પદ ૨૨૫ બરજ બરજ – વારે વારે
મોસે – મને
ગારી – ગાળ

પદ ૨૨૬ મધહું કી મખિયાં – મધમાખી
ઝખીયાં – માછલી

## શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩ | ૧ | આત્મામા | આત્મામાં |
| ૮ | ૨૬ | ઓપ્રલ | એપ્રિલ |
| ૧૦ | ૧૬ | સહજ ભાવ | સહજ ભાવે |
| ૧૭ | ૨૨ | કાર્યંને | કાર્યને |
| ૩ | ૧૮ | કલ્યાણ | કલ્યાણ |
| ૫ | ૨ | છાગાં | છોગાં |
| ૬ | ૧૯ | બિચ | બિચ |
| ૧૩ | ૨ | ભેરવી | ભૈરવી |
| ૧૯ | ૨૬ | સાગર | સાગર, |
| ૨૪ | ૨૨ | શીશ | શશી |
| ૨૫ | ૨૧ | સુદર | સુંદર |
| ૩૧ | ૨ | કાલિગડો | કાલિંગડો |
| ૩૨ | ૧૫ | ભેરવી | ભૈરવી |
| ૩૫ | ૧૧ | જહી | જેહી |
| ૩૯ | ૨૧ | તારે | ધારે |
| ૪૮ | ૬ | સલહી | સબહી |
| ૬૦ | ૨૩ | મો૦ ૧ | મો૦ ૪ |
| ૬૯ | ૨૩ | મોહ | મોહે |
| ૭૨ | ૨૧ | રયામ | શ્યામ |
| ૮૨ | ૮ | ભ્રહકબાન | ભ્રુહકબાન |